Website: http://www.allimagetool.com

# ૧૫

# ભાઈ!

ખાંભા ગામની એ આયરાણી હતી. આયરાણીને માથે બહુ વસમી વેળા આવી પડી. આયર મરી ગયો, અને દેશમાં દુકાળ પડ્યો. રાબ વિના છોકરાં રીડિયારમણ કરવા મંડ્યાં. દુખિયારી બાઈના મનમાં પોતાના ભાઈની એક જ ઓથ રહી હતી. પાડોશીને એ હાથ જોડી વિનવણી કરી: "બાપુ, એ દિવસ મારાં ગભરુડાંને ટીપું ટીપું રાબ પાજો, ત્યાં હું મારા ભાઈને ઘેર આંટો જઈને આવતી રહું છું."

મિતિયાળા ગામમાં પોતાનો સગો ભાઈ રહે છે. ખાંભેથી પોતે હોંશે હોંશે મિતિયાળે ગઈ. ઘરના બારણામાં જ ભાઈને ઊભેલો ભાળ્યો; પણ ભાઈને તો કળજુગે ઘેરી લીધો હતો.

"આ લેણિયાત ક્યાંથી આવી?" એટલું બોલીને આયર ઘરમાં પેસી ગયો. પાછલી છીંડીએ થઈને એણે પલાયન કર્યું. બહેને આઘેથી ભાઈને ભાગતો ભાળ્યો કે એના પગ ભારે થઈ ગયા. તોય દુઃખની મારી બહેન પિયરની ઓસરીએ પહોંચી. ભોજાઈએ પણ મોમાંથી 'આવો' એટલું ન કહ્યું. નેવાં ઝાલીને નણંદ ઊભી રહી. એણે ભાભીને પૂછ્યું:

"ભાભી! મારો ભાઈ ક્યાં ગયો?'

"તમારા ભાઈ તો કાલ્યુંના ગામતરે ગયા છે."

ધરતી મારગ આપે તો સમાઈ જાવાનું બહેનને મન

Website: http://www.allimagetool.com



થયું. એણે નિસાસો મૂક્યો. એ પાછી વળી ગઈ. ભાભી કહે : "રોટલા ખાવા તો રોકાઓ."

"ભાભી! હસીને જો સોમલ દીધું હોત તોય પી જાત." એટલું કહીને બહેન તો મૂંગી મૂંગી ચાલી નીકળી. પણ એની આંખમાં શ્રાવણ ને ભાદરવો વરસવા માંડ્યો. બોર બોર જેવાં પાણીડાં પાડતી ચાલી જાય છે. ઝાંપા બહાર ઢેઢવાડો છે. માથે લીંબડાની ઘટા ઝળૂંબી રહી છે અને છીંક આવે એવા ચોખ્ખાફૂલ ઓરડાની લીંપેલી ઓસરીએ જબ્બર ડિલવાળો જોગડો ઢેઢ બેઠો બેઠો હોકો પીએ છે. જોગડો બાઈને નાની હતી ત્યારથી ઓળખતો હતો. બહેનને જોતાં જ હરખમાં આવી જઈને રસ્તા ઉપર આડો ફર્યો; પૂછ્યું :

"કાં, બાપ, આમ રોતી કાં જા?"

"જોગડા ભાઈ! મારે માથે દુઃખના ડુંગરા થયા છે; પણ દુઃખ મને રોવરાવતું નથી, મારો માનો જણ્યો ભાઈ મને દેખીને મોઢું સંતાડે છે, ઈ વાતનું મને રોવું આવે છે."

"અરે, ગાંડી, એમાં શું રોવા બેઠી? હુંય તારો ભાઈ છું ના! ઊઠ, હાલ્ય મારી સાથે."

જોગડો એ બાઈને જીભની બહેન કહી અંદર લઈ ગયો. એક કળશી જુવાર લઈને ગાડું ભર્યું; રોકડી ખરચી આપી; પોતાના છોકરાને કહ્યું : "બેટા, ફુઈને લઈને ખાંભે મૂકી આવ્ય, અને આ દાણા ફુઈને ઘેર ઉતારી મેલજે."

ગાડું જોડીને છોકરો ફુઈની સાથે ચાલ્યો. વિધવા આયરાણી પોતાના મનમાં આ સંસારનાં સાચજૂઠ ઉપર વિચાર કરતી ચાલી ગઈ. તે દિવસથી જાણે એને પોતાનો ભાવાઈ ગયેલો માજાયો મળ્યો. અંતરમાંથી સંસારનાં ઝેર ઊતરી ગયાં.

Website: http://www.allimagetool.com



બહેન ગયા પછી જોગડાની બાયડી આવીને બોલી: "ભગત, મને લાગે છે કે તમારે ને મારે છેટું પડી જાશે."

"કેમ?"

"જુઓ, ભગત! છોકરો જો ખરેખર તમારા જ લોહીનો હશે, તો તો ગાડું ને બળદ એની ફુઈને આપીને આવશે; અને જો મારી જાતમાં કંઈ ફેરફાર હશે તો ગાડું-બળદ પાછાં લાવશે."

"અરે, મૂરખી! એવા તે વદાડ હોય! એ છોકરું, બાપડો એવી વાતમાં શું સમજે? એ તો મોટેરાંએ કહ્યું હોય એટલું જ કરે ને? અને આપણે કોઈ દી ક્યાં શીખવ્યું છે કે કહ્યું છે?"

"ભગત, જો શીખવવું કે કહેવું પડે, તો પછી નવ મહિના ભાર વેંઢાર્યો તેનું મા'તમ શું?"

બીજે દિવસે છોકરો હાથમાં એકલી રાશ ઉલાળતો ઉલાળતો ઘેર આવ્યો. સાંભળીને પૂછ્યું: "બેટા! ગાડું-બળદ ક્યાં?"

"ફુઈને દીધાં."

"કાં?"

"બાપા, તમે એના ભાઈ થઈને એને કાપડું દીધું અને હું ફુઈને ફુઇયારું ન આપી આવું?"

મા બોલી: "રંગ છે, બેટા! હવે ભગતનો દીકરો સાચો!"

૨

જે ભુજાએ જોગડે દાન દીધાં, તે જ ભુજામાં એક વાર એણે તલવારને રમાડી. તે દિવસ મિતિયાળામાં એભલ વાળાની ગાદી હતી. દુશ્મનોની ફોજે એક દિવસ મિતિયાળું ઘેર્યું અને જોગડો રણ ખેલવા ચડ્યો. મરવાની આગલી રાતે એની બાયડીએ કેવા કાલાવાલા કર્યા!

Website: http://www.allimagetool.com



**સારસ સાજી રાત, વલખે વલખે વાલમ જયું,**
**રહોને આજુ રાત, (અમારી) જોડ વછોડો મા જોગડા !**

હે જોગડા, તું સારસી ( ચક્રવાકી ) પંખિણી જેમ આખી રાત પોતાના નરને નદીને સામે કાંઠેથી સાદ કરતી કરતી ઝૂરી ઝૂરીને રાત કાઢે, તેમ મારી ગતિ કાં કરો ? આજની રાત તો રહો ! આપણી જોડી કાં તોડો ?

પણ જોગડાને તો સહુની મોખરે મરવું હતું — એ કેમ રોકાય ? ધીંગાણું કરીને સહુથી પહેલું એણે પોતાનું લોહી પોતાની જનમભોમને ઝાંપે છાંટ્યું.

ખાંભામાં જોગડાની જીભની કીધેલી આયર બહેન ઓરડાના કરા ઉપર નિસરણી માંડીને ગાર કરતી હતી. ત્યાં કોઈએ ખબર આપ્યા : “ તારો ધરમનો માનેલો વીર જોગડો ધીંગાણામાં કામ આવ્યો. ”

સાંભળીને બાઈએ નિસરણીની ટોચથી પોતાના શરીરનો ઘા કર્યો; ધબ દેતી નીચે પડી; માથું ઢાંકીને મરશિયા માંડ્યા. માનવીની ને પશુની છાતી ભેદાય તેવા મરશિયા એના મીઠા ગળામાંથી ગળી ગળીને નીકળવા લાગ્યા :

**વણકર અને વણાર, નાતે પણ નેડો નહિ,**
**(પણ) ઝણને રોઉં ગજમાર, તારી જાત ન પૂછું જોગડા !**

હે ભાઈ જોગડા, તું લૂગડાં વણવાનું કામ કરનારો ઢેઢ હતો અને હું તો વણાર શાખની આયરાણી છું. નાતજાતના હિસાબે તો આપણી વચ્ચે કાંઈયે સંબંધ નથી, પણ હું તારી હલકી જાત સામે શું જોઉં ? હું તો તારી ખાનદાનીને રડું છું, હે હાથીઓના હણનારા જોદ્ધા !

આયરાણી ગાતી ગાતી રાતે પાણીએ રોવા લાગી. એના વિલાપના સૂર સાંભળી સાંભળીને માણસો ખાતાં ખાતાં બેઠાં થઈ ગયાં; જોગડો બધાયને પોતાના ભાઈ જેવો લાગ્યો. આયરાણીએ જોગડાના ધીંગાણાની કલ્પના કરી.

Website: http://www.allimagetool.com



**રાંપીનો* રાખણહાર, કલબાં લે વેતરણ કિયા,**
**વીજળી તણો વિચાર, તેં કિ જાણ્યો જોગડા!**

હે વીરા જોગડા, તું તો રાંપી લઈને મરેલા ઢોરનાં ચામડાં ચીરવામાં કુશળ કહેવાય. એને બદલે તેં તલવાર લઈને શત્રુઓને ચીરી નાખ્યા. તને તલવાર વાપરવાની યુક્તિ આપોઆપ કયાંથી સૂઝી ગઈ?

વિલાપ આગળ વધે છે, નવી કલ્પનાઓ ઊગે છે. હૈયામાં જાણે હરિ જાગે છે:

**આગે છેલ્લી ઊઠતો, પે'લી ઊઠયો પાંત,**
**ભૂંપાંમાં પડી ભ્રાંત, જમણ અભડાવ્યું જોગડા!**

હે જોગડા ભાઈ, તું તો ઢેઢ. જમણમાં તારે તો હંમેશાં સહુથી છેલ્લે બેસવાનો વારો આવે, પરંતુ આ જુદ્ધરૂપી જમણમાં તું તો પહેલી જ પંગતમાં બેસી ગયો. સહુથી પહેલવહેલો ત્રાટકીને મર્યો. તેં તો બીજા ભૂપતિઓનું ભોજન અભડાવી માર્યું, એટલે કે તેઓની કીર્તિને ઝાંખી પાડી.

**આગળ કટક ઓરતો, કોલું આગ કરે,**
**એભલ કાંઉ ઓરે, (હવે) જાંગી ભાગ્યો જોગડા!**

હે એભલ વાળા દરબાર, તારા સૈન્યરૂપી ચિચોડામાં તું અત્યાર સુધી તો શત્રુઓરૂપી શેરડીના સાંઠાને ઓરતો હતો, પણ હવે તું શી રીતે એ ચિચોડામાં શેરડી ઓરીશ? કેમ કે એ ચિચોડાની જાંઘરૂપી જે જોગડો, તે તો ભાંગી ગયેલ છે. ચિચોડો ફરશે જ શી રીતે?

**શંકરને જડિયું નહિ, માથું ખળાં માંય,**
**તલ તલ અપસર તાય, જે જધ માંચ્યે જોગડા!**

---

* આ વિષે બે મત છે; કોઈ કહે છે કે જે ઢેઢ ચાંપરાજ વાળાની સાથે રહી જેતપુર બાદશાહની ફોજ સામે મર્યો તેનું નામ જોગડો. (જુઓ 'રસધાર' ભા. ૧, 'ચાંપરાજ વાળો.') બીજો મત એમ છે કે, ચાંપરાજ વાળાનો સાથી ઢેઢ નહોતો, ઝાંપડો હતો. જોગડો ઢેઢ તો મિનિયાળે સાવ એભલ માંહેલાં એભલની સાથે થયો અને શત્રુની ફોજ સામે મરાયેલ

Website: http://www.allimagetool.com



શંકરની ઘણીય ઇચ્છા હતી કે તારા જેવા વીરનું માથું લઈ પોતાની રૂંઢમાળામાં પરોવી લેવું. પણ એને એ માથું યુદ્ધક્ષેત્રમાં હાથમાં જ ન આવ્યું, કેમ કે એને વરવા તો એટલી બધી અપ્સરાઓ ઊતરી હતી કે એ બિચારીઓને એના શરીરનો તલ તલ જેટલો ટુકડો વહેંચી લેવો પડચો.

**મુંઘા માલ મળ્યે, સુંઘા સાટવીએ નહિ,**
**મૂંઘાં કોણ ખમે, જાત વન્યાના જોગડા!**

હે ભાઈ જોગડા, ડાહ્યા હોઈએ તો તો જ્યાં સુધી મોંઘી ચીજ આપણાથી લઈ શકાય ત્યાં સુધી સોંઘી ન લઈએ, કારણ કે જાતવંત વસ્તુ હોય તે જ આપણો ભાર ખમી જાણે. તકલાદી હોય તે આપણી ભીંસ કેવી રીતે સહી શકે? એવી જ રીતે, તારે ને મારે થયું. મારો સગો ભાઈ ભલે સોંઘો એટલે સુલભ હતો પણ ખાનદાન નહોતો, તેથી મારો ભાર ન વેંઢારી શકચો. અને તું પરનાતીલો હતો — અરે ઢેઢ હતો, છતાંય જાતવંત હોવાથી તેં મને બરાબર કટોકટીને ટાણે ઉગારી.

આયરાણીએ એના વીરને સંભારી સંભારી આંખોનાં આંસુ અને હૈયાના મરશિયા ઠાલવ્યે જ રાખ્યા. એની આંખોનાં પોપચા ફૂલી ગયાં. એનું જગત ઉજ્જડ થઈ ગયું.

Website: http://www.allimagetool.com

# ૧૬

# કાનિયો ઝાંપડો

મહારાજને આથમવાનું ટાણું થતું હતું. તે વખતે સીમમાંથી રખોલિયાએ હાંફતાં હાંફતાં આવી સુદામડા ગામે વાવડ દીધા કે સીમાડે ખેપટ ઊડતી આવે છે. માળિયાના મિયાણાનું પાળ એકસામટી સો સો બંદૂકો સાથે સુદામડા ભાંગવા ચાલ્યું આવે છે.

સાંભળીને દરબાર શાદૂળ ખવડના માથામાં ચસકો નીકળી ગયો. આજ એને પોતાની આબરૂ ધૂળ મળવાનું ટાણું આવ્યું લાગ્યું. એના તમામ કાઠીઓ ગામતરે ગયા હતા. ગામમાં ઘરડાં-બુઢ્ઢાં વિના કોઈ લડનારો ન મળે. હથિયાર હતાં નહિ, તેમ હથિયાર બાંધી જાણે તેવી વસ્તીયે નહોતી. ઘડીક વાર તો લમણે હાથ દઈને શાદૂળ ખવડ બેસી રહ્યા.

'પાળ આવે છે! મિયાણાનું મોટું પાળ આવે છે!' એવો પોકાર આખા સુદામડામાં પડી ગયો, અને એ પોકાર સાંભળ્યા ભેળા તો લોકો ઘરમાંથી ધમાકા દેતાં બહાર આવ્યાં. કાઠિયાણીઓ સાંબેલાં લઈ લઈને ઉંબરે ઊભી રહી. છોકરાં તો પા'ણાની ઢગલી કરી શત્રુઓની સામે ધીંગાણું મચાવવા ટોળે વળ્યાં.

કોઈએ કહ્યું કે, "બાપુ મૂંઝાઈને બેઠા છે: હથિયાર નથી, માણસ નથી, ગામ લૂંટાશે. બાઈયુંને માથે તરકડાઓના હાથ પડશે. એટલે બાપુ તલવાર ખાઈને મરશે!"

"અરે માર્યાં! માર્યાં! અમે શું ચૂડિયું પે'રી છે?" નાનાં નાનાં ટાબરિયાં અને ખોખડધજ બુઢ્ઢા બોલી ઊઠ્યાં.

"અને અમે ચૂડલિયુંની પે'રનારિયું શું તાણી કાઢેલ છીએ તે એમ અમારે માથે પારકા હાથ પડવા દેશું? અમારો ચૂડલો જેને માથે ઝીંકશું એની ખોપરીનાં કાચલાં નહિ ઊડી જાય? જાવ, બાપુ પાસે, અને એને હરમત આપો."

વસ્તીના જે દસ-વીસ માણસો હતા તે શાદૂળ ખવડની ડેલીએ ગયા; જઈને હોંકારા કરી ઊઠચા કે, "એ આપા શાદૂળ! એલા શાદૂળો થઈને આમ કયારનો વિચાર શું કરછ? અમારાં ખોળિયામાં પ્રાણ છે ત્યાં સુધી બાપડા મિયાણા શું સુદામડાનો ઝાંપો વળોટી શકે? અરે, હથિયાર બાંધ્ય. તારા ગામની બાયડિયું કછોટા વાળીને ઊભી થઈ ગઈ છે."

ત્યાં એક વાઘરણ બોલી: "અરે બાપ શાદૂળ ખવડ! અમે બધાંય તો સુદામડાનાં ધણી છયેં. તે દી લાખા કરપડાએ નીંભણી નદીને કાંઠે ગામ બધાંને શું નહોતું કહ્યું કે, 'સુદામડા તો સમે માથે!' તે દીથી આખી વસ્તી ગામની સરખી ભાગીદાર થઈ છે. તારી ડેલી અને અમારા કૂબા વચ્ચે ફરક નથી રહ્યો. સુદામડાને માથે માથાં જાય નાય શું? ધણી છયેં!"

'હા! હા! અમે બધાં સુદામડાનાં સરખે ભાગે ધણી છીએ.'—એમ આખી વસ્તી ગરજી ઊઠી.

સંવત ૧૮૦૬ની અંદર આખું ગામ એક શત્રુ સામે લડ્યું હતું. તે દિવસથી જ 'સમે માથે સુદામડા'ના કરાર થયેલા. એટલે કે આખી વસ્તીને સરખે ભાગે ગામની જમીનની વહેંચણી થઈ હતી તે વાત ગામની વાઘરણ પણ નહોતી વીસરી.

એક ઝાંપડો પણ એ વખતે ત્યાં ઊભો હતો. 'એલા, ઝાંપડા રે'! છેટો રે'!' એમ સહુ એને હુડકારતાં હતાં. ત્યાં તો

Website: http://www.allimagetool.com



એની સામે આંગળી ચીંધીને એની વહુ કહેવા લાગી : "અને એ શાફળ બાપુ! આ મારો ધણી કાનિયો તમને શૂરાતન ચડાવવા ભૂંગિયો વગાડશે. ઈ યે સુદામડાનો ભાગીદાર છે. અને રોયા ! સુદામડા સારુ જો તું આજ મરીશ નહિ ને, તો હું તને ઘરમાં નહિ ગરવા દઉં !'

ઝાંપડો હસ્યો, કાંઈ બોલ્યો નહિ, પણ ગળામાં કોઠી જેવડો ઢોલ ટાંગીને પોતાના રાકોઠી હાથ વડે તરઘાયો વગાડવા માંડ્યો. એની જોરાવર દાંડી પડી, એટલે જાણે કે આસમાન ગુંજવા લાગ્યું. એનું નામ કાનિયો ઝાંપડો.

"એલા, ગાડાં લાવો, ઝટ ગાડાં ભેળાં કરો." એવી હાકલ પડી. કાનિયાને તરઘાયે કાયરને છાબડે પણ હરિ આવ્યા.

હડેડાટ કરતાં ગાડાં આવી પહોંચ્યાં. ધબોધબ ગામના ઝાંપા બંધ થયા, અને ઝાંપા આડાં આખા ગામનાં ગાડાં ઠાંસી દીધાં. એની આડા દસ દસ માણસો તલવાર લઈને ઊભા રહ્યા. ઝાલર ટાણું થઈ ગયું. ગામનો બાવો ધ્યાન ધરીને ઠાકર મા'રાજની આરતી ઉતારવા મંડ્યો. પાંચ શેર પિત્તળની એ ઊજળી આરતીમાંથી દસ દસ જ્યોતના ઝળેળાટ ઠાકર મા'રાજના મોઢા પર રમવા મંડ્યા. ટપૂડિયાં છોકરાં હાંફતાં હાંફતાં એ ચોરાના તોતિંગ નગારા ઉપર દાંડીના ઘા દેવા લાગ્યાં. અને બીજી બાજુ ઝાંપા બહાર આછા આછા અંધારામાં નીંભણી નદીને કાંઠે દુશ્મનોની બંદૂકની જામગરીઓ ઝબૂકવા માંડી.

ઓલી વાઘરણનો કૂબો બરાબર ઝાંપાને પડખે જ હતો. એના ઘરમાં શિકાર કરવાની બંદૂકમાં દારૂગોળી ધરબીને જામગરી ઝેગવી વાઘરણે પોતાના ધણીના હાથમાં દીધી અને કહ્યું : "એય રોયા ! તેતર ને સાંસલાં તો રોજ

Website: http://www.allimagetool.com



મારછ, તઈ આજ એકાદ મોવડીને મારીને ગામનું ધણીપણું તો સાચું કરી દેખાડય!”

વાઘરીને ચાનક ચડી. હાથમાં બંદૂક લઈને ગાડાના ગૂડિયા વચ્ચે ગોઠવાઈને એ બેસી ગયો. મિયાણા આવી પહોંચ્યા. મોખરે એનો સરદાર લખો પાડેર ચાલ્યો આવતો હતો. લખા પાડેરના હાથમાં જે જામગરી ઝગતી હતી તેના અજવાળામાં એની રાક્ષસી કાયા બરોબર ચોખ્ખી દેખાતી હતી. એને દેખતાં જ કૂબાને ઓટે ઊભાં ઊભાં વાઘરણે વાઘરીને ચીસ પાડી :

“એય પીટયા! જોઈ શું રિયો છો? દે, દે, ઈ મોવડીના કપાળની ટીલડીમાં નોંધીને કર ભડાકો! ને કાંચલા કરી નાખ્ય એની ખોપરીના. દે ઝટ, ચાર જુગ તારું નામ રેશે.”

પણ વાઘરીના હાથ કંપવા મંડચા. બંદૂક ફોડવાની એની છાતી ન ચાલી. માથે વીજળી પડી હોય એવો એ ત્યાં ને ત્યાં સજ્જડ થઈ ગયો. તે વખતે એક સુતાર હાથમાં હાથલો લઈને ઊભો હતો. કાનિયાએ તરઘાયા ઢોલ પર ડાંડી નાખી, ત્યાં સુતારનું સત જાગી ગયું. એના મનમાં અજવાળું થઈ ગયું કે, ‘હાય હાય! હુંય સુદામડાનો સરખો ધણી! અને આવો લાગ જાય!’

એણે દોટ દીધી. વાઘરીના હાથમાંથી ઝૂંટવીને એણે બંદૂક ખભે ચડાવી. લખા પાડેરના કપાળ સામે નોંધી, દાગી, અને હડુડુડુ દેતી ગોળી છૂટતાં વાર જ લખાની ખોપરીમાં ‘ફડાક!’ અવાજ થયો. હરદ્વારના મેળામાં કોઈ જોરદાર હાથની થપાટ વાગતાં દૂબળા સાધુડાના હાથમાંથી સવાશેર ખીચડી સોતું રામપાતર ઊડી પડે તેમ લખાની ખોપરી ઊડી પડી. જીવતરમાં પહેલી જ વાર હાથમાં બંદૂક ઝાલનારા એ સુતારે રંગ રાખી દીધો.

અને પછી તો ‘ધો! ધો!’ એમ દેકારો બોલ્યો.

Website: http://www.allimagetool.com



પાડેર પડ્યો અને અંધારામાં મિયાણા આકુળવ્યાકુળ થયા. મનમાં લાગ્યું કે ઝાંપામાં કોણ જાણે કેટલા જોદ્ધા બેઠા હશે. ગોકીરો પણ કાળા ગજબનો થઈ પડ્યો. પથરા છૂટ્યા. મિયાણાઓની જામગરીઓ બંદૂકોના કાનમાં ચંપાવા લાગી. ભડાકા થયા. પણ ગોળીઓ ઠણણણ દેતી ગાડા સાથે ભટકાઈને ભોંયે પડવા મંડી. તોય એ તો મિયાણાની બંદૂકો ! કંઈકને ઘાયલ કરીને લખા પાડેરની લાશ લેતા કે મિયાણા રવાના થયા.

ઝાંપા ઉપર તો રંગ દાખી દીધો. પણ કાનિયો ઢોલી ગોતે છે કે, 'આપો શાદૂળ ક્યાં ?' ઝાંપે ડંકતા ડંકતા જે ઘાયલો પડ્યા હતા તે કહે : "કાનિયા ! આપા શાદૂળને ગોત, એને બચાવજે."

કાનિયો ઢોલી ધણીને ગોતવા લાગ્યો.

હાથમાં ઉઘાડી તલવાર લઈને આપો શાદૂળ ગઢની રાંગે રાંગે અંદરથી તપાસતા તપાસતા ચાલ્યા જાય છે. બીજું કોઈ આદમી એની પાસે નથી. એને ફડકો હતો કે ક્યાંક શત્રુઓ ગઢ ઉપરથી ઠેકીને ગામમાં પેસી જાશે.

મિયાણા પણ બહારને રસ્તે બરાબર ગઢની રાંગે રાંગે ચાલ્યા જતા હતા, એવામાં તેઓએ ગઢની દીવાલમાં એક નાનકડું ગરનાળું દીઠું. લાગ જોઈને મિયાણા અંદર પેસવા લાગ્યા, અને પડખે હાડકાંનો એક મોટો નળો પડ્યો હતો, એ ઉપાડીને મિયાણાએ આપા શાદૂળને માથે ઝીંક્યો. મિયાણાના પ્રચંડ ઘાએ આપો શાદૂળ બેહોશ બનીને ધરતી ઉપર ઢળી પડ્યા.

પણ ત્યાં તો 'ધડ! ધડ! ધડ!!' — એમ કોણ જાણે એકસામટી કેટલી તલવારના ઝાટકા મિયાણાઓને માથે તૂટી પડ્યા. ભૂતનાથના ભેરવ જેવા કદાવર અને ખૂની મિયાણા, મોટા પહાડને માથેથી પથરા પડે તેમ ધરતી

Website: http://www.allimagetool.com



ઉપર પડવા લાગ્યા. આ કોની તલવારો ઝીંક બોલાવે છે તે જોવા ઊંચી નજર કરવાનીયે વેળા નહોતી. 'આ લે! આ લે! લેતો જા!'—એમ ચસકા થાતા જાય છે ને તલવારના ઝાટકા પડતા જાય છે. શત્રુઓનો સોથ વળી ગયો. સામસામી તલવારોની તાળી બોલી ગઈ. પણ કોણ કોને મારે છે તેની અંધારે ગમ ન પડી. મિયાણા ભાગ્યા, અને ભાગ્યા તેટલા પણ દ્વારકાના જાત્રાળુની જેમ સુદામડાની જાત્રાનાં એંધાણ તરીકે તલવારના ઝાટકાની દ્વારકાછાપ લેતા ગયા.

એ છાપો દેનારી ભુજા કોની હતી? એ અંધારામાં કોણ, કેટલા જણા વારે આવી પહોંચ્યા હતા? બીજું કોઈ નહિ. એકલો કાનિયો જ હતો. કાનિયો બાપુને ગોતતો હતો. બરાબર ટાણે એ આવી પહોંચ્યો. બાપુનો બેહોશ દેહ પટકાઈને પડ્યો હતો. તેની જ કમરમાંથી કાનિયે તલવાર ખેંચી લીધી. અને અંધારામાં એની એકલી ભુજાએ પંદર પંદર ઝાટકા સામટા પડ્યા હોય એટલી ઝડપથી તલવાર આછટી. એણે એકલાએ દેકારો બોલાવ્યો. સુદામડાને સહુથી વધુ બચાવનાર એ કાનિયો હતો.

આપા શાદૂળની કળ ઊતરી, એણે આંખો ઉઘાડી. પડખે જુએ ત્યાં પચીસ-પચીસ ઘામાં કટકા થઈ ગયેલો કાનિયો પડ્યો છે.

"બાપુ! સુદામડા —" એટલું જ એ બોલી શક્યો. પછી એના પ્રાણનો દીવો ઓલવાઈ ગયો.

સવારે ચોરામાં ડાયરો ભરાણો. મરેલાઓને દેન દેવાની તૈયારી થતી હતી. બધી લાશો સામે પડી હતી. એ ટાણે માણસોના અફસોસ ઉડાડવા માટે ગઢવીએ પોરસનાં કાઢ્યાં :

"ખમા! ખમા તને, આપા શાદૂળ! આજે તેં

Website: http://www.allimagetool.com



કાઠિયાણીની કૂખ ઉજાળી! જોગમાયાએ સુદામડાનું નાક રાખ્યું. વાહ રણના ખેલણહાર!"

૧

છોહડાં રણભડાં કે' એમ સાદો,
લોહ ઝડાકા બેસલડાં,
ભડ ઊભે ઝાંપો ભેળાયે,
(તો) ભડ છે જીવન એહ ભડાં.

શાદૂળ ખવડ કહે છે: "હે બળવાન જોદ્ધાઓ, હે તલવારોના સાધેલા નરો, તમે હાજર હો છતાં જો ગામના દરવાજામાં દુશ્મનો દાખલ થઈ જાય, તો એવા શૂરવીરોનું જીવતર ધૂળ મળ્યું."

૨

એમ મરદ લુણાઓત આખે,
સાણજો મહલાં નરાં સરાં,
નર ઊભે ભેળાય નીગરું,
તો નાનત છે એહ નરાં.

લૂણા ખવડનો પુત્ર શાદૂળ કહે છે કે, "હે પુરુષો, સાંભળજો, કે જો મરદ ઊભો હોય છતાં ગામ લૂંટાય, તો તો એવા મરદને લાંછન હજો."

૩

વળગ્યા ગઢે માળિયાવાળા,
માટીપણારા ભરેલ મિંયા,
પોતે ચકચૂર થિયો પવાડે,
એમ કેક ભડ ચકચૂર કિયા.

માળિયાવાળા મિયાણા લૂંટારા, કે જે મરદાનગી ભરેલા હતા, તે સુદામડાના ગઢ ઉપર તૂટી પડ્યા. એ વખતે બહાદુર શાદૂળ ખવડ મરણિયો બન્યો અને બીજા કંઈકને એણે શૂરાતન ચડાવ્યાં.

૪

સાદે ગઢ રાખ્યો સુદલપર,
દોખી તણો ન લાગે દાવ,
એમ કરી કસળે ઊગરિયો,
રંગ છે થાને, ખવડારાવ.

સુદામડાનો ગઢ શાદૂળ ખવડે એવી રીતે બચાવી દીધો. દુશ્મનોને લાગ ફાવ્યો નહિ. એ રીતે શાદૂળ ખવડ, તું યે ક્ષેમકુશળ ઉગરી ગયો. ખવડોના રાજા, રંગ છે તને.

પોતાના પરાક્રમનું ગીત સાંભળી શાદૂળ ખવડે ઉદાસ મુખે ડોકું હલાવ્યું.

ચારણ પૂછે છે : “ કાં, બાપ ! કાંઈ મોળું કહ્યું ? ”

“ ગઢવા ! કવિની કવિતાયે આભડછેટથી બીતી હશે કે ? ”

“ કાંઈ સમજાણું નહિ, આપા શાદૂળ ! ”

“ ગઢવા ! તમારા ગીતમાં મારો કાનિયો ક્યાં ? કાનિયાના નામ વિનાની કવિતાને હું શું કરું ? ”

ચારણને ભોંઠામણ આવ્યું. એણે ફરીથી સરસ્વતીને સાદ કર્યો. બે હાથ જોડીને એણે દિશાઓને વંદના દીધી, ત્યાં એની જીભમાંથી વેણ ઝરવા મંડયાં —

[ ગીત – જાંગડું ]

અડડ માળિયો કડડ સુદામડે આફળ્યો,
ભજ નગર વાતનો થિયો ભામો,
કોડ અપસર તણા ચૂડલા કારણે,
કૂંડલાનો વાળતલ ગિયો સામો

માળિયાના મિયાણા સુદામડા ઉપર તૂટી પડયા, જાણે કે ભુજ [illegible] નગર વચ્ચે યુદ્ધ મંડાયું. એ વખતે રણક્ષેત્રમાં મરીને અપ્સરાઓને [illegible]ર.ના કાંઠેથી એક ઝાટ કાઢનાર જંગી શત્રુઓ સામે ગયો.

Website: http://www.allimagetool.com



વરતરિયા તણો નકે રીઓ વારીઓ,
ઘઘુંભ્યો પાળ ને ચડ્યો ઘોડે,
ઢોલના વગડાવતલ કેમ નવ ધડકીઆ,
ઢોલનો વગાડતલ ગિયો ઘોડે.

પોતાની બાયડીનો વાર્યો પણ એ ન રહ્યો. લશ્કર તૈયાર થયું. પોતેય ઘોડે ચડ્યો, અને એની પાસે ઢોલ વગડાવનારાઓ — શૂરવીરોને તો હજી શૌર્ય ચઢતું રહ્યું. ત્યાં તો ઢોલ વગાડનારો પોતે જ રણઘેલો બનીને દોડ્યો.

વીભડા તણાં દળ કરમડે વાઢીઆં,
સભાસર આટકે લોહી સૂકાં,
અપસરાં કારણે ઝાટકે આટકી,
ઝાંપડો પોળ વચ થિયો ઝૂકા.

શત્રુઓનાં ટોળાંને એણે તલવારથી કાપી નાખ્યાં. અપ્સરાઓને વરવાનો ઉત્સાહી એ કાનિયો ભંગી લડીને આખરે શેરી વચ્ચે મર્યો.

ભડચા બે રખેહર જેતપર ભોંયરે,
વજાડી આગ ને, આગ વધકો,
રંગે ચડ્યો ગામને, સામે કસળે રિયા,
એટલો કાનિયાનો મરણ અધકો.

અગાઉ પણ બે અછૂતો લડેલા હતા : એક જેતપુરમાં ચાંપરાજ વાળાના યુદ્ધ વખતે ને બીજો ભોંયરગઢની લડાઈમાં. તે બન્નેએ પણ પોતાના ગામને ખાતર ખડ્ગ વાપર્યાં. પણ કાનિયાનું મરણ તો એથીયે અધિક છે, કેમ કે એક તો એણે ગામને વિજયનો રંગ ચડાવ્યો, ને વળી પોતાના માલિકને એણે કુશળ રાખ્યા.

Website: http://www.allimagetool.com



# ચમારને બોલે

વાંકાનેરના દરબારમાં આજ રંગરાગની છોળો ઊડે છે. ગઢમાં માણસો તો શું, પણ કૂતરાં-મીંદડાંયે ગુલતાનમાં ડોલે છે. ઓરડામાં વડારણોનાં ગીતો ગાજે છે અને દોઢીમાં શરણાઈઓ પ્રભાતિયાંના સૂર છેડીને વરરાજાને મીઠી નીંદરમાંથી જગાડે છે. દરબારના કુંવર પરણે છે. વાંકાનેરની વસ્તીને ઘેર સોનાનો સૂરજ ઊગ્યો છે.

આખું ગામ જ્યારે હરખમાં ગરકાવ હતું, ત્યારે એક માનવીના હૈયામાંથી અફસોસના નિસાસા નીકળી રહ્યા છે. આખી રાત એણે પથારીમાં આળોટી આળોટીને વિતાવી છે: મટકુંયે નથી માર્યું. જાગીને મનમાં મનમાં ગાયા કર્યું છે કે—

**વીરા, ચાંદલિયો ઊગ્યો ને હરણ્યું આથમી રે,**
**વીરા, ક્યાં લગણ જોઉં તમારી વાટ રે,**
**મામેરા વેળા વહી જાશે રે.**

ડેલીએ જરાક કોઈ ઘોડા કે ગાડાના સંચાર થાય ત્યાં તો આશાભરી ઊઠીઊઠીને એણે ડેલીમાં નજર કર્યા કરી છે. પણ અત્યાર સુધી એ જેની વાટ જોતી હતી તે માડીજાયાના ક્યાંયે વાવડ નથી.

એ શોકાતુર માનવી બીજું કોઈ નહિ, પણ વરરાજાની ખુદ જનેતા છે. જેનું પેટ પરણતું હોય એને અંતરે વળી હરખ કેવા? એને તો કંઈક કંઈક રિસામણાનાં

Website: http://www.allimagetool.com



મનામણાં કરવાના હોય, સંભારી સંભારી સહુ સગાંવહાલાંને લગ્નમાં સોંડાડવાનાં હોય.

એ બધું હોય, પણ વાંકાનેરના રાજકુંવરની માતાને હૈયે તો બીજી વધુ અણીદાર બરછી ખટકતી હતી. રાજાજી આવી આવીને એને મે'ણાં મારતા હતા: "કાં! કહેતાં'તાં ને કુંવરના મામા મોટું મોટું મોસાળું કરવા આવશે. કાં ગાંફથી પહેરામણનું ગાડું આવી પહોંચ્યું ને? તમારાં પિયરિયાંએ તો તમારા બધાય કોડ પૂર્યા ને શું!'

ઊજળું મોં રાખીને રાણી મરકતે હોઠે ઉત્તર દેતાં: "હા! હા! જોજો તો ખરા, દરબાર! હવે ઘડી-બે-ઘડીમાં મારા પિયરનાં ઘોડાંની હણહણાટી સંભળાવું છું. આવ્યા વિના એ રહે જ નહિ."

પહેરામણીનું ચોઘડિયું બેસવા આવ્યું. ગોખમાં ડોકાઈને રાણી નજર કરે છે કે ગાંફને માર્ગે ક્યાંય ખેપટ ઊડે છે! ક્યાંય ઘોડાના ડાબા ગાજે છે! પણ એમ તો કંઈ કંઈ વાર તણાઈ તણાઈને એ રજપૂતાણીની આંખો આંસુડે ભીંજાતી હતી. એવામાં ઓચિંતો મારગ ઉપરથી અવાજ આવ્યો: "બા, જે શ્રીકરશન!'

સાંભળીને રાણીએ નીચે નજર કરી. ગાંફના ચમારને ભાળ્યો — કેમ જાણે પોતાનો માનો જણ્યો ભાઈ આવીને ઊભો હોય, એવો ઉલ્લાસ પિયરના એક ચમારને દેખીને એના અંતરમાં ઊપજવા લાગ્યો; કેમ કે એને મન તો આજ આખું મહિયર મરી ગયું લાગતું હતું. એ બોલ્યાં: "ઓહોહો! જે શ્રીકરશન ભાઈ! તું આંહીં ક્યાંથી, બાપુ?"

"બા, હું તો ચામડાં વેચવા આવ્યો છું. મનમાં થયું કે લાવ ને, બાનું મોઢું તો જોતો જાઉં. પણ ગઢમાં તો આજ લીલો માંડવો રોપાતો હોય, ભામણબામણ ભેળા

Website: http://www.allimagetool.com



હોય. એટલે શી રીતે જવાય? પછી સૂઝ્યું કે પછવાડે ગોપેથી ટૌકો કરતો જાઉં!"

"હેં ભાઈ! ગાંફના કાંઈ વાવડ છે?"

"ના. બા! કેમ પૂછ્યું? વીવાએ કોઈ નથી આવ્યું?"

રાણી જવાબ વાળી ન શક્યાં. હૈયું ભરાઈ આવ્યું. ટપ ટપ આંખોમાંથી પાણી પડવા લાગ્યાં. ચમાર કહે : "અરે, બા! બાપ! ખમ્મા તમને. કાં કોચવાવ?"

"ભાઈ! અટાણે કુંવરને પે'રામણીનો વખત છે. પણ ગાંફનું કોઈ નથી આવ્યું. એક કોરીય મામેરાની નથી મોકલી. અને મારે માથે મે'ણાંના મે વરસે છે. મારા પિયરમાં તે શું બધાં મરી ખૂટ્યાં?"

"કોઈ નથી આવ્યું?" ચમારે અજાયબ બનીને પૂછ્યું.

"ના બાપ! તારા વિના કોઈ નહિ."

ચમારના અંતરમાં એ વેણ અમૃતની ધાર જેવું બનીને રેડાઈ ગયું. મારા વિના કોઈ નહિ! — હાં! મારા વિના કોઈ નહિ! હુંય ગાંફનો છું ને! ગાંફની આબરૂના કાંકરા થાય એ ટાણે હું મારો ધરમ ન સંભાળું? આ બે'નડીનાં આંસુડાં મારાથી શું દીઠાં જાય? એ બોલી ઊઠ્યો : "બા! તું રો તો તને મારાં છોકરાંના સોગંદ. હમણાં જોજે, ગાંફની આબરૂને હું જાતી રોકું છું કે નહિ?"

"અરેરે ભાઈ! તું શું કરીશ?"

"શું કરીશ? બા, બાપુને હું ઓળખું છું. આજ એની કોણ જાણે કેમ ભૂલ થઈ ગઈ હોય! પણ હું એને ઓળખું છું. હવે તું હરમત રાખજે હો, મા! શું કરવું તે મને સૂઝી ગયું છે."

એમ કહીને ચમાર ચાલ્યો. હડમારગઢની ડોઢીએ જઈને દરબારને ખબર મોકલ્યા : "ગાંફથી ખેપિયો આવ્યો

Website: http://www.allimagetool.com



છે અને દરબારને કહો, ઝટ મોઢે થાવું છે."

દરબાર બહાર આવ્યા. તેમણે ચમારને દેખ્યો; મશ્કરીનાં વેણ કાઢ્યાં: "કાં, ભાઈ! મામેરું લઈને આવ્યા છો કે?"

"હા, અન્નદાતા! આવ્યો છું તો મામેરું લઈને જ."

"એમ! ઓહો! કેમ, તમને મોકલવા પડ્યા? ગાંફના રજપૂત ગરાશિયા શું દલ્લીને માથે હલ્લો લઈને ગયેલ છે?"

"અરે, દાદા! ગાંફના ધણીને તો પોતાની તમામ વસ્તી પોતાના કુટુંબ જેવી છે. આજ મારા બાપુ પંડે આવતા હતા, પણ ત્યાં એક મરણું થઈ ગયું. કોઈથી નીકળાય તેવું ન રહ્યું, એટલે મને દોડાવ્યો છે."

"ત્યારે તો મામેરાનાં ગાડાંની હેડય વાંસે હાલી આવતી હશે, કાં?"

"એમ હોય, બાપા! ગાંફના ભાણેજનાં મોસાળાં કાંઈ ગાડાંની હેડયુંમાં સામે?"

"ત્યારે?"

"એ અમારું ખસતા ગામ કુંવરને પે'રામણીમાં દીધું."

દરબારે મોંમાં આંગળી નાખી: એને થયું કે આ માણસની ડાગળી ખસી ગઈ હશે. એણે પૂછ્યું: "કાંઈ કાગળ દીધો છે?"

"ના દાદા! કાગળ વળી શું દેવો'તો! ગાંફના ધણીને એમ ખબર નહિ હોય કે જીવતાજાગતા માનવીથીયે કાગળની કટકીની આંઈ વધુ ગણતરી હશે!"

ચમારનાં તોછડાં વેણની અંદર વાંકાનેરના રાજાએ કંઈક સચ્ચાઈ ભરેલી ભાળી. આખા ગઢમાં વાત પ્રસરી ગઈ કે ગાંફનો એક ઢોર ચીરનારો દેઢ આવીને ખસતા

Website: http://www.allimagetool.com



ગામની પહેરામણી સંભળાવી ગયો.. રાણીને માથે મે'ણાંના ઘા પડતા હતા તે થંભી ગયા. બીજી બાજુએ ચમારે ગાંફનો કેડો પકડયો. એને બીક હતી કે જો કદાચ વાંકાનેરથી અસવાર છૂટીને ગાંફ જઈ ખબર કાઢશે તો ગાંફનું ને મારું નાક કપાશે. એટલે મૂઠીઓ વાળીને એ તો દોડવા માંડયો. ગાંફ પહોંચીને ગઢમાં ગયો, જઈને દરબારને મોઢામોઢ વેણ ચોડયાં :

"ફટ્ય છે તમને, દરબાર! લાજતા નથી? ઓલી ઓનડી બચારી વાંકાનેરને ગોખે બેઠી બેઠી પાણીડાં પાડે છે. એને ધરતીમાં સમાવા વેળા આવી પહોંચી છે. અને તમે આંહીં બેઠા રિયા છો? બાપુ! ગાંફને ગાળ બેસે એનીય ખેવના ન રહી?"

"પણ છે શું, મૂરખા?" દરબાર આ મીઠી અમૃત જેવી ગાળો સાંભળીને હસતા હસતા બોલ્યા.

"હોય શું બીજું? ભાણેજ પરણે છે ને મામા મોસાળાં લઈને અબઘડી આવશે એવી વાટ જોવાય છે."

"અરર! એ તો સાંભર્યું જ નહિ : ગજબ થયો! હવે કેમ કરવું?"

"હવે શું કરવાનું હતું? ઈ તો પતી ગયું. હવે તો મારે જીવવું, કે જીભ કરડીને મરવું એ જ વાત બાકી રઈ છે."

"કાં, એલા! તારું તે શું ફટકી ગ્યું છે?"

"હા બાપુ! ફટકી ગ્યું'તું એટલે જ તમારા થકી મામેરામાં ખસતા ગામ દઈને આવ્યો છું."

"શી વાત કરછ? તું આપણું ખસતા દઈ આવ્યો?"

"હા, હા! હવે તમારે જે કરવું હોય તે કહી નાખો એટલે મને મારો મારગ સૂઝે."

Website: http://www.allimagetool.com



દરબારનું હૈયું ભરાઈ આવ્યું : 'વાહ ! વાહ, મારી વસ્તી ! પરદેશમાંય એને મારી આબરૂ વહાલી થઈ. ગાંફનું બેસણું લાજે એટલા માટે એણે કેટલું જોખમ ખેડ્યું ! વાહ, મારી વસ્તીને મારા ઉપર કેટલો વિશ્વાસ !'

"ભાઈ! ખસતા ગામ તેં તારા બોલ ઉપર દીધું. એ મારે અને મારી સો પેઢીને કબૂલ મંજૂર છે. આજ તારે મરવાનું હોય ? તારા વિના તો મારે મરવું પડત!"

ચમારને દરબારે પાઘડી બંધાવી અને ડેલીએ ભાણેજનાં લગ્ન ઊજવવાં શરૂ થયાં. ચમારવાડે પણ મરદો ને ઓરતો પોરસમાં આવી જઈ વાતો કરવા લાગ્યાં : "વાત શી છે ? આપણા ભાણુભા પરણે એનાં મોસાળાં આપણે ન કરીએ તો કોણ કરે ? ધણી ભૂલ્યો, પણ આપણાથી ભુલાય ?"

વાંકાનેરના અસવારે આવીને ખબર કાઢ્યા. ગાંફના ધણીએ જવાબ મોકલ્યો : "એમાં પૂછવા જેવું શું લાગ્યું ? ગાંફની વસ્તીને તો મેં કોરે કાગળે સહિયું કરી આપી છે."

વરની માતા હવે દાઝ કાઢીકાઢીને વાંકાનેરના દરબારગઢમાં લગનગીત ગજવી રહ્યાં છે કે—

તરવાર સરખી ઊજળી રે ઢોલા !
તરવાર ભેટમાં વિરાજે રે વાલીડા વીરને,
એવી રે હોય તો પ્રણજો રે ઢોલા
નીકર સારેરી પરણાવું રે વાલીડા વીરને.

આજે એ ખસતા ગામ તો છેક ભાલમાં ગાંફ રાજની પડખે જ છે. આજુબાજુ ગાંફની જ સીમ છે, અને વાંકાનેર તો ત્યાંથી પચાસ ગાઉ દૂર હશે. છતાં અત્યારે એ ગામ વાંકાનેરને તાબે છે. આજુબાજુ બીજે ક્યાંય એક તસુ જમીન પણ વાંકાનેરની નથી.

Website: http://www.allimagetool.com



[ આ કથા ભાલની અંદર પ્રચલિત છે. કહેવાય છે કે એને બન્યા આશરે ૩૦૦ વર્ષ થયાં હશે. નામઠામ જડતાં નથી. ચોક્કસ વર્ષ તથા નામઠામ મેળવવા માટે વાંકાનેર દીવાનસાહેબને વિનંતી કરતાં, તેમણે જણાવ્યું છે કે જૂનાં દફતરો તથા અન્ય સ્થળે તપાસ કરતાં એ દંતકથામાં કંઈ સત્યાંશ હોવાનું લાગતું નથી. તેમ છતાં પ્રચલિત કથા તરીકે અમે એને આંહીં આપીએ છીએ. અમને લાગે છે કે, ખસતા ગામની ભૌગોલિક સ્થિતિ જોતાં વાંકાનેરના અને તે ગામના જોડાણુની સાથે કંઈક સુંદર ઇતિહાસ જરૂર સંકળાયેલો હોવો જોઈએ. ]

Website: http://www.allimagetool.com

# ૧૮
# ઝૂમણાની ચોરી

પચાસ વરસ પહેલાં ખુમાણ પંથકના ખડકાળા ગામમાં કાળા ખાચર નામના એક કાઠી રહેતા હતા. આપા કાળાને ઘેરે આઠ સાંતીની જમીન હતી, પણ એંશી સાંતીના ધણીને પાલવે એવી પરોણાચાકરી પોતાને આંગણે રાખવાનું આપાને બંધાણ થઈ ગયું હતું, એટલે આપો આજ આધેડ અવસ્થામાં પૈસેટકે ડૂબી ગયા હતા. ડેલીએ બેઠાં બેઠાં કસૂંબાની કેફ કરીને કાઠી પોતાનું દુઃખ વીસરતા હતા.

પણ ઓરડે બેઠેલી કાઠિયાણીને તો પોતાની આપદા વીસરવાનો એકેય ઉપાય નહોતો. મહેમાનોનાં ભાણાં સાચવવાં અને મોળપ કહેવાવા ન દેવી, એવી એવી મૂંઝવણો દિવસરાત આઈને ઘેરી લેતી. એમાંય સાત ખોટના એક જ દીકરા લાખાને હવે પરણાવ્યા વિના આરોવારો નહોતો. વેવાઈ ઘોડાં ખૂંદી રહ્યા હતા. વહુ મોટાં થયાં હતાં. પણ વેવાઈની સાથે કાંઈક રૂપિયા ચૂકવવાનો કરાર હતો તે વિઘ્ન હતું.

“ કાઠી ! ” આઈએ આપા કાળા ખુમાણને ધધડાવ્યા. “ કાઠી, આમ કાંઈ આબરૂ રે'શે ? તમારું તો રૂંવાડુંય કાં ધગતું નથી ? વેશવાળ તૂટશે તો શું મોઢું દેખાડશો ? ”

“ ત્યારે હું શું કરું ? ”

“ બીજું શું ? ભાઈબંધોને જેમે ગળે ખવરાવ્યાં છે, તે આજ તો એકાદાને ઉંબરે જઈ રૂપિયા હજારનું વેણ

Website: http://www.allimagetool.com



નાખો! આપણે ક્યાં કોઈના રાખવા છે? દૂધે ધોઈને પાછા દેશું."

આપા કાળાને ગળે ઘૂંટડો ઊતર્યો. એણે નજર નાખી જોઈ. મનમાં થયું કે, 'વંડે પહોચું. ભૂવો આયર તો મારો બાળપણનો ભાઈબંધ છે, ઘોડિયાનો સાથી છે. ભગવાને એને ઘરે માયા ઢાલવી છે. લાવ્ય, ત્યાં જ જાવા દે.'

વંડા એ ખુમાણ પંથકમાં એક ગામડું છે. ઘોડીએ ચડીને આપા વંડે ગયા. ભૂવો આયર મોટો માલધારી માણસ હતો. એના ઘરમાં લક્ષ્મીનો વાસ હતો. આપા કાળાને આવે વખતે એ ટેકો આપેય ખરો. પણ જઈને જુએ તો ભાઈબંધ ઘેર ન મળે. ગામતરે ગયેલા.

ઘરમાં આયરાણી હતાં. તેણે આપાને તાણ કરીને રાત રોકચા. વાળુ કરતાં કરતાં આપાએ વાત ઉચ્ચારી: "બાપ! બોન! લાખાનો વિવા કરવાની ઉતાવળ છે. રૂપિયા હજાર સારુ થઈને મારે જમીન મેલવા ન જાવું પડે તેવી આશાએ હું આંહીં ભાઈને મોઢે થવા આવ્યો, પણ ભાઈ તો ન મળે."

રસોડામાંથી આયરાણીએ કહેવરાવ્યું: "આયર તો લાંબે ગામતરે ગયા છે."

"હશે, બાપ, જેવાં મારાં તકદીર. સવારે તો હું વંડેથી ઊઠીને ચડી નીકળીશ."

રાતે બાઈએ વાળંદને કહ્યું: "આપાને માટે હું વાપરું છું તે ગાદલું નાખજે, અને મારો ઓછાડ કાઢી લઈને નવો ઓછાડ પાથરજે."

વાળંદ ગાદલું ઢાળીને ઓછાડ ઉપાડે, ત્યાં ગાદલાની અંદર સોનાનું એક ઝૂમણું દેખ્યું. સ્ત્રીઓનો નિયમ છે કે [illegible]ની વખત ડોકના દાગીના ઉતારીને ઓશીકે મૂકે. બાઈએ

Website: http://www.allimagetool.com



આગલી રાતે ઝૂમણું કાઢીને ઓશીકે મૂકેલું, પણ સવારે ઝૂમણું સરતચૂકથી ગાદલામાં જ રહી ગયેલું. વાળંદે પથારી કરી. આપાને પોઢાડી, ઝૂમણું સંતાડીને પડખે જ પોતાનું ઘર હતું ત્યાં ચાલ્યો ગયો. જઈને બાયડીને કહ્યું: "આ લે, આ સંતાડી દે."

"આ ક્યાંથી લાવ્યા ? આ તો માનું ઝૂમણું !" બાઈ ચોંકી ઊઠી.

"ચૂપ રે', રાંડ ! તારે એની શી પંચાત ! ઝટ સંતાડી દે."

"અરે પીટયા, આ અણહકનું ઝૂમણું આપણને નો જરે."

હજામે બાયડીને એક થપાટ લગાવી દીધી. ઝૂમણું કઢીના પાટિયામાં નાખ્યું, અને આખો પાટિયો ચૂલાની આગોણમાં દાટી દીધો.

ભળકડું થયું એટલે કાળો ખુમાણ તો બાઈને મોઢે થયા વગર ઘોડીએ ચડીને ચાલી નીકળ્યા. ઘેર જઈ આઠ સાંતીમાંથી ચાર સાંતી જમીન વાણિયાને થાલમાં માંડી દીધી. જમીન માથે રૂપિયા હજાર લીધા અને દીકરાનાં લગ્ન કર્યાં.

૨

આંહીં, વંડાના દરબારમાં શું બન્યું ? કાળા ખુમાણ સિધાવી ગયા ત્યાર પછી બાઈને પોતાનું ઝૂમણું સાંભર્યું. એણે ગાદલામાં તપાસ કરી, પણ ઝૂમણું ન મળે. વાળંદને બોલાવ્યો; પૂછ્યું: "એલા, ઝૂમણું ગાદલામાં જ હતું એ ક્યાં ગયું ?"

હજામ કહે: "માડી, મને ખબર નથી."

બાઈ સંભારવા લાગ્યાં: "તઈં કોણે લીધું હશે ?"

Website: http://www.allimagetool.com



વાળંદ બોલ્યો: "હેં મા, આપો કાળો ખુમાણ તો નહિ લઈ ગયા હોય ને?"

"ઈ શું કામ લ્યે?"

"રાતે વાત કરતા'તા કે દીકરાના લગ્નમાં એક હજાર રૂપિયાની જરૂર હતી."

"હા, વાત ખરી; પણ કાંઈ છાનામાના લઈ જાય?"

"એમાં શું, માડી? મારા બાપુ ને એને ભાઈબંધી ખરી ને! પૂછીને લેતાં શરમ આવે. મનમાં એમ હોય કે પછી કાગળ લખી નાખીશ. બાપડાને જરૂર ખરી ને! એટલે બહુ વિચાર નયે કર્યો હોય!"

"હા, વાત તો ખરી લાગે છે." બાઈને ગળે ઘૂંટડો ઊતરી ગયો!

થોડે દિવસે ભૂવો આયર ગામતરેથી ઘેરે આવ્યા. બાઈએ એને બધી વાત કહી. ઝૂમણાની વાત એને પણ ગળે ઊતરી ગઈ. એના મનમાં મિત્રને માટે બહુ માઠું લાગ્યું. પણ રૂપિયા એક હજારનું ઝૂમણું! કળવળથી કઢાવી લેવું જોઈએ. એણે ખેપિયો કરીને કાગળ મોકલ્યો.

ધામધૂમથી દીકરાનાં લગ્ન પતાવીને, જાણે નવ ખંડની બાદશાહી સાંપડી હોય તેવા સંતોષથી કાળો ખુમાણ ડેલીમાં બેઠા બેઠા હુંકાની ઘૂંટ તાણતા હતા. દીકરાનાં વહુ કોઈ સારા કુળમાંથી આવેલાં એટલે લગ્નની સુખડીમાંથી જે બાકી વધેલું તેમાંથી રોજ સવારે ને બપોરે સસરાજીને કસુંબા ઉપર હુંગા કરવા માટે તાંસળી ભરી ભરી મોકલતાં અને સસરાજી બેઠા બેઠા સુખડી ચાવતા. ચાર સાંતીની જમીન ચાલી ગઈ તેનો કાંઈયે અફસોસ નથી રહ્યો — દીકરો પરણાવીને બાપ જે સંતોષ પામે છે, તેની જાણે જીવતી મૂર્તિ!

Website: http://www.allimagetool.com



ખેપિયે ભરડાયરા વચ્ચે આવીને આપાના હાથમાં કાગળ મેલ્યો. અંદર લખ્યું હતું: "ગાદલામાંથી ઝૂમણું લઈ ગયા છો, તે હવે જરૂર ન હોય તો પાછું મોકલજો. અને જો ખરચાઈ ગયું હોય તો એની કિંમતના રૂપિયા એક હજાર વેળાસર પહોંચાડજો."

ભરનીંદરમાં પોઢેલા કોઈ નિર્દોષ માણસને મધરાતે સરકારી સિપાઈ આવીને હાથકડી પહેરાવે, તેમ આપા કાળાને આ કાગળ વાંચીને થઈ ગયું. માનવીને માથે આભ તૂટી પડે એ વાત એને ખરી લાગી. ધરતી જાણે એની નજર આગળ ચકર ચકર ફરવા લાગી. પણ કાઠીનો દીકરો, ઘૂંટડો ગળતાં આવડે. ખેપિયાને જવાબ લખી આપ્યો — લખ્યું: "હા, ઝૂમણું લાવ્યો છું. ઘરેણે મુકાઈ ગયું છે. છોડાવીને થોડા વખતમાં આવું છું."

બાકીની જે ચાર સાંતીની જમીન રહી હતી તે માંડી કાઠીએ બીજા એક હજાર રૂપિયા ઉપાડ્યા. નવું સોળવલા હેમનું ઝૂમણું ઘડાવ્યું. ઝૂમણું લઈને ઘોડે ચડી એણે વંડાનો રસ્તો લીધો. રસ્તે ચાલતાં એને વિચાર આવે છે કે, 'આ ઝૂમણું અમારું નહિ, એમ કહેશે તો! ઝમણા ઉપરવટ કાંઈ રકમ માગશે તો? તો આ ઘોડી આપીશ. અને એટલેથી પણ નહિ માને તો? એથીય એના ઝૂમણાની વધારે કિંમત માગશે તો? મરીશ!' પડખામાં તલવાર તૈયાર હતી.

ડેલીની ચોપાટમાં ભૂવો આયર બેઠા હતા, તેણે ઊઠીને હાથ લંબાવ્યા: "ઓહોહો! આવો, આવો, કાળા ખુમાણ! પધારો." એમ આવકાર દીધો, બેસાડ્યા.

ઉતાવળા થઈને કાળા ખુમાણે તો ફાળિયાની ગાંઠ છોડવા માંડી; બોલ્યા: "ભાઈ! આ તમારું ઝૂમણું,

સંભાળી લ્યો.”

“બેસા રહો, ઊભા રહો. ડાયરાને કસૂંબા લેવા બોલાવીએ. ઝૂમણાની ક્યાં ઉતાવળ છે, આપા કાળા?”

કાળા ખુમાણના રામ રમી ગયા. એને પૂરેપૂરો ધ્રાસકો પડી ગયો કે ભાઈબંધ આજ ભરડાયરામાં મારું મોત ઊભું કરશે.

દરમિયાનમાં વાળંદ ત્યાંથી સરકી ગયો.

ડાયરો ધીમે ધીમે ભરાવા લાગ્યો, તેમ તેમ કાળા ખુમાણના ટાંગા તૂટવા મંડ્યા. હવે વાર નહોતી. ત્યાં ભૂવો આયર ઊભા થઈને પડખાની એક પછીતે નાડાછોડ કરવા બેઠા. અચાનક એના કાન ચમક્યા. પછીતની અંદર આ પ્રમાણે વાતો થતી હતી :

“કાં રાંડ? કે'તીતી ને કે નહિ જરે?”

“શું છે?”

“ઝમણું ઘડાવીને લાવ્યો.”

“કોણ?”

“તારો બાપ — કાળો ખુમાણ.”

“અરરર! પીટ્યા, કાઠીનું મોત ઊભું કર્યું!”

પેશાબ કરતો કરતો ભૂવો આયર ઠરી ગયો. ‘હાય હાય! હાય હાય!’ — એવા ઊના હાહાકાર, ધમણે ધમાતી આગના ભડકાની માફક, એના હૈયામાં ભડભડી ઊઠ્યા. માથાની ઝાળ બ્રહ્માંડે લાગી ગઈ. એ ઊભો થયો. એ પરબારો વાળંદના ઘરમાં ગયો. વાળંદ ઊભો ઊભો વાતો કરતો હતો, ત્યાં આયરે એના ગાલ ઉપર એક અડબોત લગાવી દીધી. પાંચે પાંચ આંગળીએ સોનાના વેઢ પહેરેલ હતા એની વાળંદના ગાલ ઉપર છાપ ઊઠી આવી. વાળંદે ચીસ પાડી:

“[illegible] અન્નદાતા! તમારી ગૌ!”

Website: http://www.allimagetool.com



“ કાઢય, ઝૂમણું કાઢય, નીકર કટકા કરી નાખું છું.”

આગોણમાંની ખોદીને વાળંદે કઢીનો પાટિયો કાઢચો; અંદરથી ઝૂમણું કાઢયું. એ જ ઝૂમણું! ખૂબ કાળું પડી ગયેલું હતું. ફાળિયામાં વીંટી બગલમાં દાબી, ભૂવો ડાયરામાં આવીને બેઠો. કસૂંબો તૈયાર થયો એટલે નોકરને કહ્યું : “ જા ઓરડે, ઓલ્યું જોડચવાળું ઝૂમણું લઈ આવ્ય.”

કાળા ખુમાણનો શ્વાસ ઘૂંટાવા લાગ્યો. ઝૂમણું ગઢમાંથી આવ્યું, સામે મુકાણું. પછી મોં મલકાવીને ભૂવો આયર બોલ્યો : “ આપા કાળા, લ્યો કાઢો ઓલ્યું, તમે લઈ ગ્યા’તા ઈ ઝૂમણું.”

કાળા ખુમાણે ઝૂમણું કાઢયું. એના હાથ કંપતા હતા. ડાયરાના એકબે ભાઈઓ બોલી ઊઠચા : “ કાં આપા, અફીણનો બહુ ઉતાર આવી ગયો છે તે ધ્રૂજો છો ?”

ભૂવો આયર બોલ્યો : “ હા, હા, આપાને મોટો ઉતાર આવી ગયો છે ! હમણાં કસૂંબો પાઈએ.”

કાળા ખુમાણની આંખે અંધારાં આવ્યાં. ભૂવો ઝૂમણું ઊંચું કરીને બોલ્યો : “ ડાયરાના ભાઈઓ, અમારા ઘરમાં આવાં બે ઝૂમણાં હતા. તેમાંથી એક આપો કાળો ઉપાડી ગયેલા.”

ચમકીને ડાયરાએ પૂછ્યું : “ હેં ! કયાંથી ?”

“ ગાદલાના બેવડમાંથી. કેમ ખરું ને, આપા ?”

“ અને ભાઈઓ, આપો અમારા બાળપણના ભાઈબંધ થાય છે, હો !”

“ અરર ! ” ડાયરામાં ચીસ ઊઠી.

“ આપાને ઉઘરાણી લખી એટલે આ હલકી કિંમતનું ઝૂમણું ઘડાવીને લઈ આવ્યા, ને ઓલ્યું હજાર રૂપિયાનું ઝૂમણું ગળત કરી ગયા.”

Website: http://www.allimagetool.com



"ભૂવા ભાઈ, આ મારી ઘોડી..." કાળા ખુમાણનો સ્વર તૂટી ગયો.

ધીરે રહીને ભૂવા આયરે પોતાની બગલમાંથી ફાળિયું લીધું. ઉખેળીને અંદરથી ઝૂમણું કાઢ્યું. ત્રણે ઝૂમણાં ડાયરાની વચ્ચે ફગાવ્યાં; બોલ્યો : "હવે બા, હવે જોડય મેળવો તો ?'

ડાયરો સજ્જડ થઈ ગયો : અખંડ જોડનાં બે ઝૂમણાં ને ત્રીજું નવીન! શું થયું ?

આયરની આંખમાંથી આંસુની ધાર હાલી. હિમાલય રુએ ત્યારે એનાં નેત્રમાંથી ગંગા ને જમના વછૂટે. કાળા ખુમાણના પગની રજ લઈને એ બોલ્યો : "કાઠી, ધન્ય હોજો તારી માને! અને મારી માને માથે — ના, મારી માનો શો વાંક? મારે પોતાને માથે એક હજાર ખાસડાં હોજો! ડાયરાના ભાઈઓ, આજ આ લાખ રૂપિયાના ગલઢેરાનું મોત બગાડવા હું ઊભો થયો'તો. મારી બાયડીએ એક વાળંદનું કહ્યું માન્યું! પણ બાયડીને શું કહું! મેં પોતે જ આવું કાં માન્યું ? પેશાબ કરવા હું ઊભો ન થયો હોત, તો આજ આ કાઠીને અફીણ ઘોળવું પડત ને!"

પછી પોતે કાળા ખુમાણને બે હાથ જોડી કહ્યું :

"ભાઈ! નવું ઝૂમણું તો તમારું જ છે. અને આ બેમાંથી એક ઝૂમણું મારી બે'નને કાપડામાં : આ રૂપિયા એક હજાર ભાઈને વધાવવાના : ના પાડે એને જોગમાયાના સોગંદ છે."

આજ એ બેય જણાની ત્રીજી પેઢી ચાલે છે.

Website: http://www.allimagetool.com

## ૧૯

# અભો સોરઠિયો

સોરઠ દેશને દખણાદે કિનારે, માલણ નદીના કાંઠા ઉપર, મહુવા નામનું બંદર આવેલું છે. અરબી સમુદ્રનાં આસમાની મોજાં રાતદિવસ મહુવાની ધરતીનાં વારણાં લીધા કરે છે. દરિયાની ગુંજારવ આઠે પહોર એ નગરીના લોકોને કાને સંભળાતો રહે છે. તે દિવસ તો માલણ નદી સેંજળ વહેતી હતી. એનાં પાણી મહુવાને થપાટો મારતાં હતાં; પણ આજે માલણમાં એકલો વેકરો ધખધખે છે. *

આજથી દોઢસો વરસ પૂર્વે આ રઢિયાળા બંદરને માથે ત્રણસો પાદરનો વાવટો ફરકતો. એ ત્રણસો ગામડાંની ઉપર જસા ખસિયા નામના રજપૂત-કોળી રાજાની આણ ફરતી હતી. મહુવાની બે દિશાઓમાં પંદર પંદર ગાઉના પલ્લા પકડીને ગીચ ઝાડી ઊભી હતી. નેવુ નેવુ હાથને માથે ડોકાં કાઢીને સાગરના દોરિયાનાં જૂથ આકાશની સામે માથાં ઝુલાવતાં. નાળિયેરીઓ સામસામાં ઝુંડ બાંધીને સૂરજનાં અજવાળાંને રોકી રહી હતી, અને એકબીજાના આંકડા ભીડીને ઊભેલાં કંઈક કાંટાવાળાં ઝાડઝાંખરાંની ને ડાળડાળીઓની એવી તો ઠઠ લાગેલી કે માંહીંથી સસલું જાય તો એની ખાલ ઉતરડાઈ જાય. નવ નવ હાથ લાંબા, ડાલામથ્થા સિંહ જ્યારે એ ઘટામાં કારમી ડણકો દેતા, ત્યારે એ નેસના ડુંગરા હલમલી હાલતા.

---

* ભાવનગર રાજ્યે પોતાની નાળિયેરીઓના વાવેતર માટે નદીનું વહેણ વાળી લીધું છે.

Website: http://www.allimagetool.com



કુદરતે મહુવાને એવા કુદરતી ગઢકિલ્લા આપ્યા હતા.

ભાવનગરના લોંઠકા ભોપાળ આતાભાઈએ આ ફૂલ-વાડી જેવા પરગણા ઉપર ત્રણ-ત્રણ વાર નજર નાખી હતી. ત્રણ-ત્રણ વાર એની ફોજ જસા ખસિયા ઉપર ચડી હતી, પણ કાંઈ કાર ફાવ્યો નહિ. સૂરજનું કિરણ પણ ન પેસી શકે એવી કાંટાળાં ઝાડની ઝાડીમાં તો કીડીઓનું કટક કર્યા વિના પેસાય તેવું નહોતું.

*

ભરતીનાં પાણી પાછાં વળી જતાં ત્યારે અરબી સમુદ્રમાંથી એ ઉઘાડી પડેલી ભૂમિમાં, મહુવાને કિનારે, પાંચ રૂપાળા વીરડા દેખાતા હતા. એક વાર એ વીરડાને ઉલેચી નાખવાથી પાંચેની અંદર મીઠાં અમૃત જેવાં નીર છલકાતાં. ખારા સાગરની આ મીઠી વીરડીઓની જાત્રા કરવા દેશપરદેશનાં ઘણાં જાત્રાળુઓ આવતાં, અને જસા ખસિયાને દાણ ભરીને પછી એ પાણીથી સ્નાન કરતાં.

મહુવાના પાડોશમાં દાઠા નામનું એક પરગણું છે. તે સમયમાં દાઠાની ગાદીએ ગોપાળજી સરવૈયા નામના ઠાકોર હતા. ગોપાળજી સરવૈયા મહુવાના ખારા સાગરની મીઠી વીરડીઓની જાત્રા કરવા આવ્યા. ખસિયા રાજાએ ગોપાળજી પાસે દાણ માગ્યું.

મૂછો મરડીને ગોપાળજી કહે : "મારું દાણ? હું દાઠાનો ધણી."

"દાણ તો દેવું પડશે—રાજા હો કે રાંક."

"મારું દાણ હોય નહિ. હું ભાવેણાના ધણી આતા-ભાઈનો મામો."

"એમ હોય તો ફોજ લઈને આવજો, અને વિના [illegible] સ્નાન કરી જાજો."

Website: http://www.allimagetool.com



ધમેલ ત્રાંબા જેવી આંખો કરીને ગોપાળજી સસ્વેયો વળી ગયો. ભાવનગરમાં ભાણેજ પાસે જઈને મામા કહે: "બાપ, મહુવા અપાવી દઉં; સાબદા થા."

"અરે, મામા! મહુવા તો કોણીનો ગોળ કહેવાય. પાંચ-પાંચ ગાઉના પલ્લા પકડીને અંધારી ઘોર કાંટચ ઊભી છે, જેમાં માનવી તો શું, પણ સૂરજનું અજવાળુંય ન પેસે. એમાં થઈને સોંસરવી આ સેના શી રીતે નીકળે?"

"બાપ, મારગ દેખાડું. બાકીની કાંટચ કાપી નાખીએ."

ચાર હજાર કુહાડા લઈને આતાભાઈની ફોજ ઊપડી. મામાએ માર્ગ બતાવ્યો. ચાર હજાર કુહાડીવાળા ઝાડ કાપતા જાય અને ફોજ આગળ વધે. જોતજોતામાં તો ઝાડી હતી ત્યાં મેદાન કરી મૂકીને મહુવાના પાદરમાં સેના આવી પહોંચી. ગામ ફરતો ગઢ હતો તેને માથે હડુડુડુ! હડુડુડુ! હડુડુડુ! કરતી દસ-દસ તોપો સામટી વછૂટી. ગઢ તૂટવા લાગ્યો. મૂંઝાઈને જસા ખસિયાએ સંધિનું કહેણ મોકલ્યું. ઈ. સ. ૧૭૮૪ની સાલ હતી.

ભાવેણાનો નાથ બોલ્યા: "અમારે કાંઈ મહુવા કબજે નથી કરવું; પણ જીભ કચરીને આવ્યા છીએ માટે થોડા દિવસ તો દરબારગઢમાં રહીને દરિયાની લહેરો ખાવી જોશે. આજુબાજુની શોભા જોશું. ખસિયાને કહો કે થોડા દિવસ ગઢ ખાલી કરી આપે."

ચાર જણાનું પંચ નિમાણું: શંકરગરજી સાધુ, બીજા દયાશંકર ગોર, ત્રીજા ગોપાળજી મામો ને ચોથો જસા ખસિયાનો કામદાર અભો વાણિયો. "દસ દિવસે આતોભાઈ મહુવા ખાલી કરી જાય, અને ન ખાલી કરે તો અમે ચારે જણા ખોળાધરી લઈએ છીએ."

મહુવા ખાલી કરી દઈને જસો ખસિયો પોતે

Website: http://www.allimagetool.com



સેદરડા ગામમાં જઈ ને રહ્યો. આંહીં આતાભાઈએ સેના સહિત ગામનો કબજો લીધો. કિલ્લાના કાંગરે ભાવેણાના નાથની ધજાઓ ફડાકા દેવા લાગી. ગોહિલરાજે કિલ્લાને માથે ચડીને દસે દિશાએ નજર નાખી ત્યાં તો લફ્ંબઝૂંબ લીલુડાં આંબાવાડિયાંએ એની આંખોમાં લોભનું આંજણ આંજી દીધું. મોરલાના મલારે અને કોયલોના ટહુકારે એના કાનમાં સ્વાર્થનું હળાહળ રેડી દીધું : "હાય હાય! નંદનવન જેવી આ સમૃદ્ધિને શું કોળો ભોગવશે? આવી કામણગારી ધરતીને શું કોળો ધણી ગમતો હશે? અહાહાહા! મહુવા વગરનું મારું ભાવેણું લૂખું લૂખું!"

"અને બાપુ!" હીરાજી કામદાર બોલી ઊઠ્યા: "ભાવેણાના નાથની ધજા ચડી તે શું હવે ઊતરશે? અપશુકન કહેવાય."

"ત્યારે શું કરશું, કામદાર?"

"મહુવા નથી છાડવું, બીજું શું?"

"પણ દગો કહેવાશે."

"દગો શેનો? આપણી જીત થઈ છે ને!"

"પણ ચાર પંચાતિયાનું શું કરશું?"

"એ હું કરીશ. એ ચાર જણા પણ માનવી જ છે ને!"

દસ દિવસને સાટે તો બે મહિના વીતી ગયા, પણ મહારાજ મહુવામાંથી સળવળતા નથી. જસાએ પંચને કહેવરાવ્યું. પંચ માંહેલા શંકરગરજીએ જઈ ને મહારાજને કહ્યું : "દરબાર, ગામ ખાલી કરો. જુઓ, હું અતીત છું; મારો ભગવો ભેખ જોયો? મારા તમામ ચેલાને લઈ ને હું તમારા ઉંબરે લાંઘી છાંડીશ. બાવાની હત્યા લેવી છે? નીકર બહાર નીકળો."

મહારાજાએ બાવાજીને ગોપનાથનાં પાંચ ગામ લખી

Website: http://www.allimagetool.com



આપ્યાં; બાવાનું મોં ભરાઈ ગયું; એનો ભગવો ભેખ વેચાઈ ગયો! એણે તો જઈને જસા ખસિયાને કહ્યું : "મહારાજ નથી નીકળતા. અમે શું કરીએ, ભાઈ? અમારી પાસે કાંઈ ફોજ નથી તે લડીએ. તમે કહો, તો લોહી છાંટીએ."

"ના, બાપ!" જસો બોલ્યો : "સાધુની હત્યા મારે નથી લેવી. તમે તમારે ગોપનાથને કાંઠે બેસીને લીલાલહેર કરો."

બીજો વારો આવ્યો દયાશંકર ગોરનો. એ બ્રાહ્મણનું બ્રહ્મતેજ પલક વાર તો બાળી નાખે તેવી વરાળ કાઢવા લાગ્યું. પણ મહારાજાએ એને વીજપડી નામનું ગામ માંડી આપ્યું, એટલે અગ્નિની ઝાળ શમી ગઈ. બ્રહ્મતેજ વેરાઈ ગયાં. જસાને એણે કહ્યું : "આતોભાઈ મારું નથી માનતો; અમે શું કરીએ, ભાઈ?"

જસો બોલ્યો : "ગોર દેવતા! તમેય છૂટા."

એક ચારણ પણ જામીન થયો હતો. એણેય કટાર કાઢીને પેટ નાખવાનો ડર દેખાડ્યો : એને મહોદરીનાં ત્રણ ગામ આપીને ચૂપ કર્યો.

૨

જસાએ અભા કામદારને પૂછ્યું : "અભા! શું કરવું?"

"બાપદાદાનો આખરી ધરમ : બહારવટું. બીજું શું?"

"પણ પહોંચાશે? જો તો ખરો — એની તોપો મહુવાના ગઢની રાંગ ઉપર બેઠી બેઠી મોં ફાડી રહી છે."

"પહોંચવાની વાત નથી; મરદની રીતે મરવાની વાત છે."

"મરું તો વાંસે મારાં બાયડી-છોકરાં?"

"મારા માથા સાટે. તારું અન્ન હજી મારા દાંતમાં છે. લૂણહરામી નહિ થાઉં. હું સોરઠિયાણીને પેટ ધાવ્યો છું."

Website: http://www.allimagetool.com



બસો ઘોડેસવારો લઈને જસો ખસિયો મહુવાને માથે બહારવટું ખેડવા મંડ્યો અને કાયામાં પ્રાણ રહ્યા ત્યાં સુધી એણે આતાભાઈને મહુવાના દરબારગઢમાં સુખની નીંદર કરવા ન દીધી. આખરે, એનો દેહ પડ્યો, માણસો વીંખાઈ ગયાં. ફક્ત ત્રણ જ જણાં બાકી રહ્યાં: જસાની રાણી. નાનો એક છોકરો અને અભો કામદાર. પોતાના અન્નદાતાની ઓરતને અને દીકરાને એક ઠેકાણેથી બીજે ઠેકાણે સંતાડતો સંતાડતો અભો વાણિયો રઝળ્યા કરે છે. પોતાની પાસે જે મૂડી હતી તે ખરચી ખરચીને પોતાના બાળારાજાને નભાવી રહ્યો છે અને મહારાજા આતાભાઈની સાથે વિષ્ટિ ચલાવે છે કે, "હવે જસો ખસિયો તો મરી ગયો. હવે આ બાળકને ઠરીને બેસવાનું ઠેકાણું કાઢી આપો. બીજું કાંઈ નહિ તો લીલિયા પરગણું આપો. શૂરવીરાઈના હક્ક દગાથી ડુબાવો મા. ભાવનગરના ધણીને લીલિયું ભારે નહિ પડે."

પણ મહારાજા ન માન્યા. બરાબર પાંચ વરસ વીતી ગયાં. અભાને ગઢપણે ઘેરી લીધો, એની ડોકી ડગમગવા લાગી. માથું, મૂછો અને આંખનાં નેણ-પાંપણ પણ રૂની પૂણીઓ જેવાં ધોળાં બની ગયાં. એક વાર સાંજરે એ વૃદ્ધ કામદાર પોતાના સાત વરસના ધણીને ખોળામાં લઈને બેઠા હતા, ધણીનાં લૂગડાં ઉપરથી ધૂળ ખંખેરતો હતો અને માયાભર્યા સ્વરથી પૂછતો હતો : "કાં બાપા, રમી આવ્યા? વાહ, મારો બાપો! ભારે બહાદર! લોંઠકાઈ તો બાપુના જેવી જ, હો!"

નાનો કુંવર ગર્વ પામીને એની કાલી કાલી વાણીમાં પડકારા દેતા: "કામદાર, આજ મેં ઓલ્યા છોકરાને હરાવી [illegible]. ઓલ્યો મારાથી મોટો; એનેય મેં પાડી દીધો."

"અરે રંગ રે રંગ, બાપલિયો!"

Website: http://www.allimagetool.com



બરાબર સાંજ નમેલી. સૂરજ મહારાજ મેર બેસતા હતા. રાજા અને કામદાર સંસારથી આઘેરા જઈને જાણે સાચો આનંદ લૂંટતા હતા. જાણે આખા જગતનું એકચક્રી રાજ મળ્યું હોય તેવા તોરથી રાજા-કારભારીની રમત રમાતી હતી. તે વખતે બાળકની વિધવા માતાએ ઓરડામાંથી વજ્ર-બાણ છોડયાં:

"બાપ કામદાર, શીદને આમ ફોસલાવવાં પડે છે? હવે અમારી મરેલાંની મશ્કરી કાં કરો છો, ભા? છોકરાને કંઈક દા'ડીદપાડી કરતાં શીખવા દ્યો ને! હવે અમને ક્યાં સુધી આમ ધૂળ મેળવવાં છે? ક્યાં સુધી આશા દીધા કરશો? કોણ જાણે માણસનાં પેટ કેવાં મેલાં થાય છે! બધાય બદલી ગયા. અરે ભગવાન!"

ટપક! ટપક! અભાની વૃદ્ધ આંખોમાંથી ઊનાં-ઊનાં આંસુનાં ટીપાં ટપકીને પોતાના ખોળામાં બેઠેલા કુંવરના માથા પર પડવા લાગ્યાં. સાચો રાજ્યાભિષેક થઈ ગયો. રાજમાતાએ જેટલાં વેણ કહ્યાં તેટલાં એણે મૂંગે મોઢે સાંભળી લીધાં; સામો ઉત્તર ન વાળ્યો. રાત પડી ગઈ. આકાશનાં ચાંદરડાં ઘડીક ઝગતાં ને ઘડીક વળી ઓલવાતાં આંખમીંચામણીની રમત રમતાં હતાં. પોતાનો નાનો ધણી પોતાના ખોળામાં જ પોઢી ગયો હતો. એવી મોડી રાતે એક ફાટેલી પથારીમાં બાળકને સુવાડીને પછી અભો ઘેર ગયો.

સવાર પડયું. કામદાર આવ્યા નહિ. ખબર કઢાવી. કામદાર રાતના ઊઠીને અલોપ થયા હતા. ક્યાં ગયા તે કોઈ ન કળી શક્યું.

૩

બરાબર બપોર તપતા હતા. ભાવનગરના રાજમહેલમાં છેલ્લી અટારીએ ઠાકોર આતોભાઈ બેઠા હતા. ગાદી માથે

બાળકુંવર વજેસંગજી ખેલતા હતા. બાજુએ ભા દેવાણી અને જસો ભાઈ વજીર બેઠેલા હતા. બારીએ બારીએ જવાસાની ટટ્ટીઓ બંધાઈ ગઈ હતી, પાણી છંટાતાં હતાં, સુગંધી હવાના હિલોળા છૂટતા હતા, ચંદનના લેપ થઈ રહ્યા હતા. રૂપાની ઝારીમાંથી દૂધિયાં પિવાઈ રહ્યાં હતાં. અચાનક મેડીનાં પગથિયાંમાંથી ધબ! ધબ! મોટા ધબકારા ગાજી ઊઠ્યા. ભાવેણાનાથની નિસરણીએ આવો કાળા માથાનો કોણ માનવી ચડી રહ્યો છે? મહારાજ અને એના બે સાથીઓ ચોંકી ઊઠ્યા. કાળી રાડ સંભળાણી કે "ક્યાં છે તમારો ઠાકોર? હિસાબ કરવા આવ્યો છું."

ઊભા થઈને જોવાની હિંમત કોઈ કરે ત્યાં દાદર ઉપર ધોળા વાળથી વિભૂષિત માથું દેખાણું, રાતીચોળ આંખો દેખાણી, ખેંચાઈને ભેળી થઈ ગયેલી ધોળી ભ્રકુટી દેખાણી. અરરરર! આ તો અભો! કાળસ્વરૂપ વાણિયો!

"કાં મહારાજ! ભાવનગરના ધણી! બોલો, જસા ખસિયાના કુંવરનું શું ધાર્યું છે? આવો, આજ હિસાબ ચોખ્ખો કરો."

એટલું બોલીને અભાની અગ્નિઝરતી આંખો ગાદી ઉપર ખેલતા કુંવર વજેસંગજી ઉપર ઠેરાણી. અભાની છાતીમાં શ્વાસ ધમાઈ રહ્યો હતો.

"અભા કામદાર!" ગરીબડું મોં કરીને મહારાજ બોલ્યા, "આમાં હું જો કાંઈ જાણતો હોઈશ તો મને આ વજેસંગના સોગંદ છે." એમ કહીને મહારાજાએ કુંવરને માથે હાથ મેલ્યા.

"ત્યારે? બીજું કોણ જાણે છે?"

"હીરજી મહેતા."

[illegible]ને અભો પાછો ફરી ગયો. એક પણ ઉચ્ચાર વગર ધબ! ધબ! ધબ! ધબકારા કરતો, આખો ગઢ

Website: http://www.allimagetool.com



ગજાવતો એ મેડીએથી ઊતરી ગયો. ડેલીએ બેઠેલા આરબની બેરખમાંથી એની સામે જોવાની પણ કોઈની છાતી ન ચાલી, કોઈ એને રોકી ન શક્યું. મહારાજાના શરીરમાંથી પરસેવો છૂટી ગયો.

"અરે, મહારાજ!" ભા દેવાણી બોલ્યા, "ભાવનગરનો ધણી એક વાણિયાની પાસે પોતાના કુંવરના સમ ખાઈ બેઠો! એટલી બધી બીક હતી?"

"ભાઈ! તમે નહોતા સમજ્યા, પણ હું સમજ્યો હતો. હું એની આંખો ઓળખી ગયો હતો. એ આંખમાં ખૂન હતું. આ વજેસંગ અટાણે હતો-ન-હતો થઈ ગયો હોત. હમણાં તમે સનાનના સમાચાર સાંભળશો. માટે ઝટ આરબની બેરખ હીરજી મહેતાને ઘેર દોડાવો."

આરબની બેરખને હીરજી મહેતાને ઘેર પહોંચવાનો હુકમ થયો. 'એલી! એલી!' કરતા પચાસ જમૈયાદાર આરબો હાથમાં દારૂ ભરેલી ઝંઝાળો લઈને ઊપડ્યા. બજારમાં સૂનકાર પથરાઈ ગયો.

કેળાં અને રોટલીનું ભોજન જમીને મોટી ફાંદવાળા હીરજી મહેતા સીસમના પલંગ ઉપર પોઢી ગયા હતા. એ ભીમસેની શરીરને કેટલીયે લડાઈઓની ફતેહની નિશાનીઓ પડી હતી. એની પ્રચંડ ભુજાને શોભાવનારી મોટી તલવાર સામી ખીંટીએ ટિંગાતી હતી. બખ્તર, ઢાલ અને ભાલું ભીંત ઉપર બેઠાં બેઠાં જાણે કે એ સૂતેલા ધણીની ચોકી રાખતાં હતાં. આતાભાઈને મહુવાનાં ત્રણસો પાદર કમાવી દીધાનો સંતોષ એના મુખમંડળ ઉપર પથરાઈ ગયો હતો.

ત્યાં તો કાળના ધબકારા બોલ્યા, મેડી ધણધણી ઊઠી: "હીરજી મે'તા! સાબદા થાજે." એટલી હાકલની સાથે જ દાદર ઉપર ઉઘાડી તલવારે ડોકું કાઢ્યું.

"કોણ છે?" મહેતા હીરજી કામદાર ઝબકી ઉઠ્યા.

Website: http://www.allimagetool.com



કાળને જોયો. ખીંટીએથી તલવાર ખેંચવા ભુજા લંબાવી, પણ વખત ન રહ્યો. બીજે પલકારે તો અભો ઠેકીને એના ઢોલિયા ઉપર જઈ પહોંચ્યો ને એની તલવાર ખીંટી પરથી ખેંચી.

"એ અભા, તારી ગા! મહુવાનો હિસાબ ચુકાવું!"

"હવે તો હિસાબ કરશું ત્યાં, ધણીના દરબારમાં જસા પાસે."

એટલું બોલી અભાએ ખડગ ઉગામ્યું. મહેતાની ફાંદ ઉપર ઝાટકો દીધો. હીરજી મહેતાનું શરીર ઢળી પડ્યું. પેટમાંથી કેળાં-રોટલી બહાર નીકળી પડચાં. એ ઉપર અઢાર ઘા ઝીંકીને અભો ઊભો થયો; આકાશમાં જોઈને બોલ્યો: "હીરજી મહેતા! હુંયે હમણાં આવું છું. મૂંઝાઈશ મા. મારો ધણી મારી વાટ જોતા હશે. હીરજી મહેતા, આવું છું!"

"માટી થાજે, હિંગતોળ, માટી થાજે!" એવો અવાજ આવ્યો. અભાએ પાછળ જોયું, ત્યાં કલિયા હજૂરીને તલવાર લઈને આવતો જોયો. અભાએ દોટ કાઢીને કલિયાનેય ઢાળ્યો, એના કાન અને ખભા કાપી નાખ્યા, આખી મેડીમાં હાકારા-પડકારા બોલ્યા. હેઠળ 'એલી! એલી! એલી!' અવાજ સંભળાણો, આરબની બેરખ આવી પહોંચી. અભાએ વિચાર્યું કે, 'હમણાં મને બંદૂકે દેશે, મને ભૂંડે મોતે મારશે.'

અભાએ ચારે બાજુ જોયું. એક બ્રાહ્મણને ભાળ્યો. અભો દોડીને એની આગળ ગયો, કહ્યું:

"એ મા'રાજ, આ લે તલવાર, આરબને હાથે મરવા કરતાં બ્રાહ્મણને હાથે મરવું ભલું. ઉડાવી દે મારું ડોકું."

"બા...પા! હું...હું! તમારી...હ...ત્યા!"

"જલદી તલવાર ઝીંક, મા'રાજ! નીકર તનેય હસણાં હીરજી મહેતાની પાસે પોગાડું છું. લે, ઝટ કર્ય."

Website: http://www.allimagetool.com



બ્રાહ્મણે તલવારનો ઘા કર્યો, અભાનું માથું ઊડી પડ્યું. એનું ચારણી બિરદ-ગીત છે :

૧

વાગી હાક બપોરા વખતે,
લોપી એક વેણમાં લાજ,
ઊડી ચડ્યો કઠોડે અભલો,
અભલો મણા ન રાખે આજ.

બપોરને વખતે હાક વાગી. પોતે પોતાના ધણીને આપેલ એક વચન ખાતર અભાએ લાજ લોપી. અભો કૂદીને મેડીને કઠોડે ચડ્યો.

૨

જાગી મે'તે હાથ જોડિયા,
દજડી દાઝે મુજ મ દાખ્ય,
લેણું ભરાં, દંડ દિયું લાખાં,
રૂડાં સેઠ, મું જીવતો રાખ્ય.

જાગીને હીરજી મહેતાએ હાથ જોડ્યા : હે અભા, મારી સામે તું સળગતી દાઝે ન જો. હું કરજ ભરું, લાખો રૂપિયાનો દંડ દઉં. હે ભલા વણિક, મને જીવતો રાખ.

૩

કહે સોરઠિયો વગદાં કરી લે,
મેલું (તો) લાગે ખોટ મને,
મૂંઝવણ મને આજે મ'વાની,
કરશું સમજણ જસા કને.

અભો સોરઠિયો કહે કે, હવે ગલ્લાંતલ્લાં કરવાં હોય તેટલાં કરી લે. હવે તને છોડું તો મને બટ્ટો બેસે. મને તો મૂંઝવણ મરવા વિષેની જ છે. મારે કાંઈ રૂપિયા કે દંડ નથી જોતા. એનો બધો હિસાબ તો હવે સ્વર્ગલોકમાં જસા ખસિયા પાસે જઈને કરશું.

૪

અભલે તાતી ખાગ આછટી,
થરહર ભાવનગર થિયો,
હેડી આતા તણી હીરજી,
કટકા મેડી માંય કિયો.

અભાએ તાતી તલવાર ઝીંકી. ભાવનગર થથરી ઊઠ્યું. ને ઠાકોર આતાભાઈના જોડીદાર હીરજી મહેતાના મેડી ઉપર કટકા કર્યા.

૫

ધજવડ ભાંગી તોય ધડુશિયો,
કલિયા તણો ખભો ને કાન,
એ સમયે વિપ્ર એક આવિયો,
દીધું શીશ વિપ્રને દાન.

પછી તલવાર ભાંગી ગઈ તોપણ કલિયાના ખભા ને કાન કાપ્યાં. એ વખતે એક બ્રાહ્મણ ત્યાં આવ્યો, તેને અભાએ પોતાનું મસ્તક દાનમાં દીધું.

૬

હીડો લાખો, પેથો, અમરો,
રાધા જેવડા મૂવા રઘુ,
આઠગણી ખત્રવટ એનાથી,
વણિક તણો કાંઈ ખેલ વધુ.

પૂર્વે હીડા વગેરે જે જબરા નરો મૂઆ છે, તેમનાથી પણ આ વણિકની ક્ષત્રવટ તો આઠગણી વધી ગઈ.

મરેલા અભાને મેડીએથી નીચે ફગાવ્યો. ઠાકોર આતાભાઈની આજ્ઞા થઈ: “એને કૂતરાની માફક ઘસડતા મસાણે લઈ જાવ.”

આવી દશામાં અભાની લાશ નીકળી. સહુ જોઈ રહ્યા. ગામમાંથી ફક્ત એક જણથી આ હાલ જોઈ ન શકાણા.

એનું લોહી ઊકળી આવ્યું: એનું નામ મોડભાઇ નામનો ચારણ. અટારીએ ઊભા રહીને આ શબને ઢસરડાતું જોતાં આતોભાઈ મૂછે તાવ દઈ રહ્યા છે, તે વખતે મોડાભાઈએ બજારમાં ઊભીને દુહો લલકાર્યો:

> **માર્યા ને મૂવા તણો, ઘોખો કાંઉ ધરે?**
> **મે'તાને મોર્ય કરે, હાલ્યો સોરઠિયો અભો.**

એ ઠાકોર, માર્યા-મૂઆનો આવો ખાર મનમાં શું રાખી બેઠા છે? તું હવે અભાને ઢસરડાવીને લઈ જા, તોપણ શું થઈ ગયું? અભો મસાણે જાય છે ખરો, પણ મહેતા હીરજીને મોખરે કરીને જાય છે. એમાં કાંઈ વાંસા-મોર્ય થોડું થવાનું છે?

મે'ણું સાંભળીને આતોભાઈ શરમાઈ ગયા. અભાના શબની આ દશા અટકાવી દઈને રીતસર દેન દેવરાવ્યું.

[ આ કથાના સંબંધમાં બીજા બે ખુલાસા અપાય છે:

૧. જસા ખસિયાને અને એના ભાઈ હમીર ખસિયાને ગરાસ સંબંધે તકરાર પડી. હમીર ખસિયો એક મોટી રકમ આપવાનો ઠરાવ કરી આતાભાઈને લઈ ગયો. પણ મહુવા જિતાયા પછી, વદાડ પ્રમાણે ત્રણ દિવસમાં હમીર ખસિયો નાણાં ન ભરી શક્યો, તેથી આતાભાઈએ મહુવા કબજે લીધું.

૨. હીરજી મહેતાના વંશજો એમ કહે છે કે, ' ભાલમાં બાવળિયાળી ગામ પર આતાભાઈને ચડાઈ કરવી હતી. દારૂગોળા અને સૈન્ય માટે નાણાંની જરૂર પડી. તેથી મહુવાના શેઠ અભા સોરઠિયાએ મહુવામાંથી બીજા કેટલાએક શાહુકારોના રૂપિયા લઈને ભાવનગરને ધીર્યા. પણ પછી બાવળિયાળીની ચડાઈ માંડી વાળવી પડી, અને નાણાં ચવાઈ ગયાં. બીજે વરસે દુકાળ પડ્યો. અભાએ પોતાના લેણદારોના દબાણથી ભાવનગર પાસે ઉઘરાણી કરી. પણ ભાવનગરની પાસે પૈસા નહોતા. એમ વારંવાર ઉઘરાણી કરવા છતાં નાણાં પત્યાં નહિ. એટલે અભો ક્રોધે ભરાઈને આતાભાઈ પાસે આવ્યો. આતાભાઈએ હીરજી મહેતા

Website: http://www.allimagetool.com



પાસે એને મોકલ્યો. હીરજી મહેતા સૂતા હતા. અભાએ પ્રથમ એને દોરી વડે પલંગ સાથે બાંધી લીધા ને પછી હીરજી મહેતાની જ તલવાર લઈને એનો ઘાત કર્યો. પછી અભાને હીરજી મહેતાના આરબોએ માર્યો, મેડી પરથી એની લાશને નીચે ફગાવી, અને ઘસડીને સ્મશાન લઈ ગયા. ત્યાર પછી મહારાજે પોતાની હદમાંથી સોરઠિયાઓને કાઢી મૂકયા હતા.'

પણ અમે આપેલી હકીકતની સાક્ષી તો ઉપર ટાંકેલા ગીતમાંથી જ જડે છે. ખાસ કરીને—

**'કરશું સમજણ જસા કને,'**

—એ ચરણ બતાવે છે કે આમાં કંઈક જસા ખસિયાનો સવાલ હતો.

આ બનાવ બની ગયા પછી આતાભાઈએ જસા ખસિયાના પુત્ર ખીમાને મોણપર અને સેદરડાનાં બાર ગામ પાછાં આપ્યાં હતાં. અત્યારે ખસિયાઓ એ બાર ગામ ખાય છે. ]

Website: http://www.allimagetool.com

## ૨૦

# મેર જેતમાલ

લખનાર : સ્વ. જગજીવનદાસ કા. પાઠક

આજે આસો સુદ નોમનો દિવસ છે.

પાણકોરાના ચોરણા, પાસાબંધી આંગડીઓ ને માથે બાંધેલાં ભોજપરાંથી શોભતા હજારો રબારીઓ આજે બળેજમાં મમાઈને મઢે મેળે આવેલ છે. તેલમાં ભીંજાવેલા ગુલાલનો શણગાર તેમનાં હેતાળ હૈયાં ઉપર તથા પહોળી પરાક્રમી પીઠો ઉપર માતાની પ્રસાદીરૂપે શોભી રહ્યો છે. રબારીનો બચ્ચો શોણિતવર્ણા આ શણગારને મહામૂલ્યવાન માની મહિનાના મહિના સાચવે છે. જોનારને આ શણગાર ઘાયલ રણસૈનિકોની ભ્રાંતિ કરાવે છે. બળેજમાં એની આથમણી દિશામાં આવેલા ભૂવાકેડામાં આજે મેદની માતી નથી.

એટલામાં પોતાનું પવિત્ર અને વહાલું 'સરજુ'નું સંગીત ગાતી સેંકડો રબારીની એક મંડળી મઢની બહાર નીકળી. સાંભળનારને તો એ ગાનમાં માત્ર 'હા – હે – હૂ – હે'નો લાંબો રાગડો જ લાગે છે; ને એ બોલનાર જંગલી છે એટલો જ ભાસ થાય છે; પણ તેમ નથી. 'હા – હે – હૂ – હે' એ સૂરોમાં પોતાના ઈષ્ટદેવની 'સરજુઓ' રબારી લોકોએ સાચવેલી છે. સરજુઓ એ સ્તવનકાવ્યો છે, ને વેદ-મંત્રોની પેઠે અનધિકારીઓથી ગુપ્ત રાખવા માટે તેમાં 'હા – હે – હૂ – હે' એવા સ્વરોની પૂરણી કરેલી છે. એ સરજુ ગાનારી ટોળીમાં એક માણસે હાથમાં 'માતાની પીંછી'

Website: http://www.allimagetool.com



[ મોરનાં પીંછાની ઝૂડી ] ઝાલેલી હતી, શ્રી કૃષ્ણે શિરે ધરાવેલ એ મયૂરપિચ્છ તે માતાની વહાલામાં વહાલી વસ્તુ છે એમ રબારીઓ માને છે.

હાથમાં કડિયાળી ડાંગોવાળા, કદાવર રબારીઓ સરજુઓ ગાતા ગાતા મઢની બહાર ડાબી બાજુએ ખોડેલા એક પાળિયા પાસે આવ્યા. સિંદૂરે અર્ચેલા એ પાળિયાને શિરે તેમણે માતાની પીંછી અડાડી, ત્યાં ઊભા રહી કેટલીય વાર લાંબે રાગે સરજુઓ લલકારી, કેમ જાણે તેઓ પાળિયાનાં યશોગાન ગાતા હોય. આમ કરવાનું મેં કારણ પૂછતાં તેમણે કહ્યું :

આજથી આશરે ૧૫૦ વર્ષ ઉપર આ બળેજમાં આલા મેરનો દીકરો જેતમાલ થઈ ગયો. તેનો આ પાળિયો છે. એ જેતમાલ કદે પાંચ હાથ પૂરો : એના ખભા જાણે પાડાના કાંધ : શી એની જુવાની ને શી એની ભલાઈ! શૂરવીરતા તો જાણે એના બાપની! ઘરનો પણ સુખિયો : મોટો માલધારી : એણે દેવળિયામાં નેસ નાખેલો, અને ત્યાં પોતાનો માલ તથા સગાંસંબંધી રહે. એક વાર બાબીની ફિસ્તે આવીને બળેજનાં ઢોર વાળ્યાં. જેતમાલ બેઠો બેઠો રોટલો ખાતો હતો, ત્યાં સુદાખડા મીરે આવી કહ્યું :

**સીમાડે સાવજ તણે, બાકરથી કેમ બેસાય?**
**જેતાં જોણુ કે'વાય, અચરત આલણરાઉત!**

તારા જેવા સિંહને સીમાડે બકરા જેવા બાબીથી કેમ બેસી શકાય? હે આલણનાં સુત જેતા, તું જેવો ભડ બેઠો છતાં જો ફિસ્ત ઢોર હાંકી જશે, તો તુંમાં જોણુ કહેવાશે.

ખાવું પડ્યું મૂકી જોગમાયાની જીભ જેવી વિકરાળ તલવાર તાણી, ઘોડીએ ચડી, જેતમાલ પોતાના સાથીઓ

Website: http://www.allimagetool.com



સાથે ગિસ્ત પાછળ દોડ્યો. શત્રુઓને પકડી પાડ્યા, અને કાઠાની કદાવર કણબણ દાતરડે કણસલાં કાપે તેમ ગિસ્તને કાપવા લાગ્યો.

મચ્યો ખડગ[1] જોટા તણો દેવાળયે મામલો,
કાહેરાં[2] કંપિયાં દેખ કેતાં,[3]
આલાતણો કંત[4] અજર તન ઊપડ્યો,
ઝાંપથી[5] ઠારિયા હાથ જેતા. (૧)

ત્રેહકે નગારાં ત્રંબાળાં ધૂધવે,
લોહડાં બળ વડંતે દાવ લાદ્યો,
ઝીંક કુંતા[6] તણી રાહોતાં[7] ઝુંડરે,[8]
બળેજો અભંગ ભડ ભીસ[9] બાદ્યો. (૨)

અભંગ દળ બાખિયાં આવિયાં કંઠાહે,[10]
વાગિયાં તબલ્લાં બલાં વાજાં,
તેજલી તેગને વીંઝતો જેતડો,
ઝોળીએ ટપકતાં ગયાં ઝાઝાં. (૩)

કવિ કે' વેડો[11] કર્યો વીર તેં વંકડા,
જામખાના લગણ વાત જાણી,
કિરત અવિચળ કરી કુશળ ઘર આવિયો,
પરીએ[12] ચડાવ્યું અમર પાણી. (૪)

ગિસ્તના ભાડૂતી સિપાઈઓ મરદ મેરોની ઝીક ક્યાં લગી ઝીલે? સિપાઈઓ ઘવાણા ને ઝોળીમાં પડી ટપકતે લોહીએ ઘર ભેગા થયા. એમ પરિયાંને અમરતાનું પાણી પાઈ જેતો ક્ષેમકુશળ ઘેર આવ્યો.

એક બીજો પ્રસંગ: બાલોચ કોટડા તરફ જે સંધી વસતા, તેમને કાંઈક કારણે રબારીઓ સાથે વેર બંધાયેલું. એ વેર વાળવાને મનસૂબે મદોન્મત્ત પંદર સંધીઓ માતાનો મઢ લૂંટવા ભૂવાકેડે આવ્યા. મઢમાં પેસવા જાય છે ત્યાં

૧. તલવાર. ૨. કાયર. ૩. કેટલાં. ૪, સુત. ૫. ઝડપથી. ૬. ભાલાં ૭. રાજાનું. ૮. જૂથ. ૯. બાથથી. ૧૦. કંઠાળ પ્રદેશમાં. ૧૧. ભારે. ૧૨. પૂર્વજને

Website: http://www.allimagetool.com



એક ઘરડા રબારીએ તેમને ટપાર્યા, પણ ત્યાં તો તેમણે પોતાનું પોત પ્રકાશ્યું. વૃદ્ધ રબારીને તરવાર મારી ધૂળ ચાટતો કર્યો.

ભૂવો બહારગામ ગયેલા અને પુરુષવર્ગ સીમમાં ગયેલો. ઘેર હતાં માત્ર બૈરાં-છોકરાં. તેમણે રોકકળ અને બૂમાબૂમ કરવા માંડી. પાસેને રસ્તે ચાલ્યા જતા જેતમાલે એ બૂમો સાંભળી. દોડીને તે ભૂવાકેડામાં આવ્યો. જુએ છે તો માતાના પવિત્ર મઢમાં સંધીઓ ઘૂસેલા ને એક રબારી બહાર ઘાયલ પડેલો.

મામલો જોતાં જ જેતાની આંખ ફાટી. કાળી નાગણના જેવી તલવાર તાણી તે સંધીઓ ઉપર તૂટી પડચો. 'લેજે મમાઈ !' કહેતો જાય ને એક ઘા ને બે કટકા કરતો જાય. જેને જેતાનો એક ઝાટકો લાગે તે સંધી ફરી શિખામણ ન માગે. એ ધીંગાણામાં એણે બાર જણાને લાંબા તાર કર્યા; પણ છેલ્લા ત્રણ સંધીઓ મરણિયા થઈ જેતા ઉપર ધસ્યા; ને આ ઠેકાણે એ મરદ મેરનું માથું નોખું કરી એ લોકો નાઠા. ભાઈ! એ જોરાવર જેતાની આ અમારે ખાંભી છે. માતાનો મઢ સાચવવા એ ભડે પ્રાણ આપેલા છે. એથી જ અમે એને માથે માતાજીની પવિત્ર પીંછી અડાડીને એને આશીર્વાદ આપીએ છીએ.

મઢ મેલી માતા તણો, જો તું જેતા જાત,
તો ત્રવખંડ[1] ચે'રો[2] થાત, સૂરજ ઊગત નૈ.

Website: http://www.allimagetool.com

# ૨૧

# ભાઈબહેન

ચોટીલાથી ત્રણ ગાઉ પાંચાળમાં રેશમિયું ગામ છે. ગામને સીમાડે ભેડાધાર નામની એક ગોળાકાર ધાર છે. ધાર ઉપર પાળિયા છે. એક પાળિયો સ્ત્રીનો છે. સ્ત્રીની સાથે બે બાળકો છે: એક આંગળીએ વળગેલું અને બીજું કેડમાં તેડેલું. બીજો પાળિયો એક ઘોડેસવારનો છે.

કેટલાં વરસ પહેલાંની આ વાત હશે તે તો કોણ જાણે! કચ્છ તરફથી એક ચારણી ચાલી આવતી હતી, સાથે એનાં બે છોકરાં હતાં. ચારણી એની ભેંસો હાંકીને પોતાને દેશથી નીકળી હતી. વાટમાં ખાવાનું નહોતું મળ્યું. કેડે બેઠેલાં બાળકે માની છાતી ચૂસી ચૂસીને ગાભા જેવી કરી નાખી હતી. આંગળીએ ટિંગાતું બાળક, ભેંસનું પળી-બે-પળી દૂધ મળતું તે ઉપર નભ્યે આવતું હતું. ચારા વગરની ભેંસો માર્ગે મરતી આવતી હતી. ચારણીને માથે ધાબળી પડી હતી, અંગે કાળી લાયનું કાપડું અને ગૂઢા રંગમાં રંગેલ ચોળિયાની જીમી પહેર્યાં હતાં. ડોકમાં શૂરાપૂરાનું પતરું, હાથમાં રૂપાના સરલ અને પગમાં દોરા જેવી પાતળી રૂપાના વાળાની કાંબીઓ એ એનો દાગીનો હતો. એક તો ચારણ વર્ણની બાઈઓ કુદરતી જ ઉદાસ રહે છે: તેમાંયે આ બાઈને તો સંસારનાં વસમાં વીતકોએ વધુ ઉદાસ કરી મૂકી હતી.

બાઈ રેશમિયા ગામને સીમાડે જ્યારે ધાર ઉપર આવી ત્યારે એના હૈયાની મૂંગી આપદા સરખી સાંજ

નમતી હતી. તે ટાણે બરાબર તે જ ધાર ઉપર એક ઘોડેસવાર સામો મળ્યો. બાઈને કાંઈક અણસાર આવી. બરાબર ઓળખાણ ન પડી એટલે બાઈએ પૂછ્યું :

"ભાઈ, મારો ભાઈ રેશમિયો આયર આ ગામમાં છે કે નહિ?"

"કેવાં છો તમે, બાઈ?"

"અમે ચારણ છયેં, બાપ!"

"ત્યારે રેશમિયો આયર તમારો ભાઈ ક્યાંથી?"

"બાપ, બહુ વહેલાનો મેં એને વીર કીધો છે. પંદર વરસ થયાં અમે એક-બીજાંને મળ્યાં નથી. ઓણ અમારે કચ્છમાં દુકાળ પડ્યો ને ઘરવાળો પાછા થયા. મને સાંભર્યું કે માલ હાંકીને રેશમિયાની પાસે જાઉં તો કાળ ઊતરી જવાય. બાપુ, પાણીયે મોંમાં નથી નાખ્યું. હશે, હવે ફકર નહિ. ભગવાને ભાઈ ભેળાં કરી દીધાં."

પોતે ઘોડિયે સૂતી હતી તે દિવસે પોતાનાં માવતરનું મવાડું સોરઠ દેશમાં નીકળેલું. માર્ગે એક વખત વગડો આવ્યો ને ઝાડને થડ પડેલું તાજું અવતરેલું બાળક રોતું દીઠેલું. દુકાળ બળતો હતો, માવતર પેટનાં છોરુંને રઝળતાં મેલી પોતાનો બચાવ ગોતતાં ભમતાં હતાં. માયા-મમતાની અણછૂટ ગાંઠો પણ છૂટી પડતી — એવા કાળા દુકાળને ટાણે ચારણ્યનાં માબાપે આ છોકરાને તેડી લીધું અને માએ એક ધાવણથી પેટની દીકરીને વછોડી નાખી આ પારકા દીકરાને ધવરાવી ઉછેર્યો, મોટો કર્યો, કમાતો કર્યો, વરાવ્યો-પરણાવ્યો હતો. એ પોતે જ ધર્મના ભાઈ રેશમિયો. નોખાં પડ્યાં તે દિવસ કહીને ગયેલો કે, 'બોન! વપત પડે તે દિવસે હાલી આવજે!' આજ વખાની મારી બહેન એ રેશમિયા ભાઈનું ઘર ગોતતી આવી છે.

Website: http://www.allimagetool.com



ઘોડેસવાર વિચારમાં પડી ગયો. એને સાંભરી આવ્યું. એ બોલી ઊઠ્યો: "અરે બોન, રેશમિયો તો પાછો થયો!"

પોતે જ રેશમિયો ભેડો હતો, પણ પેટમાં પાપ પેસી ગયું.

"રેશમિયો પાછો થયો?" બાઈને જાણે પોતાના કાન ઉપર ભરોસો ન આવ્યો હોય તેમ ફરી પૂછ્યું.

"હા, બાઈ, પાછો થયો — આઠ દિવસ થયા."

"ભાઈ પાછો થયો? ના, ના, થાય નહિ." બાઈ ગાંડી થઈ ગઈ હોય તેમ લવવા મંડી. 'હેં, પાછો થયો?' 'પાછો થયો?' 'થાય કાંઈ?' એમ ધૂન ચડવા લાગી. આંખો જાણે નીકળી પડતી હોય તેમ ડોળા ફાડીને ચારણી આકાશને, ધરતીને અને ઝાડપાનને પૂછવા લાગી કે, 'વીર મારો પાછો થયો?'

ઘોડેસવારને થર થર કંપ વછૂટચો. ઘણુંય મન થયું કે નાસી છૂટું; પણ ઘોડાની લગામ હલાવી-ચલાવીયે ન શકાણી. ધરતી સાથે ઘોડાના ડાબલા જાણે જડાઈ ગયા. પાગલ બનેલી ચારણીએ ઘૂમટો તાણીને ચોધાર આંસુ પાડતાં પાડતાં મરશિયા ઉપાડ્યા:

> **ભલકિયું ભેડા, કણાસયું કાળજ માંય,**
> **રગું રેશમિયા, (મારીયું) વીંધીયું વાગડના ધણી!**

હે ભેડા, તેં તો મારા કાળજામાં ભાલાં ભોંકયાં. હે વાગડિયા શાખાના આયર, મારી નસો તેં વીંધી નાખી.

> **ઘોડો મૂવો ઘર ગિયાં, મેલ્યાં મેવલીએ,**
> **રખડી રાન થિયાં, (ત્યાં) રોળ્યાં રેશમિયે.**

ઘોડા જેવો મારો ધણી મર્યો. મારાં ઘર ભાંગી ગયાં. વરસાદે પણ રઝળાવ્યાં. રખડી રખડીને હેરાન થઈ ગયાં. ત્યાં જેની છેલ્લી આશા રહી હતી તે રેશમિયે પણ રોળી દીધાં.

Website: http://www.allimagetool.com



કૈંક કહારા કાઢિયા, (હવે) છોરુ બાન પિયાં,
રેશમિયો ભેડો જાતે, માથે દાણિંગર રિયાં.

મારે માથે કરજ હતું, તે મારો ભાઈ રેશમિયો ચૂકવશે એમ આશા હતી. આ તો કરજ માથે રહી ગયું. ઘણા ઘણા કાળ સુધી ક્યારે અનાજ લઈને ખાધું, પણ આજ તો મારા છોકરાને લેણદારો બાન કરી લઈ ગયા છે.

ભેડો અમણો ભા, (જાણ્યો) વાંઢયાને વરતાવશે,
(ત્યાં તો) વાટે વિસામા, રોળ્યા રેશમિયા!

આશા હતી કે, રેશમિયો ભેડો મારો ભાઈ છે તેથી દુકાળ પાર ઉતરાવી દેશે; ત્યાં તો હે રેશમિયા, હે અમારા વિસામા, તેં અમારા જીવન-પ્રવાસને માર્ગે જ અમને રઝળાવ્યાં.

ભેડા ભાંગી ડાળ, જેને આધારે ઊભતા,
કરમે કોરો કાળ, રોળ્યાં રેશમિયા!

હે ભેડા, જેને આધારે અમે ઊભાં હતાં તે ડાળ જ ભાંગી પડી. હવે કર્મમાં કાળો દુકાળ જ રહ્યો.

(આ) ટોળાં ટળ્યાં જાય, નવરંગી નીરડીયું* તણાં,
(એનો) ગોંદરે નેં ગોવાળ, રેઢાં ટોળ્યાં રેશમિયા!

આ જાતજાતની રૂપાળી ગાયોનાં ધણ રેઢાં ચાલ્યાં જાય છે, કારણ કે આજ એને હાંકનાર ગોવાળ નથી. ગોવાળ વિનાની ગાયો ભાંભરતી જાય છે.

જેમ જેમ મરશિયા કહેવાતા ગયા, તેમ તેમ રેશમિયો ઘોડેસવાર પથ્થર બનવા લાગ્યો. ઘોડાના ડાબલા થીજી ગયા, ઘોડાની આખી કાયા કઠણ કાળમીંઢ જેવી બની ગઈ. ઉપર બેઠેલ અસવારનું લોહી થંભી ગયું. છાતી સુધી જ્યારે

* નીરડી, ખેરડી, ઝરિયું, કાબરી, ગોરી, ધોળી — એ બધી ગાયોની જાત છે. ગોરા શરીર ઉપર કાળા ડાઘ હોય તેને 'નીરડી' કહેવાય.

Website: http://www.allimagetool.com



પથ્થર બની ગયો ત્યારે રેશમિયો કારમી ચીસ પાડી ઊઠયો!

"એ બહેન, ખમૈયાં કરી જા; હું જ તારો ભાઈ—હું જ રેશમિયો. મેં ઘોર પાપ કર્યું. હવે દયા કરી જા."

ચારણીના હાથમાં વાત નહોતી રહી. એના રોમ-રોમમાં જાગી ઊઠેલું સત હવે શમે નહિ. એના હાથમાંથી તીર છૂટી ગયું હતું. એ બોલી:

**ભેડા ભેળાતે, વીણેલ વણ્ણંને વાળીએ,**
(પણ) **સાંઠી સુકાતે, રસ ન રિયો રેશમિયા!**

હે ભાઈ ભેડા, કપાસના છોડમાંથી કપાસ વિણાઈ ગયો હોય, ખેતર કોઈએ ભેળી દીધું હોય, તો તો ફરી પાણી પાઈને આપણે એને કોળવી શકીએ. ફરીવાર એને કપાસનો ફાલ આવે. પણ કપાસના છોડની સાંઠી સુકાઈ ગયા પછી એમાંથી રસ જ નીકળી જાય. ત્યારે એને પાણી પાવું નકામું. એ રીતે, હે વીર, તારા જીવનની સાંઠી જ સુકાઈ ગઈ. એટલું બધું કૂડ તારામાં વ્યાપી ગયું, કે હવે ફરી વાર એમાં પ્રાણ મૂકી ન શકાય.

**ભેડાને ભોંય લેતે, દશ્યું ચારે ડૂલિયું,**
**સો ગાઉએ સગા, પંથ બધો માથે પડયો.**

રેશમિયા ભેડાને મરવા ટાણે જ્યારે ભોંય લીધો—જમીન પર સુવાડયો ત્યારે ચારે દિશાઓ પડી ગઈ. અને હે મારા સાચા સગા, મારો સો ગાઉનો આખોય પંથ નિષ્ફળ નીવડયો.

**આંખે અમરત હોય,** (તો) **જાતાંને જિવાડીએ,**
(હવે) **ઝરવા માંડયું ઝેર, રસ ગયો રેશમિયા!**

હે ભાઈ રેશમિયા, મારી આંખમાં અમૃત રહ્યું હોય તો તો મરતાને એક વાર એ દૃષ્ટિનું અમૃત છાંટીને જીવતો કરીએ. પણ હવે તો મારાં નેત્રોમાંથી દુનિયાના મતલબીપણા ઉપર ધિક્કારનું ઝેર ઝરવા લાગી ગયું. હવે મારી આંખમાંથી સંજીવનીનો રસ ખૂટી ગયો. મારો ઇલાજ નથી રહ્યો.

Website: http://www.allimagetool.com



**મધદરિયે કોઈ વાણ, બેડાનું ભાંગી ગયું,**
**પંડ થાતે પાખાણ, રસ ગ્યો રેશમિયા !**

હે રેશમિયા ભાઈ, તુજ સમું વહાણ મારે જાણે કે જીવતરને મધદરિયે ભાંગી પડ્યું. મારું પિંડ પણ હવે પાષાણ બની ગયું, હવે મારા અંતરમાં રસ ન રહ્યો.

**ટોળામાંથી તારવ્યે (જેમ) ઢાડું દિયે ઢોર,**
**(તેમ) કાપી કાળજ-કોર, બેડા ભાંભરતાં કિયાં.**

હે ભાઈ બેડા, જેમ કોઈ પશુને એના ટોળામાંથી વિખૂટું પાડતાં એ વેદનાની ચીસો પાડે છે, તેમ આજ હું યે તુજ-વિહોણી થતાં પોકારું છું. તેં મારા કાળજાની કોર કાપી નાખી. હું એકલા પશુ જેવી ભાંભરતી જ રહી.

આખો અસવાર નિર્જીવ પથ્થર બની ગયો. ચારણી પણ છોકરાં સાથે પથ્થરની પૂતળી બની ગઈ. ભેંસો એ સાંજને ટાણે ધાર ઉપર એકલી ભાંભરતી રહી.

Website: http://www.allimagetool.com

## ૨૨

# પિંજરાનાં પંખી

**સં.** ૧૯૬૭ના અષાઢની અંધારી બારશની અધરાતે આ વાત બની ગઈ છે. બારાડી* તાલુકાના કોઈ પણ તુંબેલ ચારણ જ્યારે ભેટી જાય છે ત્યારે જેઠા મોવડ અને કરમાબાઈની વાત ઉચ્ચારતાં વાર જ ડોકું ધુણાવીને ધીરી, મીઠી હલકે એ ગાવા લાગે છે:

**જેઠો મોવડ જુગમાં જીત્યો, કરમાબાઈ કુળનો દીવો.**

એ ધણી-ધણિયાણીનું ગામ રાણાગામ :

**રાણાગામ ઋષિનો ટીંબો, કરમાબાઈ કુળનો દીવો.**

મનાય છે કે આજ જ્યાં એ ગામ છે, ત્યાં જ અસલના જુગમાં જમદગ્નિ ઋષિનો આશ્રમ હતો, અને એ જ રેણુકા નદીનાં ગંગાજળિયાં નીરને ઋષિનાં અર્ધાંગિની રેણુકા માતા લૂગડે બાંધી બાંધીને પર્ણકુટિમાં ઉપાડી લાવતાં હતાં. માણસો વાતો કરે છે કે જેઠો મોવડ અને કરમાબાઈ એ તપિયાંનાં અવતારી હતાં.

જાતનાં એ તુંબેલ ચારણ હતાં. જેઠાની અવસ્થા પચીસેક વરસની હશે, અને બાઈ પણ વીસેક વરસનાં હશે. બેય જણાંની ભરજુવાની ચાલી જતી હતી. દેવતાઈ તો એમનાં રૂપ હતાં. બેયની મુખમુદ્રામાંથી સામસામી જાણે પ્રીતની ધારાઓ છૂટતી હતી. ઘડીક વાર નોખાં પડે તો પાણી વિનાનાં માછલાંની જેમ તરફડવા માંડે. એકબીજાની સામે નજર નાંખે ત્યાં તો રૂંવાડેરૂંવાડું જાણે હસીને બેઠું

---

* જામનગર અને દ્વારકા વચ્ચેનો જામનગર તાબાનો પ્રદેશ.

Website: http://www.allimagetool.com



થઈ જાય. વળી, બેય માનવી રામાયણનાં ખરાં પ્રેમી હતાં. મોરલો કળા કરીને ટૌકતો હોય ત્યારે જેમ ઢેલડી એની પડખે ઊભી ઊભી ટૌકારા ઝીલે, તેમ રોજ રાતે જેઠો લલકારી લલકારી રામાયણ ગાતો અને પડખે બેઠી બેઠી જુવાન ચારણી એ મધઝરતા સૂરને એકાગ્ર ધ્યાને સાંભળતી હતી. ખારો ધૂધવા જેવો આ સંસાર એ ચારણ જોડલીને તો મીઠા મહેરામણ જેવો લાગતો હતો.

જેઠો દિલનોય દાતાર હતો. પૈસેટકેય સુખી હતો. ઘેર પચાસ પચાસ હાથણીઓ જેવી ભેંસો ટલ્લા દેતી હતી. લેવડદેવડનું કામકાજ હોવાથી એના પટારામાં ગામપરગામના લોકોની થાપણ પણ પડી રહેતી. એને મોટેરો ભાઈ પણ હતો. પોતે અને પોતાનો ભાઈ એક જ ફળીમાં નોખનોખે ઓરડે રહેતા હતા.

કોઈ કોઈ વાર મધરાતનો પહોર ગળતો હોય, આખું જગત દિવસની આપદા ભૂલીને રાતને ખોળે પોઢતું હોય, રામાયણના સૂર સાંભળીસાંભળીને હવા પણ થંભી ગઈ હોય, આભમંડળ એના અવાજને હોંકારા દેતું હોય અને ચાંદરડાં આ ચારણની બેલડીને માથે શીતળ તેજ ઢોળતાં હોય, તેવે ટાણે જેઠો મોવડ કરમાબાઈનાં નેત્રોનું અમી પીતો પીતો નિસાસો નાખીને કહેતો :

"અરે ચારણી ! આટલાં બધાં સુખ હવે તો સહેવાતાં નથી. એક દી આનો અણધાર્યો અંત આવશે તો ?'

ચારણી સામો ઉત્તર નહોતી વાળી શકતી. એની મોટી મોટી આંખોમાં ઝળઝળિયાં ભરાઈ આવતાં. એના અંતરમાં ફાળ પડતી : "અરેરે ! જોડલી ક્યાંક ખંડારો તો ?"

સોનાના પિંજરમાંથી બેય જણાંના પ્રાણ ઊડું ઊડું થતા હતા. એમ કરતાં કરતાં સંવત ૧૯૬૭નો પુરુષોત્તમ

Website: http://www.allimagetool.com


મહિનો આવ્યો. અગાઉ એક વાર જેઠો વાતવાતમાં બોલી ગયો હતો: "મેં તો મારું માથું શંકરને અર્પણ કર્યું છે." કોઈકે આ વેણ સાંભળ્યાં, કોઈકે હસી કાઢ્યાં, ને એમ વાત રોળાઈટોળાઈ ગઈ હતી. પણ ફક્ત ચતુર ચારણીને હૈયે એના ભણકારા વાગી ગયા હતા. એની આંખો જેઠાની વાંસે વાંસે ભમવા મંડી હતી. જેઠાના મોં ઉપર દિવસે દિવસે નવીન કાન્તિ ઝળહળવા લાગી હતી.

અષાઢ મહિનાની દશમ અને શુક્રવારે જેઠાએ એક કાગળનો ખરડો લાવીને કરમાબાઈના હાથમાં મેલ્યો અને કહ્યું: "આમાં આપણી લેણદેણ લખી છે. તેમાં જેની જેની થાપણ નોંધેલ હોય તેને તેને પાઈએ પાઈ ચૂકવી દેજો."

"મને કાં સોંપો?"

"મારે ગામતરે જાવું છે."

"હું જાણું છું, પણ હું તો તમારા મોઢા આગળ હાલી નીકળવાની છું." એ વધુ ન બોલી શકી. એનું ગળું રૂંધાઈ ગયું.

"ચારણી! એ ગામતરાનાં પરિયાણ કાંઈ રોતાં રોતાં થતાં હશે?" જેઠાએ કરમાબાઈને માથે હાથ મૂક્યો.

"લ્યો, નહિ રોઉં, હો! હસીને હારે હાલીશ. પણ સદાય એ હાથને મારે માથે જ રાખ્યે આવજો." એટલું બોલીને ચારણીએ આંખો લૂછી નાખી.

બેય જણાંએ રૂપિયા ગણી જોયા. પટારામાંથી જેની જેની થાપણ હતી તેને તેને બોલાવીને ચૂકવી દીધી.

થાપણવાળા કહે: "જેઠાભાઈ! અમારે ઉતાવળ નથી."

"અરે ભાઈ! ઉતાવળ તો મારે છે. લાંબી જાત્રાએ જાવું છે."

શનિવારે બેય જણાં નિર્જળ અગિયારસ રહ્યાં. આખો

Website: http://www.allimagetool.com



દિવસ રામાયણ વાંચી ને સ્તોત્ર ગાયાં. રાતેય રામાયણ ચાલુ રહી. ભાઈ અને ભાભીએ પણ બેઠાં બેઠાં સાંભળ્યાં કર્યું. થોડી વારે ભાઈ ઊઠીને સૂવા ચાલ્યા ગયા. અધરાત થઈ એટલે ભાભીએ કહ્યું : "જેઠા, હવે તો સૂઈએ."

"બે'ન ! તમે તમારે સૂઈ જાઓ. અમારે હજી એક અધ્યાય વાંચવો છે. પછી અમેય સૂઈ જાશું."

ભાઈ-ભોજાઈ ભરનીંદરમાં પડ્યાં છે. ગામમાં કૂતરું પણ જાગતું નથી. અંતરીક્ષમાંથી જેઠાને જાણે કે હરિ હાકલ કરે છે. બેય જણાંએ પૂજાપાનો સામાન ભેળો કર્યો : ચોખા, પાંચ સોપારી, ગોપીચંદન, ઘીની વાટકી, બે કોડિયાં, દીવાસળીની ડાબલી, આકડાનાં ફૂલ, બે કળશિયા અને એક તલવાર.

વર-વહુએ સ્નાન કર્યાં. માથામાં તેલ નાખ્યાં. એક-બીજાના વાળ ઓળ્યા. કોરાં રૂપાળાં લૂગડાં પહેર્યાં. આંખોમાં આંજણ આંજ્યાં. પૂજાનો સામાન લઈ ને ઘરની બહાર નીકળ્યાં. તાળું વાસ્યું, કૂંચી ટોડલે મૂકી. અગિયારસની અંધારી રાતે બરાબર એક વાગ્યે, ગામની બહાર, રેણુકા નદીને સામે કાંઠે રામેશ્વર મહાદેવને મંદિરે બેય જણાં ધીરે પગલે આવી પહોંચ્યાં — જાણે માહ્યરામાં પરણવા આવ્યાં.

પૂજાપાનો સામાન શિવાલયને ઓટલે મૂક્યો. સ્નાન કરવા માટે એક જ પોતિયું સાથે લીધું હતું. એટલે અક્કેક જણ પોતિયું પહેરીને નદીમાં નાહવા ગયું. પ્રથમ કરમાબાઈ નાહી આવ્યાં; એટલે એ ભીનું પોતિયું પહેરીને જેઠો નદીએ ગયા. નાહીને આવ્યો ત્યાં તો ઘીના બે દીવા કરીને બાઈ એ તૈયાર રાખ્યા હતા. ચોખાની ઢગલી પણ કરી વાળી. ગોપીચંદન ઘસીને બેય જણાંએ શિવલિંગ પર તિલક કર્યું. પાર્વતીજીને પણ તિલક કર્યું. પોતે બેય જણાંએ પણ

Website: http://www.allimagetool.com



સામસામાં કપાળને સ્પર્શ કરી તિલક કાઢચાં. પડખોપડખ બેસીને રામાયણનાં પાનાં વાચ્યાં. પછી જેઠાએ કહ્યું :

" ત્યારે હવે ?"

" બીજું શું ? હું તો તૈયાર છું." ચારણી મરકતી મરકતી બોલી. મોંમાં વેણ જરાય ધ્રૂજ્યાં નહિ.

" મનમાં કાંઈ રહી જાય છે ? જોજે હો, પ્રેત બનીને પીડાવું પડશે."

" મનમાં બીજું શું રહે ? મનમાં રહેનાર તો મારી સાથે જ છે."

જેઠાએ તલવાર કાઢી, ફરી વાર પૂછ્યું :

" બીક લાગે છે ?"

" તમારા પડખામાં બીક લાગે ? હવે શું પૂછ્યા કરો છો ? કરો ને ઘા." એમ કહીને એણે માથું ધરતી ઉપર ટેકવ્યું.

" ના, ના, મારે હાથે નહિ. હું સ્ત્રીહત્યા કરું તો શંકર મને સંઘરે નહિ."

" ત્યારે ?"

" આ લે તલવાર ! તારે હાથે તારું પતાવ્ય."

" કેમ બનશે ? અબળા..."

" અબળા મટચા વિના એ માર્ગે હીંડાશે કાંઈ ?"

" સાચું કહ્યું."

એટલું બોલીને એણે ઓઢણાની ગાતરી ભીડી; સામે આંખો ઉઘાડીને બેઠેલી પાર્વતીની પ્રતિમાને હાથ જોડી બોલી : " માડી ! ખોળે લેજો." પછી મહાદેવજીની પાસે બે હાથે ગરદન ઉપર હાથમાં જોર હતું એટલી ભીંસ દીધી. પણ આખરે એનાથી બેસાયું નહિ; લાંબી થઈ ને ઊંધી પડી ગઈ. એના ગળાનો નળગોટો અરધો જ કપાણો.

Website: http://www.allimagetool.com



જેઠા મોવડે ૐકારનાં ગુંજન આદર્યાં. દેવળ પડછંદા દેવા મંડ્યું. ચારણીના લોહીના ખોબા ભરીભરીને પાર્વતીજી ઉપર છાંટ્યા. ચારણી પોતાના ભરથારના મુખમાંથી ગાજતા ૐકારને સાંભળતી શિવને શરણે ચાલી ગઈ.

જેઠાએ કહ્યું : "હું આવું છું હો કે! આ આવ્યો."

જેઠાએ ફરી વાર રામાયણ વાંચી. પાઘડી ઉતારીને પડખે મૂકી. મહાદેવજીની જોડમાં વીરાસન વાળ્યું. જમણા હાથમાં તલવારની મૂઠ ઝાલી. ડાબે હાથે લૂગડા વતી પીંછી પકડી.

"લેજો દાદા! આ મારી પૂજા"—એમ કહીને એણે ગળા સાથે તલવારની ભીંસ દીધી. તલવારને એક જ ઘસરકે માથું મહાદેવને માથે જઈ પડ્યું. ધડ બેહોશ થઈને શિવલિંગ પર ઢળી ગયું. પણ વીરાસન ન છૂટ્યું, તલવાર પણ એમની એમ હાથમાં ઝાલેલી રહી. પંખીડાંની જોડલી ધરતીને પિંજરેથી ઊડીને એ રીતે ચાલી ગઈ.

રાણાગામના જ એક રહીશની સાક્ષી વાંચીએ :

"અષાઢ વદ બારસ, રવિવારે સવારે મને ખબર મળ્યા કે રાણેસરમાં સ્ત્રી-પુરુષ મરેલાં પડ્યાં છે. હું ત્યાં ગયો. શિવલિંગની પાસે જ બે સ્ત્રી-પુરુષ મરેલાં દીઠાં. શિવલિંગની બાજુમાં ભીની પછેડી પડી હતી તેથી લાગ્યું કે બન્ને જણાં નદીમાં એક પોતિયે નાહ્યાં હશે; બે જુદેજુદે કળશિયેથી મહાદેવને નવરાવ્યા હશે; પોતાના કપાળે તથા મહાદેવને ગોપીચંદન લગાડેલ હશે. લિંગની પાસે ફૂલો પડ્યાં હતાં. બે માણસોએ બે કોડિયાંમાં ઘીના દીવા પ્રગટાવ્યા હશે એમ લાગ્યું. મંદિરના બારણા પાસે સોપારી પડી હતી. ચોખાની ઢગલી પડી હતી તેમાંથી પેન્સિલે લખેલો કાગળ નીકળ્યો. એમાં લખ્યું હતું કે, 'આ કામ અમે રાજીખુશીથી કર્યું છે. અમને માફ કરજો. મારી પચાસ બે સોમાંથી એક ભેંસ મારી બહેનને દેજો અને કૂળીમાં ખાબુ છે તેમાંથી બાજરનાં ગાડાં દેજો.'

Website: http://www.allimagetool.com



"કરમાબાઈ ઊંધી લાંબી પડી હતી. તેના પગ બારણા પાસે ને માથું પાર્વતીજી પાસે હોવાથી લાગ્યું કે એ મહાદેવની સામા ઊભા રહીને ગળામાં તલવાર નાખી પોતાને હાથે મરી હશે. એના હાથ સાફ હતા, પણ જેઠાના હાથ લોહીથી તરબોળ હતા. મહાદેવજી ઉપર ને પાર્વતીજી ઉપર લોહીનાં છાંટણાં હતાં તેથી લાગે છે કે કરમાબાઈના લોહીમાંથી ખોબા ભરીને જેઠાએ શિવપાર્વતી ઉપર અભિષેક કર્યો હશે. કરમાબાઈનો નગગોટો (ડોકું) અરધોક જ કપાયેલ હોવાથી પોતે પોતાના હાથે જ કમળપૂજા ખાધી હશે.

"જેઠાએ પોતાની પાઘડી ઉતારીને ખુલ્લે હાથે મહાદેવની જોડમાં વીરાસન વાળી તલવારથી પોતાનું માથું કાપ્યું હશે. બેઠેલો હોવાથી બેશુદ્ધ થયા પછી ગોઠણભેર ઊંધો પડી ગયો હશે. આખર સુધી તલવારની મૂઠ જમણા હાથમાં હતી અને ડાબા હાથમાં લૂગડા વતી પીંછી પકડેલી હતી. તલવારની મૂઠ તેમ જ પીંછી તરફનો ભાગ લોહી વગરનો હતો. વચલો ભાગ લોહીથી તરબોળ હતો, તેથી લાગ્યું કે તલવારને બહુ વખત ચાંપીને જ કામ પતાવ્યું હશે.

"મંદિરની બાજુમાં એ બેયની એક ચિતા ખડકી નાળિયેર, તલ તથા ઘીની આહુતિઓ આપી દહનક્રિયા કરવામાં આવી. તે સ્થળે આ યુગલની દેરી ચણી છે. આજ ત્યાં માનતા ચાલે છે."

*

આ વીરબેલડીનાં ગીત ગાનાર એક ચારણ નીકળ્યો. એ ચારણનું નામ દેવાણંદ ભગત. તંબૂરો લઈ ને એણે આ દંપતીનાં ભજન ગાયાં છે. બારાડીમાં એ ભજન ગળતે સાદે ઘરેઘરમાં ગવાય છે. કાવ્યદૃષ્ટિએ તો ભજનો નજીવાં છે.

[૧]

એ હાલો હાલો સતી આપણે દેવળ જાયેં,
વે'લા વે'લા વૈકુંઠમાં જઈ વાસ કરીએ. — એ હાલો હાલો૦
હે સતી, જેઠો મોવડ કે' મને સપનું લાધ્યું,
જાણે કૃષ્ણજી આવીને ઊભા પાસે,
શંકરને ચરણે જઈને શીશ ધરીએં,
આવાગમન મટી જાશે રે. — એ હાલો હાલો૦

Website: http://www.allimagetool.com



કરમા'બાઈ સતી કે', સ્વામી તમે સત બોલ્યા,
એ તો મારે મન ભાવ્યાં રે,
જલદી કરો તમે સ્વામી મોરા રે,
તમ થકી અમે ઓધરીએં રે. — એ હાલો હાલો૦

ધન્ય ધન્ય સતી તારાં માતપત્યાને,
અમને ઉપમા આવી દીધી રે,
કાઠી સાસતિયો, સધીર વાણિયો,
ત્રીજો જેસલ દીધો તારી રે. — એ હાલો હાલો૦

શ્રી ભાગવતમાં રાણી આવું બોલ્યા રે,
કોઈ પોતાના પિયુથી દુર્મતિ રાખે,
કોટિકલ્પ કુંભીપાકમાં રાખશે,
પછે* ઊંચ ઘેર અવતાર દેશે રે. — એ હાલો હાલો૦

જેદો મોવડ કે એ મેં સાંભળ્યું,
નવ નવ વરસે લગન લેશે રે,
વરસ અગિયારમે ચૂડાકર્મ કરશે,
એ નારી કેમ ઓધરશે રે. — એ હાલો હાલો૦

એક અસ્ત્રીને તરવાનો રસ્તો,
હરિગુણ હૈયામાં રાખે રે,
પોતાના પિયુજીને શિવ કરી માનશે,
તેને ત્રિકમજી લેશે તારી રે. — એ હાલો હાલો૦

રામનું નામ રુદામાં રાખજો,
તો શામળો કરશે સારું રે,
ગુરુ ગંગારામને વચને દેવાણંદ બોલ્યા,
પ્રભુ અમને પાર ઉતારો રે. — એ હાલો હાલો૦

---

* પોતાના પતિથી ઠગાઈ રમનાર સ્ત્રીને પ્રભુ મોટા માણસના ઘરમાં અવતાર દેશે. એટલે કે સ્ત્રી ત્યાં બાળલગ્ન અને ફરજિયાત વૈધવ્યથી દુ:ખી થશે.

Website: http://www.allimagetool.com



[૨]

ભલો કામ સારો કીધો, જગજીવનને જીતી લીધો રે,
કુળ ઉજાળ્યો ચારણે, ભલો કામ કીધો રે—

પ્રભાતે ઊઠી પરિયાણુ કીધું,
મમતા મેલીને ચારણે, સારો મારગ લીધો રે૦

જેઠો મોવડ કે' સતી જાપ આપણે જપીએં,
રુદામાં હરિના ગુણ આપણે ભજીએં.

કમીબાઈ સતી કહે સ્વામી ગાયત્રી પૂજા કીજીએં,
શ્રીકૃષ્ણ-રામનું નામ મુખડેથી લીજીએં.

ટચલી આંગળીયું વાઢી તિલક ધ્યાન કીધાં,
શિર રે વધેરી ચારણે શંકરને દીધાં.

એવા ઉછરંગે મનમાં જાણે માયરે આવ્યાં,
પ્રથમ શીશ સતી કમીબાઈનાં વધાર્યાં.

ખમા ખમા કહીને શંકરે ખોળામાં લીધાં,
પારવતીજી પૂછે, ચારણ, તમને કોણે મારગ ચીંધ્યા ?

અમને અમારા ગુરુએ મારગડા બતાવ્યા,
એ ગુરુના પ્રબોધ્યા અમે તમ પાસ આવ્યા.

ગુરુને પ્રતાપે બારોટ દેવાણંદ બોલ્યા,
એ બાવડી ઝાલીને પ્રભુએ ભવસાગર તાર્યા.

[૩]

રાણેશ્વર જાયેં જાયેં, અંગડાં આનંદમાં રાખીને,
કમળપૂજા લઈએં લઈએં રે!

[સાખી]

સરસ્વતી સમરું શારદા, ગણપતિ લાગું પાય,
એક સ્તુતિ મારી એટલી કે'જો, મારા બાંધવને કે'જો રામ રામ,
રાણેશ્વર જાયેં જાયેં.

Website: http://www.allimagetool.com



જેઠા મોવડે કાગળ લખ્યા, સતીએ દીધાં માન,
ભાર રાખીને સતી તમે ભાખજો, સતીએ લખાવ્યાં ઠામોઠામ,
રાણેશ્વર જાયેં જાયેં.

મોવડે મનમાં ધાર્યું, કમળપૂજા લેવાને કાજ,
સતી થાવ ને સાબદાં, ખડગ ખાંડું લીધું સાથ,
રાણેશ્વર જાયેં જાયેં.

જેઠા મોવડ કહે સતી તમે જાણજો, હું તો પૂછું પરણામ,
તમે અબળા કહેવાવ, આપણે ખેલવું ખાંડાની ધાર,
રાણેશ્વર જાયેં જાયેં.

અરે સ્વામી તમે શું બોલ્યા, પળ ચોઘડિયાં જાય,
સ્વામીની મોર્ય શીશ વધેરશું, ધન્ય ધન્ય મારાં ભાગ્ય,
રાણેશ્વર જાયેં જાયેં.

શંકર કહે હું કૈલાસમાં હતો, જેઠા મોવડની પડી જાણ,
જલદી રથ જોડાવિયો, તરત મેલ્યાં વેમાન રે,
રાણેશ્વર જાયેં જાયેં.

એકાદશીનું વ્રત પાળતાં, નર ને નારી એકધ્યાન,
તેત્રીશ કોટિ દેવ જોવા મળ્યા, ડોલવા લાગ્યાં સિંહાસન,
રાણેશ્વર જાયેં જાયેં.

દેવળમાં જઈ સતીએ દીવડા ઝગાવ્યા, અગરબત્તીનો નહિ પાર,
કમળ કસ્તૂરી કેવડો બે'ક બે'ક ફૂલડાં ગુલાબ,
રાણેશ્વર જાયેં જાયેં.

રેણુકા નદીમાં સ્નાન કરીને, કોરાં પાલવડાં પહેરાય,
પોતપોતાને હાથે શિર વધેર્યાં, અમર રાખ્યાં છે નામ,
રાણેશ્વર જાયેં જાયેં.

શંકર કહે સતિયાં તમે માગો, તમે સાચાં હરિનાં દાસ,
પુતરનાં વેર પારણાં બંધાવું, આપું ગરથના ભંડાર,
રાણેશ્વર જાયેં જાયેં.

Website: http://www.allimagetool.com



કમીબાઈ સતી કહે અમે શું માગીએ, આવો કળજુગ નો સે'વાય,
સદા તમારે શરણે રાખજો, રાખજો તમારી પાસ,
રાણેશ્વર જાયેં જાયેં.

તિથિ વદિ બારસ દિતવાર, મહિનો અષાઢ માસ,
સંવત ઓગણીસો સડસઠની સાલ, ચારણે સુધાર્યાં કાજ,
રાણેશ્વર જાયેં જાયેં.

ગાય શીખે ને સુણે સાંભળે, એનો વૈકુંઠમાં થાય વાસ,
ગુરુ પ્રતાપે દેવાણંદ બોલ્યા, પંડનાં પ્રાછત્ત જાય,
રાણેશ્વર જાયેં જાયેં.

[૪]

જેઠા મોવડે આવું ધાર્યું, કમીબાઈએ સાથ સુધાર્યો,
એવાં સતી કમીબાઈને કહીએ, નિત ઊઠીને નામ લઈએ.
રામકથા હરિનામ લેતાં, શાસ્ત્રો વાંચીને સાર લેતાં,
એકાદશી વ્રત્ત પણ રે'તાં, સેવા શંકરની કરતાં.

પરસોત્તમ માસ પૂરણ નાહ્યાં, અરપણ કીધાં શીશ સેવામાં,
અમર નથી રહેવાની કાયા, દુનિયાની ખોટી છે માયા.

આવી દેવળમાં દીવડા કીધા, તુલસીપાનથી પારણાં કીધાં,
રૂપા મોર મુખમાં લીધાં, ગોપીચંદનનાં તિલક કીધાં.

એવાં વિવેકી વિગતે કીધાં, પ્રેમના પ્યાલા પ્રીતે પીધા,
હરિરસ હામથી પીધા, કમલપૂજા જુગતીથી લીધા.

ગુરુ ગંગારામ વચને બારોટ દેવાણંદ એમ બોલ્યા,
જુગોજુગ અમર રહ્યાં, શંકરને શરણે થયાં.

[૫]

જેઠો મોવડ જગમાં સીધ્યો, કમીબાઈ કુળનો દીવો,
રાણુગામ ઋષિનો ટીંબો, તેમાં અચરજ શું કે'વો.

દીનાનાથે મોકલ્યા અમને, જાવ પરોળીઆ પૂછો એને,
આવો કામો કોણે કીધો, આવો કોઈને ન દીઠો.

Website: http://www.allimagetool.com



આવી પરોગીઆ પૂછવા લાગ્યા, કોનાં છો બાળક,
અંતરમાંથી કહોને અમને, ત્રિકમજી સમરે તમને.

દેવીપુત્ર કુળ અમારો, ભાવે કરીને ભજીએ માવો,
સૌને સવારથ છે વહાલો, અમને વા'લો કૃષ્ણજી કાળો.

નાઈ ધોઈ નમસ્કાર કીધા, પૂજા કીધી, પરિક્રમણ કીધાં,
શીશ વધેરીને શંકરને દીધાં, કારજ પોતાનાં તો કીધાં.

ગુરુ પ્રતાપે દેવાણંદ કહે છે, એ પ્રભુ એને શરણે લેજો,
ભલો કીધો ભાવનો મેળો, આવ્યો વેમાનથી તેડો.

જેઠા મોવડના ભાઈએ આ દેવાણંદ ભગતને એક ભેંસ દાનમાં આપવા માંડી. ભગતે કહ્યું : "હું તો કાળું દાન લેતો નથી. પણ જેઠાની કાંઈક યાદગીરી રહે તેવું પુણ્ય કરો."

Website: http://www.allimagetool.com

# પરિશિષ્ટ ૧

# સોરઠી ભાષાનો કોશ

## [ શબ્દો અને રૂઢિપ્રયોગો ]

## શબ્દો

અખાજ : અખાદ્ય
અખિયાત : આખું, સુવાંગ
અટવાવું : ગૂંચવાઈ જવું
અડવું ( અંગ ) : ખાલી, અલંકાર વગરનું
અડાબીડ : સંખ્યાબંધ, ભરપૂર
અણખંડી : અખંડિત
અધગાળે : વચ્ચે
અનરાધાર, અંદ્રાધાર, ઇંદ્રાધાર : મોટી ધારે વરસતો વરસાદ. ( ઇંદ્ર મહારાજ વરસાવે છે એવી લોકકલ્પના છે. )
અનિયા : અન્યાય
અમલ : અફીણનો કેફ
અરઘવું : ઓપવું, શોભવું
અસમદનાં પગલાં, અસમેરનાં પગલાં, અસમાનનાં પગલાં : આસમાનમાં પગલાં, મૃત્યુકાળે પગે ચાલીને સ્મશાનમાં જઈ ચિતા પર ચડવાની વિધિ
અસરાણપત : અસુરો (યવનો)નો પતિ
અંજળ : અન્નજળ, પરસ્પરની લેણાદેણી
અંતરિયાળ : નિર્જન પ્રદેશમાં, મુકામથી દૂર, નિરાધાર સ્થળે
અંબોડાળી (ભેંસ) : જેનાં શીંગડાં આંટા લઈ ગયેલાં હોય છે તે (સ્ત્રીના માથાના અંબોડાની કલ્પના છે)
આઈ : કાઠી કોમમાં સ્ત્રીઓને બે જ સંબોધન કરાય છે : વડપણના સ્થાને બેઠેલી સ્ત્રીને 'આઈ,' અને યુવાન સ્ત્રી અને સાસુ વગેરેને 'ફુઈ.'
આઉ : પશુઓનો સ્તનપ્રદેશ
આકોટા : કાનની બૂટમાં પહેરવાનું ઘરેણું
આખાબોલો : ઉદ્ધત
આગેવાળ : ઘોડાના આગળના ભાગનો સામાન
આગોણ : ચૂલાનો આગળનો ભાગ.

Website: http://www.allimagetool.com



આછટવું : પ્રહાર કરવો
આછો ડાબો : ધીરાં પગલાં (ઘોડાનાં)
આડસર : મકાનના છાપરાની વચ્ચોવચનું મોટું લાકડું
આડહથિયાર : દૂરથી ફેંકીને નહિ, પણ હાથમાં રાખીને જ જેનો ઉપયોગ થાય તેવાં, તલવાર જેવાં, હથિયાર
આડું ભાંગવું : પ્રસવ થઈ જવો
આણાત : આણું વાળીને સાસરે ગયેલી સ્ત્રી
આણું : લગ્ન પછી પહેલી વાર પિયર આવેલી કન્યાને વિધિ-પૂર્વક સાસરે વળાવાય એ પ્રસંગ, ઓંજણું
આતો : કણબી અને ખાંટ કોમમાં વડીલને 'આતો' કહેવાય (મૂળ અર્થ : પિતા)
આથમણું : સૂર્યાસ્તની દિશામાં, પશ્ચિમે
આથેય : ગમે તે
આદો : આવ્યો (ચારણી શબ્દ)
આફળવું : અફળાવું, લડવું
આભલાં : (૧) અરીસા (૨) અરીસાના કાચનાં નાનાં ચગદાં (અસલ સ્ત્રીઓના ભરતકામમાં હતાં.)
આરદા : પ્રાર્થના
આરો : બચાવ (મૂળ અર્થ : કિનારો)
આવડ : એ નામની દેવી
આસેં : આંહીં
આંબવું : પહોંચવું, પકડી પાડવું
ઉગમણું : સૂર્ય ઊગવાની દિશા
ઉચાળા : ઘરવખરી
ઉતાર (અફીણનો) : અફીણ વખતસર ન ખાવાથી અંગમાં આવેલું નિશ્ચૈતન્ય
ઉનત્ય : ઊલટી, વમન
ઉપરવાસ : નદીનું વહેણ આવતું હોય તે દિશા
ઊગટો : (ઘોડાનો) તંગ ખેંચવાની વાધરી
ઊજળે મોઢે : આબરૂભેર
ઊભા મોલ : તૈયાર પાક
ઊભે ગળે : સારી પેઠે
ઊંડવઢ : ઊંડો રસ્તો
એકલોયા : એક જ લોહીના, દિલોજાન
એન : સારી પેઠે
ઓઘો : કડબનો ઢગલો
ઓડા : અંતરાય, આડશ
ઓણુ સાલ : આ વરસ, આ સાલ
ઓતરાદું : ઉત્તર દિશાનું
ઓથ : આશરો
ઓર : જન્મેલા બચ્ચાને શરીરે

Website: http://www.allimagetool.com



બાઝેલું ચામડીનું પડ
ઓરમાયો : સાવકો
ઓરવું : નાખવું
ઓરીઓ : માટી
ઓલ્યા : પેલા
ઓસાણ (ઓહાણ) : સ્મરણ
ઓળઘોળ : ન્યોચ્છાવર
ઓળીપો : ગારગોરમટી, લીંપણ
ઓંજણ : પિયરથી સાસરે આવતી ગરાસણીનું વેલડું
કગરુ : હલકા દૂધ(વર્ણ)ના ગુરુ
કટક : સૈન્ય
કટાબ કોરેલ (કાપડું) જેના ઉપર ઝીકસતારાનું ભરતકામ થાય છે તે કપડું
કડાકા : લાંઘણ, ઉપવાસ
કઢીચટ્ટા : એંઠ ખાનાર, ઓશિયાળા, દાસ
કણુરો : કોનો (મારુ શબ્દ)
કણુસવું : ખટકવું
કનેરીબંધ નવઘરું : લાલ મધરાશીઆને લાંબું સંકેલીને વચ્ચે વચ્ચે કનેરી મોળિયું વીંટીને પાઘડી બંધાય છે; રાજા કે વરરાજા બાંધે; રાજા પાઘડી ઉપર નવ ગ્રહથી ખચિત શિરપેચ ગુચ્છો લગાવે છે. આવી કનેરીબંધ (નવગ્રહના ગુચ્છપેચવાળી) પાઘડી
કબંધ : ધડ
કમણ : કોણ (ચારણી શબ્દ)
કમોત : ખરાબ રીતે થયેલું મોત
કરડાકી : કડકપણું, સખતાઈ
કરમાળ : તલવાર
કરલ : કરચલી
કરાફાત : અજબ બલવાન
કરિયાવર : દીકરીને પહેરામણી
કરો : ઘરની બાજુનો ભાગ (પાછલી પછીત અને બાજુના કરા કહેવાય)
કવળાસ : કૈલાસ
ક'વાય : કહેવાય
કસટાવું : કષ્ટ પામવું, 'અરરર ! અરરર !' કરવું
કસાયેલ : કસેલું, જોરાવર
કસુંબલ, કીડિયા ભાત : કાળા પોતમાં ગોળ ઝીણી ઝીણી ભાત, બોરિયું
કસૂંબો : અફીણના ગોટાને ખરલમાં ઘૂંટી, તેમાં પાણી નાખી પાતળું પ્રવાહી બનાવીને બંધાણીઓ પીએ છે. તેનો રંગ ઘેરો લાલ હોવાથી 'કસૂંબલ' પરથી 'કસૂંબો' કહેવાય છે.
કળવળથી : યુક્તિથી
કળશિયો : લોટો
કળશી : ૨૦ મણ (અનાજનું

વજન ); કોઈક ૧૬ મણ પણ મળે છે.

કળાયું (સ્ત્રીના હાથની) : કોણીથી કાંડા સુધીનો ભાગ

કાટકવું : હલ્લો કરવો

કાટલ : કટાયેલ

કાઠાની કદાવર : શરીરે પડછંદ

કાઠું : અસલના વખતમાં ઘોડા ઉપર માંડવાની લાકડાની બેઠક

કાતરા (દાઢીના) : દાઢીની બેઉ બાજુએ વધારેલ લાંબા વાળ

કામવું : રળવું

કામળો (ગાયનો) કંઠે ઝૂલતું ચામડીનું પડ

કારસો : કળા, ઇલાજ

કાલી : ગાંડી

કાળકર્મો : કાળાં કામ કરનાર

કાળજ : કલેજું

કાળમીંઢ : કાળા કઠણ પથ્થરની જાત

કાળમુખી : અમંગળ

કાળાં કામો : ખરાબ કૃત્ય, હલકું કામ

કૂકરી : સોગઠી (ચોપાટની)

કાંટ્ય : ઝાડી

કીડીઓનું કટક : હારબંધ એકી સાથે કીડીઓની જેમ ચાલવું તે

કીરત : કીર્તિ

કીસથા : ક્યાંથા (ચારણી શબ્દ)

કુડલો : ઘાડવો

કુડલો : તેલ રાખવાનું ચામડાનું વાસણ

કુંખ : ગર્ભ, પેટ

કુંડળ્ય : કુંડળી, લાકડી જડવાની ભૂંગળી

કુંભીપાક : નરક

કુંવરપછેડો : રાજાઓના પુત્રના જન્મ વખતે થતી પહેરામણી

કૂડી કૂડી : વીસની સંખ્યાબંધ, અનેક

કૂબા : (૧) ઢાલ ઉપરનાં ચાર ટોપકાં (૨)માટીનાં નાનાં ઘર

કૂમચી : ચાબુક

કડે કરવું : અકુંશમાં લાવવું

કેની કોર : કઈ બાજુ

કોકરવાં : કાનની વચ્ચે પુરુષને પહેરવાનાં ઘરેણાં

કોટિયું : મુખ્યત્વે પુરુષને પહેરવાનું ઘરેણું, ચોરસી, કાંઠલી

કોઠો : (૧) કિલ્લાનો કોઠો (૨) હૃદય

કોલું : શેરડીનો રસ કાઢવાનો સંચો

કોળી : હાથના પંજામાં પકડી શકાય તેટલું માપ

ક્યાડી : જે ઘોડીની કેશવાળી તથા પૂંછડાનો રંગ કાળો ને શરીર રાતું હોય, તેને ક્યાડી કહેવાય

ખડકીના ઠેલ : બારસાખની

Website: http://www.allimagetool.com



અંદરના ભાગે બારણું ટેકવવાનું લાકડું
ખડાં છોગાં : મોટાં, ઊભાં છોગાં
ખપેડા : દેશી ઘરના છાપરામાં નળિયા નીચે વળીઓ ઉપર વાંસની ચીપોને સીંદરીથી બાંધી નળિયાં રહી શકે તેવો માળખો તૈયાર થાય તે
ખમૈયા : ક્ષમા
ખરચી : પૈસો
ખવીસ : ભૂતપ્રેત
ખળાવા ( જમીન ) : પંદરેક ફૂટ ત્રિજ્યાની જમીન ( જેના પર ખળું થઈ શકે )
ખળું : સીમમાં પાકેલાં ડૂંડાં લણીને ગામને પાદર લાવી ગાર લીંપી તેમાં ઢગલો કરી, તે પછી બળદનું હાલરું કરી ડૂંડાંમાંથી દાણા છૂટા પાડવાની જગ્યા
ખળું થઈ જવું : ઢગલો થઈ જવો
ખળેળવું : મૂત્ર કરવું
ખંડાવું : ખંડિત થવું
ખંપાળી : ખેડૂતોનું લાકડાનું દાંતાવાળું, પાવડાના આકારનું ઓજાર
ખાજલી, લેરિયું અને સાંકળી ભાત : ગોળગોળ જલેબીના ગૂંચળા જેવી ભાત, દરિયાનાં મોજાં જેવી તરંગિત લીટીની ભાત, સાંકળ જેવી ભાત ( રોટલા ઘડનારના હાથનાં ઘરેણાંથી રોટલામાં પડતી ભાત )
ખાડું : ભેંસોનું ટોળું
ખાબકવું : ઝંપલાવવું
ખાલ : ચામડી
ખાસદાર : ઘોડાનો રખેવાળ
ખાંપણ : કફન
ખુટામણ : વિશ્વાસઘાત
ખૂટલ : વિશ્વાસઘાતી
ખૂંટ : જમીનની સીમા દર્શાવતું નિશાન
ખૂંદણ : ( ઘોડાં ) પગ પછાડે તે
ખેપટ : ધૂળ
ખોઈ : પછેડીના છેડા સામસામે બાંધી બનાવેલી ઝોળી
ખોખરધજ : ઘરડું, જબ્બર શરીરવાળો પુરુષ ( 'કુક્કુટ-ધ્વજ' પરથી ખોખડધજ )
ખોટીલાં ( ઘોડાં ) : ખામીવાળાં ( આંખ નીચે, દાઢી ઉપર, હૃદય ઉપર, ડોકના મૂળમાં, કાન પાસે, ઢીંચણ ઉપર, જમણે પગે વગેરે સ્થાને ભમરી હોય એ ઘોડાં ખોટીલાં ગણાય. )
ખોભળ : કુંડલી, ગૂંગળી

Website: http://www.allimagetool.com



ખોભળા : વઢિયારા બળદનાં શીંગડાંને પહેરાવવાનો ભરત ભરેલો શણગાર
ખોળાધરી : બાંયધરી, જામીન
ખોળો ભરવો : સ્ત્રીનું સીમંત ઊજવવું
ગજાદાર : ઊંચા કદનો
ગજાસંપત : યથાશક્તિ
ગડેડવું : ગર્જના કરવી
ગઢવો : ચારણ ( અસલ ચારણને ગઢની ચાવીઓ સોંપાતી તે પરથી )
ગણ : ગુણ, ઉપકાર
ગદરવું : ગુજારો કરવો
ગબારો : આકાશ સુધી ઉછાળો
ગભરુડાં : ગરીબડાં
ગભૂડાં : નાનાં નિર્દોષ બાળકો
ગરજાં : ગીધ
ગલઢેરો : કાઠી દરબાર
ગલઢો : ઘરડો
ગસ્ત : ગિસ્ત, ફોજ
ગહેકાટ : ટોકાર
ગળ : ગોળ
ગળથૂથી : જન્મેલા બાળકને ગોળનું પાણી પાવાની વિધિ
ગળહાથ : ગળાના સોગંદ, ગળાથ
ગળાત : ગળે હાથ, સોગંદ ( જે માણસના સોગંદ ખાવાના હોય તેની ગરદને હાથ મુકાય છે.)
ગળામણ : મિષ્ટાન્ન
ગળા સુધી : ઠાંસીઠાંસીને
ગળ્યું : મીઠું
ગંગા-જમની તાર : હોકામાં મઢેલા સોના-રૂપાના તાર
ગાડાખેડુ : ગાડું હાંકનાર
ગાડાના ગૂડિયા : પૈડાં પાછળ રહીને, ગાડા નીચે રહીને
ગાડાંની હેડચ : ગાડાંની હાર
ગાભા જેવી : ઢીલી
ગાભો : લૂગડાંનો ડૂચો
ગામડી : ગામડું
ગામતરું : પ્રવાસ
ગામતરું થવું : મૃત્યુ થવું
ગામોટ : ગામનો બ્રાહ્મણ, જે સંદેશો લઈ જવા વગેરેનું કામ કરે છે.
ગાળ બેસવી : કલંક લાગવું
ગાળી : ખીણ, નળચ
ગાંદળું : પિંડો
ગિસ્ત : ફોજ
ગીગી : દીકરી
ગૂડી : ભેંશના ગોઠણ
ગૂઢાં : ઘેરાં, કાળા ભૂખરા રંગનાં
ગોકીરો : બૂમાબૂમ
ગોઠ : ઉજાણી, ગોષ્ઠી, આનંદ-પ્રમોદ
ગોબો : ગઠ્ઠાવાળી લાકડી
ગોરમટી : લીંપણ કરવાની ધોળી

Website: http://www.allimagetool.com



માટી
ગોલફીનો : ગુલામડીનો (કાઠીઓમાં પ્રચલિત ગાળ)
ગોલા : ગુલામ, રાજમહેલના ચાકરો
ગોવાતી : ગોવાળ
ઘર કરવું : લગ્ન કરવું
ઘાણ્ય : ગંધ
ઘારણ : ગાઢ નિદ્રા
ઘારણ વળી જવું : ગાઢ નિદ્રામાં પડવું
ઘાંસિયા : ઘોડાના પલાણ પર નાખવાની ગાદી
ઘુઘવાટ : ગર્જના
ઘેઘૂર : મસ્ત
ઘેરો : ટોળું
ઘોંકારવું : ઘોંચવું
ચડભડવું : બોલાચાલી થવી
ચડિયાતી આંખો : આંખના ગોખલામાંથી બહાર નીકળતી, મોટી આંખો
ચરણિયો : ઘાઘરો
ચસકાવવું : ત્વરાથી પીવું
ચંભા : તોપથી નાની બંદૂકોના મૂઠી જેવડા ગોળા
ચાડીકો : તપાસ રાખનાર
ચાડીલો : હઠીલો
ચાપડા ભરેલી (લાકડી) : ત્રાંબાપિત્તળના તારથી ગૂંથીને ચોરસ ભાત પાડેલી
ચાપવું : પુરુષના કાનની બૂટમાં પહેરવાનું સોનાનું ઘરેણું
ચારજામો : ઘોડા પરનું પલાણ
ચાળો : વિચિત્ર હાવભાવ
ચાંદરાત : બીજની તિથિ
ચાંદૂડિયાં : વાંદરાનકલ
(ઘોડી) ચાંપવી : દોડાવી મૂકવી
ચિચોડો : શેરડીનો રસ કાઢવાનો સંચો, કોલુ
ચૂડાકર્મ : વિધવા થતાં સ્ત્રીની ચૂડી ભાંગવાની ક્રિયા
ચે : ચેહ, ચિતા
ચોકડું : લગામ
ચોથિયું : ચોથો ભાગ
ચોલટા : ચોર
ચોળિયું : પાણકોરું
ચોંપ : ઝડપ, સાવચેતી
છાપવું : પ્રવાહી વસ્તુની અંજલિ લેતાં હથેળીમાં પડે તે ખાડો
છાલકાં : ગધેડાં પર બોજો ભરવાનું સાધન
છૂટકો : નિકાલ
છોઈફાડ : લાકડામાંથી છોઈ ઊતરે તેટલો, લગાર
જગનકુંડ : યજ્ઞકુંડ
જડધર : શંકર
જનોઈવઢ ઘા : જનોઈનો ત્રાગડો પહેરાય તે રીતે, ડાબા ખભા

ઉપરથી ગળા નીચે થઈને હૃદય સુધીનો ઘા

જબરાઈ : બલાત્કાર

જમણ : દિવસ

જરવું : પચવું

જવાસાની ટટ્ટી : સુગંધી વાળાનો પડદો

જંજરી : હોકો

જંજાળ્ય : મોટી બંદૂક

જીએરા : કચ્છના રાજાને લગાડવામાં આવતું સંબોધન (મૂળ અર્થ 'જીવો રાજા')

જાંગી : સીંચોડાનું મુખ્ય લાકડું

જીમી : કાઠિયાણીને ઘાઘરાને બદલે પહેરવાનું લુંગી જેવું છૂટું વસ્ત્ર

જુગતિ : યુક્તિ, જોવા જેવું

જુંબેદાર : જામીન, ખોળાધર

જેતાણું : જેતપુર

જોગટો : દંભી જોગી

જોગમાયા : દેવી

જોગાણ : ઘોડાને ખવરાવવાની ચંદી

જોડીદાર : સાથી, સરખી જોડીનો

જોધારમલ : અલમસ્ત

ઝડ : લૂંટ

ઝડવઝડ (દિવસ) સૂર્યાસ્તનો સમય

ઝંઝાળ : જુઓ જંજાળ્ય

ઝંટિયાં : વાળનાં જુલફાં

ઝાઝી વાત : મોટી વાત

ઝાટકા : તલવારના ઘા

ઝાપટવું : ખંખેરવું

ઝાંતર : ગાડાની નીચેના ભાગમાં ચીજો મૂકવાનું ખાનું (ભંડારિયું)

ઝીંકવું : ઝંપલાવવું

ઝૂમણું : ડોકનો દાગીનો

ઝૂંપી : ચિતા

ઝોક : ઢોરને રાખવાનો વાડો

ઝોંટ : આંચકો

ટપારવું : પ્રશ્ન કરવો

ટપુડિયાં : નાનાં

ટશિયો : ટીપું (લોહીનું)

ટાટકવું : હલ્લો કરવો

ટંક : જમવાનું ટાણું

ટંટાળ : ઉપાધિ

ટાઢી છાશ : શિરામણ

ટાઢો : ઠંડો

ટાબરિયાં : છોકરાં

ટારડી : હલકી ઘોડી

ટીલડી : કપાળનું મધ્યબિંદુ

ટીંબી : ગામ ખંડિયેર થઈને દટાયા પછી ઢોરો થઈ જાય એ જમીન, ટીંબો

ટૂટજૂટ : તૂટેલી

ટૂંપાવો (જીવ) : મૃત્યુ વખતે પ્રાણ દુઃખી થાય, જીવ જલદી

Website: http://www.allimagetool.com



ન નીકળે તે
ટેવવું : અનુમાન કરવું
ટોયલી : નાની લોટી
ટૌકો : અવાજ
ઠબવું : અડવું
ઠાણુ : ઘોડાર
ઠામ : વાસણ
ઠુંગો : કસુંબો લીધા પછી ખાવામાં આવતો ગળ્યો નાસ્તો
ઠેરવવું : નિશાન તાકવું
ઠોંઠ ઠાપલી : તમાચો
ડણુક (સિંહની) : ગર્જના
ડમ્મર : વંટોળિયાની ડમરી
ડંકવું : વેદનાના સ્વરો કાઢવા
ડાટો : ઢાંકણુ (બૂચ)
ડાઢવું : કટાક્ષ વચન બોલવું
ડાબા : ડાબલા, ઘોડાના પગની ખરી
ડાભોળિયું : ઘાસનો કાંટો
ડાલા : સૂંડલા
ડૂકવું : થાકી જવું
ડૂંઘો : હોકો
ડેરા : તંબૂ
ડોર : માળાનો મેર
ડોઢી : મકાનને દરવાજે બન્ને બાજુ રાખેલી બેઠક
ડોરણું : બોરિયું, બટન
ડોંચવું : ખેંચવું
ઢાળુ : ઢળેલું – તરફ
ઢાંકેલ-ઢૂંબેલ : સહીસલામત
ઢીબવું : મારવું
તમુંહી : તમને (કાઠી શબ્દ)
તરકટ : કાવતરું
તરઘાયો ઢોલ : યુદ્ધ વખતનો ઘેરા અવાજે વાગતો ઢોલ
તરફાળ : ખભે રાખવાનું ઝીણું પોતનું ફાળિયું, ઉપવસ્ત્ર
તરિયા : તરનાર માણસો
તરિંગ : (ઘોડાની) પીઠનો પાછલો ભાગ
તળાજું : તળાજા ગામનું કુલા-મણું નામ
તા : ઉશ્કેરાટ
તાજમ : અદબ વ્યક્ત કરતી ચેષ્ટા
તાણુ : આગ્રહ
તારવવું : માર્ગ બદલવો
તાશેરા : બંદૂકોના સામટા ભડાકા
તાંત : કપાળે પહેરવાનું ઘરેણું
તાંસળી : કાંસાનો મોટો વાટકો
તેરમું : મૃત્યુ પછી તેરમા દિવસનું જ્ઞાતિભોજન
તેરેલું : બળદની જોડી
તારીંગ : ઘોડા
તાળવી (બરછી) : ઉગામવી

Website: http://www.allimagetool.com



ત્રસકાં : ટીપાં
ત્રહકી રહી : નીતરી રહી
ત્રાટકવું : હલ્લો કરવો
ત્રાંબા જેવા : ત્રાંબાવરણી ભાત ઊપસે એટલા શેકીને કડકડા બનાવેલા (રોટલા)
થાનેલેથી : સ્તન પરથી
થાનેલું (–લો) : સ્તન
થેપાડું : પ્રૌઢ વયની સ્ત્રીઓ ચણિયાને સ્થાને પહેરે છે તે લાલ રંગનું વસ્ત્ર, જેને નાડી નથી હોતી પણ ગાંઠ વાળવામાં આવે છે.
દખણાદું : દક્ષિણ દિશામાં
દડેડા : ધારાઓ
દવલો : અપ્રિય (દુ + વહાલો)
દશ્ય : દિશા
દસ્તો : ભોગળ
દહાડી : રોજિંદી મજૂરી
દાખડો : મહેનત
દાગવું : પેટાવવું, સળગાવવું
દાણ : વેરો
દાણિયા : દાવ
દાણિગર : કરજ
દાળદર ભુક્કા : ગરીબીનો નાશ
દામની : દિશામાં
દુડદમંગા : મોટી
દૂધમલિયું : દૂધ ખાઈ ખાઈને જોરાવર ને કાંતિવાન થયેલું
દૂધિયું : ઠંડાઈ (બદામ, તરબૂચનાં બી, ખસખસ, તીખાં ગુલાબની સૂકી પાંખડી વગેરે વાટી-પલાળીને ખાંડ ઉમેરીને ઉનાળામાં પિવાતું દૂધનું પીણું)
દેકારા : શૌર્યોત્તેજક હાકલા
દોઢી : દરવાજાની ડેલીના નીચેના બંને ઓટલા
દોઢય : વચ્ચેથી બેવડાવેલું
ધડકી : ગોદડી
ધડૂકવું : વાદળમાં કડાકાધડાકા થવા
ધધડાવવું : ઠપકો દેવો
ધમાકા દેતી : વેગવંત ગાતથી
ધમેલ : ધગાવેલ
ધરપત : ધીરજ
ધરવવું : તૃપ્ત કરવું
ધરાવું : તૃપ્ત થવું
ધા : નિસાસો
ધા નાખવી : દુઃખ પડયાના પોકાર કરવા, ધાપોકાર કરવો
ધામોડા : અવાજ
ધાર : નાની ટેકરી
ધારોડા : ધારાઓ
ધીંગા : જાડા, મજબૂત
ધીંગાણું : લડાઈ

Website: http://www.allimagetool.com



ધૂડિયું વરણુ : ધૂળમાંથી અન્ન પકવે એ વર્ગ, ખેડૂતો

ધૂંધળો : ધૂલિ-ધૂસર, ધૂળ ઊડવાને લીધે ભૂખરો થયેલો

ધોખો : મનદુઃખ

ધોબો : એક હાથનો ખોબો

ધોમચખ : ખૂંખાર

ધોમ તડકો : સખત તાપ

ધોળી શેરડી : ભરૂચી દેશી શેરડી

ધ્રાગડિયું : મજબૂત

ધ્રાસકો : ફાળ

ધ્રોપટ : વેગથી

ધ્રોપટ : સોંસરવઢ, આરપાર

નખ્ખેદ : તોફાની

નગરનો ફાળિયો : વીસ હાથનું જામનગરમાં વણેલું માથાબંધણું; તેના વણાટવાળા કાળા છેડામાં સોનેરી તાર વણેલા હોય છે

નરપસાઈ : હરામખોરી

નવઘરું : પાઘડી

નવા દી : નવરાત્રિથી માંડી દિવાળી સુધીના દિવસો

નળગોટાં : ગળાનો હરડિયો

નળો (હાડકાનો) : પગનું હાડકું

નળ્ય : ઊંડો ને સાંકડો રસ્તો

નંદવાય (ચૂડલી) : સધવા નારીની ચૂડલી તૂટે તેને 'નંદવાય' કહેવાય. ('તૂટવું' એ અમંગળ શબ્દ હોઈ વૈધવ્ય વખતના ચૂડીકર્મનું સૂચન કરે છે).

નાડાછોડ : પેશાબ

નાતરું : પુનર્લગ્ન

નાનડિયા : નાની ઉંમરના

નામચા : નામના

નિવેડો : નિર્ણય

નેરું : નાની, ઊંડી નદી

નેવણુ : ડામણુ

નોખનોખા : જુદા

નોંધવું : તાકવું

પખતી : પહોળી

પખાળવું : પ્રક્ષાલવું, ધોવું

(કુળનાં) પખાં : (માતૃ-પિતૃ બંને) પક્ષો

પઘડાં : સોગઠાં

પછીત : ભીંતનું પછવાડું

પટાધર : શોભાદાર, શૂરવીર

પડઘિયાવાળું : નીચે છાજલીવાળું

પડધારા : ડુંગરની ઢળતી બાજુ, ઢોળાવ

પતીકાં : ટુકડા

(ત્રણ) પરજ : કાઠી કોમની ત્રણ શાખા : ખાચર, ખુમાણ ને વાળા

પરજેપરજા : ટુકડેટુકડા

Website: http://www.allimagetool.com



પરડિયા : બાવળની શીંગો
પરનાળાં : પ્રણાલિકા, ધારાઓ
પરબોળિયા : વાડ પર ચડતી જાંબલી ફૂલવાળી વેલ થાય તેની શીંગો
પરમાણુ : સાર્થક
પરવાળા : ઘેરા ગુલાબી, પ્રવાલ જેવા
પરિયાણ : પ્રયાણ, તૈયારી
પરિયાં : પૂર્વજો
પરોણાગત : મહેમાની
પરોણો : મહેમાન
પલાણ : ઘોડા ઉપરનો સામાન
પલાણવું : ઘોડે ચડવું
પહર : રાત્રિને પાછલે પ્રહરે ભેંસને ચરવા લઈ જવી તે
પળી-બે-પળી : પાશેર, અધશેર
પંગત : પંક્તિ, હાર
પંચાતિયા : વિષ્ટિકારો
પંથક : પ્રદેશ
પંડે : પોતે
પાકટ (ઉંમર) : વૃદ્ધાવસ્થા
પાગડું (પેંગડું) : ઘોડે ચડવાની રકાબ
પાટકવું : ભટકવું
પાટિયાં : અનાજ રાંધવાનું માટીનું વાસણ
પાટી : કાઠીઓમાં પુત્રોને વારસામાં જમીન વહેંચાય અને જે ભાગ મળે તે
પાટી (માથાની) : સેંથાની બન્ને બાજુએ લમણા પર ચપટા ઓળેલા સ્ત્રીના વાળ
(લોહીનાં) પાટોડાં : ખાબોચિયાં
પાઠાં : ઘોડા પરના કાઠાની બે બાજુનાં લાકડાં
પાણકોરું : ધોયા વગરનું જીન નામનું કાપડ
પારખવું : ઓળખવું
પારેવડાં : કબૂતર જેવાં ગરીબડાં બચ્ચાં
પાલવડાં : વસ્ત્રો ('પલ્લવ' પરથી)
પાવો : વાંસળી જેવું વાદ્ય
પાસાબંધી કેડિયાં : લાંબી બાંય, છાતી ઉપર કસો અને પેટ ઉપર ઘેરવાળું દેશી પ્રજાનું પુરુષ-વસ્ત્ર
પાળ : સૈન્ય
પાળ્ય : ગામના રક્ષણને બદલે અપાતું મહેનતાણું
પાંખા : આછા, છૂટાછવાયા
પાંદડી : કાનના ઉપલા ભાગમાં પહેરવાનું ઘરેણું
પાંભરી : 'ટાઇ ઍન્ડ ડાઇ,' બાંધણુથી બનાવેલો રેશમી રૂમાલ, પુત્રજન્મ થતાં તેને પાંભરી અને પુત્રીજન્મ થતાં ચૂંદડી ઓઢાડાય

Website: http://www.allimagetool.com



પાંસળ : પાસે

પીઆલા (જેવી તલવાર) : પ્રિયાલ (વીજળી) જેવી ચમકતી અને ગતિમાં ત્વરિત ફરતી તલવાર

પીંગલે : ઘોડિયે

પીંછી : (તલવારની) અણી, પૂંછડાનો ભાગ

પુલકાવળ : રોમાંચ

પૂછ્યાનું ઠેકાણું : સલાહ લેવા લાયક

પેટ : સંતાન

પેટ પીડ : પેટનો દુઃખાવો

પેટ સારુ : આજીવિકા માટે

પેડાં : દહીં જમાવવાનાં માટીનાં દોણાં

પેનીઢક : પગની પાની સુધી ઢળકતો (પહેરવેશ)

પેપડી : પીપરના ઝાડનાં કૂણાં ફળ

પો ફાટવાનો સમય : સૂર્યોદય પહેલાંનો સમય

પોગવું : પહોંચવું

પોટલીએ : કુદરતી હાજતે

પોડાં : પડ

પોતિયું : નાહવા માટેનું ધોળું ઝીણું પનિયું, ધોતિયું

પોથી : એ નામની વનસ્પતિ જેનાં બિયાંમાંથી દાંત રંગાય છે.

પોથીના લાલ રંગમાં રંગેલા દાંત : લાલ મજીઠના — પોથાના ગોળ રૂપિયા જેવડાં પતીકાં આવે છે. તેનાથી સ્ત્રીઓ દાંત રંગે છે. (રાત્રે મોંમાં આંબલિયા વિનાની આંબલી ઠાંસોઠાંસ ભરીને ઓટલા પર બેસીને સ્ત્રીઓ મોંમાંથી લાળ વહેતી મૂકે; સવારે આંબલી કાઢી નાખે ત્યારે દાંત અંબાઈને ખાટા થઈ ગયા હોય, તેના પર પોથીનાં પતીકાં મૂકી, મોઢું બીડીને સ્ત્રી સૂઈ જાય. સાંજે ઊઠે ત્યારે ખાટા દાંત પર મજીઠનો લાલચોળ રંગ બેસી ગયો હોય.)

પોરસ : ઉત્સાહ

પોરસ : હોંશ, ગર્વભર્યો આનંદ

પોરસીલો : ઉદાર

પોરો : વિસામો

પ્રજરાણુ : ત્રણે પરજ (શાખા)ના કાઠીનો શિરોમણિ

પ્રલેકાર : પ્રલય, જળબંબાકાર

પ્રાગડના દોરા : પ્રભાતનાં કિરણ

પ્રાગડ વાસી : પ્રભાત થયું

ફટકો : ધારૂતી

ફટાયો : નાનો કુંવર (રાજાને બે કુંવર હોય તેમાં મોટો

Website: http://www.allimagetool.com



'યુવરાજ' ને નાનો 'ફટાયો' કહેવાય. મોટાને વારસામાં ગાદી મળે, નાનાને ગરાસ મળે.)

ફડકો : બીક

ફડશ઼ : અરધોઅરધ

ફણું (ભાલા-બરછીનું) : ઉપરનો લોઢાનો મુખ્ય ભાગ

ફસફસવું : ખદખદવું

ફાટય : અભિમાન, ખુમારી

ફાટી પડવું : મરી જવું

ફાળિયું : ખેસ, દુપટ્ટો

ફાંદ : પેટ

ફાંફળ : લાંબો રસ્તો, જેમાં વચ્ચે ગામડું ન આવે

ફુઇયારું : ફોઈબાને આપવાની ભેટ

ફુલેકો : વરઘોડો (અસલ શબ્દ 'ફુલેકું')

ફૂટય : જખમ

ફૂલ : પુરુષના કાનની ઉપલી કાટકમાં પહેરવાનું ગોળ મોટું ઘરેણું

ફેરમાં (જવું) : ફરીને લાંબે રસ્તે

[illegible] : લૂંટ

[illegible]ટા : ઉભડક સાફા

[illegible] : બાંવરું

[illegible] : મોંસૂઝણું

બટકાવવું : બુકડાવવું

બટકાં લેવરાવવાં : સામસામા કોળિયા ભરાવી જમવું-જમાડવું

બઘડાટી બોલાવવી : ત્રાસ વર્તાવવો

બડૂકો : ધોકો

બતક : પાણી ભરવાનો બતક આકારનો કૂંજો

બથોડાં : તોફાનમસ્તી

બલોયાં : અસલી ચૂડલી ('**વલય**' પરથી)

બંકો : બહાદુર

બાઉઝત : બાઉના અથવા બાઉ કુળના પુત્ર

બાઘોલું : દિગ્મૂઢ

બાટકવું : લડવું

બાટાચૂટ : ઝપાઝપી

બધી : બધી

બાનડી : બાંદી, દાસી

બાવળો : જેના ચારે પગ અને ગરદન સફેદ હોય, ને શરીરના શ્વેત રંગ પર રાતી ભાત હોય તે પ્રાણીનો રંગ 'બાવળો' કહેવાય

બાંઠિયો : ઠીંગણો

બીઠું : બેઠું

બુંબાડ : બુમરાણ, રીડિયારમણ

બૂડી : ભાલાનો નીચલો છેડો

Website: http://www.allimagetool.com



બૂંગણુ : પાણુકોરામાંથી સીવીને તૈયાર કરેલું મોટું પાથરણું, મોદ

બેરખ : આરબની પલટન

બેરી, ફૂલમાળ, રેશમ, વાંદર્ય, તાજણુ : ગુણ-સ્વભાવ પ્રમાણે કાઠીઓમાં ઘોડીને અપાતાં કેટલાંક નામ

બેલડી : યુગલ

બોકાસાં : ચીસો

બોખ : ડોલ, બાલદી

બોઘરાં : પિત્તળનાં બનેલાં દૂધ દોહવાનાં વાસણ

ભગદાળું : ખાડો

ભટકાવું : અફળાવું

ભરખ : ભક્ષ

ભરણુ : આંખમાં આંજવાની ચિમેડની દવા

ભલકારા : 'ભલે ! ભલે !' કહીને શાબાશી દેવી

ભલકી : ભાલું

ભળકડું : વહેલી સવારનો થોડોક ઉજાસ, મોંસૂઝણું

ભળકડું (મોટું) : રાત્રિનો છેલ્લો પ્રહર

ભંભલી : પાણી રાખવાનો માટીનો મોટો ચંબુ

ભંભોલા : ફોલ્લા

ભાઠાળી : ભાઠાવાળી (ઘોડાની પીઠ ઉપર પલાણુ ઘસાવાથી જખમ પડે છે, તેને ભાઠું કહે છે.)

ભાઠો : પથ્થર

ભાણું : થાળી, વાસણ

ભાણું સાચવવું : કાળજીપૂર્વક જમાડવું

ભાતભાતના પારા : રંગબેરંગી મોટાં મોતી

ભાતલું : સવારનો નાસ્તો

ભાભી : ચારણ અને કાઠી કોમોમાં ભાઈની પત્નીને ભાભી ન કહે, નામથી બોલાવે. ભાભી સંબોધન અપમાનકારક ગણાય.

ભારથ : યુદ્ધ (મહાભારત પરથી)

ભાવેણું : ભાવનગરનું હુલામણું નામ

ભીનલો વાન : સહેજ શ્યામરંગ

ભુજાની અંજલિ : હથેળી સંકોચીને છાપવું કરી તેમાં ભરેલો કસૂંબો

ભૂખલ્યાં : ક્ષુદ્ર

ભે : ભય

ભેડા : નદીના કાંઠા

ભેરવ : એ નામનું પંખી જેની ડાબી દિશાની વાણી અમંગળ મનાય છે

ભેળવું : ખાઈ જવું, ઢોર

Website: http://www.allimagetool.com



ખેતરમાંથી છાનાંમાનાં ચરી જાય, ત્યારે 'ખેતર ભેળ્યું' કહેવાય.
ભેળાવું : ચવડું
ભેળું થવું : પહોંચવું
ભેંકાર : ભયંકર
ભોજપરા : કાળા કસબ ભરેલા છેડાવાળાં ધોતિયાં, જે માથા પર બંધાતાં
ભ્રૂકુટિ સામસામી ખેંચાઈ જવી : ભ્રમર ચડી જવી, અત્યંત આશ્ચર્ય થવું
મણીકું : એક મણ વજનનું તોલું
મમાઈનો મઢ : મહામાયાનું સ્થાનક
મરકવું : સ્મિત કરવું
મરફા : યુદ્ધનું નગારું
મરશિયા : મૃત્યુનાં શોકગીત
મરેલા ઢોરની માટી : મરેલા ઢોરનું માંસ
મલક : મુલક
મલીર : કાઠિયાણીનું ઓઢણું
મવાડું : માલઢોર અને ઘર-વખરી સાથે દુષ્કાળમાં હિજરત કરી જતું માલધારીનું કુટુંબ, પેડું, ઉચાળો, ગત્રાળો
મસાણ : સ્મશાન
મસાલ : ભેટ
માગતલ : માગનાર
માટી : માંસ
માટીવટ : પૌરુષ, સ્વામીભાવ
માડુ : મરદ (કચ્છી શબ્દ)
માઢ : મેડી
માઢમેડી : દરવાજા પરની મેડી
માતમ : માહાત્મ્ય, મોટાઈ
માતેલી : મદોન્મત્ત
માત્યમ : મહિમા
માથાના ચોટલા (પુરુષના) : માતાજીના ભક્તો અને કાઠી પુરુષો અરધા માથે ચોટલા રાખે છે.
માથાની પાટી : સ્ત્રીઓ જ્યારે માથાની વચ્ચોવચ સેંથો પાડીને માથું ઓળી બંને બાજુના વાળને હાથે દબાવી ઓળે તે બંને બાજુની પાટી
માદળિયાં : શેરડીના સાંઠાની છાલ ઉતાર્યા પછી પાડેલાં પતીકાં
માનખ્યો : મનુષ્યાવતાર
માપી લેવું : શક્તિનું પારખું કરી લેવું
માફો : રથ પરનો કાપડનો ઘુમ્મટ
માયરું : લગ્નમાં પોંખણા પછી વર-વહુને સામસામે બેસાડી હસ્તમેળાપ કરાવાય, કન્યા-દાન અપાય એ પ્રસંગ

Website: http://www.allimagetool.com

માયલીકોર : માંહેની બાજુ

મારતલ : મારનાર

મારું પેટ : મારું સંતાન

માલ : ઢોર

માલમી : વહાણનો સુકાની

માલધારી : ઢોર ઉપર નભનાર ભરવાડ, કાઠી, ચારણ વ.

માળીડાં : મુકામ

મિયાણા : સૌરાષ્ટ્ર-કચ્છના સીમા-પ્રદેશમાં વસતી મુસ્લિમ જાતિ

મીઠો મહેરામણ : મીઠા જળથી ભરપૂર સમુદ્ર, મહેરામણ–મહાર્ણવ

મીંડલા : માથાના વાળની બંને બાજુ ગૂંથેલા વાળના ગુચ્છ

મૂઠ : તલવારનો હાથો

મૂલ : મજૂરીના પૈસા

મૂંડકી : ઘોડાનો કાઠાનો, મુગટ આકારનો મુખ-ભાગ

મેકર : સોનેરી પટ્ટીવાળું લાલ રંગનું કાઠી પુરુષનું માથા-બંધણું

મેરનું ફૂમકું : મુખ્ય પારાનું ફૂમતું

મેરાબ : મસ્જિદમાં નમાજની જગ્યા સામેની કમાનની આકૃતિ

મેલા (દેવતા) : અમંગળ દેવ

મેલાં પેટ : કૂડકપટ

મેલીકાર : લૂંટારાની ટોળી

મેંગળ : હાથી

મોકળા : છૂટા

મોડબંધો : વરરાજા—જેને માથે હજુ મોડિયો (લગ્નનો મુગટ) બાંધેલો હોય

મોટું ભળકડું : વહેલી પરોઢનો સમય

મોટેરા : વડીલ

મોઢા આગળ : મોખરે

મોતનાં પરિયાણ : મોત પ્રતિ પ્રયાણ, મોતની તૈયારી

મોરડો : ઘોડાના મોં પરનો શણગાર

મોરાં : આકૃતિ, છબી

મોર્ય : આગળ

મોવડ : ઘોડાના મોઢા પરનું ઘરેણું

મોસરિયું : દાબી લપેટી માથા પર બાંધી લેવાનું કપડું

મોસાળું : પરણનાર વર કે કન્યાના માતાના પિયરથી માતાને જે ભેટ આવે તે. (માતાના મહિયરથી આવે એ મામેરું)

મોળપ : ફિક્કાશ

મોળો : નબળો

મોંસૂઝણું : મોં સૂઝે તેટલે જ પ્રકાશ હોય તેવો પ્રભાતનો

Website: http://www.allimagetool.com



સમય

રખેલિયો : સીમનો રખેવાળ

રજકો : પશુને ખવરાવવાનું વાડીમાં કરેલું ચારોલું

રજાઈ : ભાતીગળ ઓઢ્ડું

રણુસગો : માણસ મૃત્યુ પામે એ જગ્યાએ એક-એક પથ્થર મૂકીને કરવામાં આવતો ઢગલો, પાળિયાનો એક પ્રકાર

રવાજ : રાવળ લોકોનું વાદ્ય

રંગાડા : કડાંવાળા, પહોળા મોં-વાળા ચરુ (રંગેડા ઉપરથી)

રંડવાળ્ય : રાંડીરાંડ

રાચ : વસ્તુ, જણસ

રાજીપો : રાજીખુશી

રાડોડી હાથ : જોરદાર ભુજાઓ

રાત રાખવો : અધવચ્ચે રખડાવવો

રાતબ : ઘોડાને ખવરાવવામાં આવતાં ઘી-ગોળ

રાતવળા મોત : બીજા કોઈ ન જોઈ શકે એવું પોતાનું મૃત્યુ

રાતીચોળ ચટકી : લાલ રંગની ટશર. આંખના નાક પાસેના ખૂણામાં જે સ્નાશ હોય. એ નારીના સૌંદર્ય અને નરવાઈ સૂચવે છે.

રાબ : જુવારને બાજરી, પાતળી પાણી જેવી રાંધી, માટું નાખી પિવાય છે.

રામપાતર : માટીનું નાનું પાત્ર, શકોરું

રાશ : બળદની લગામ (**રશ્મિ** પરથી)

રાશવા : બળદની લગામ જેટલે દૂર

રાંગમાં : બે પગ વચ્ચે (ઘોડી ઉપર બેઠેલ માણસને માટે કહેવાય કે એની રાંગમાં ઘોડી છે.)

રાંઢવું : દોરડું

રાંપી : ચામડાં કાપવાનું મોચીનું ઓજાર

રીડિયારમણ : બૂમાબૂમ

રૂપ : સુંદરતા

રૂપાના સરલ : પુરુષના હાથનું ઘરેણું

રૂંવે રૂંવે : રોમે રોમે

રેગાડા : ધારાઓ

રેણાક : વસવાટ

રોગી સોપારી જેવો : ગોળ સોપારી જેવો ઠીંગણો

રોંઢાટાણું : મધ્યાહ્ન પછીનો સમય

લફૂંબઝફૂંબ : ફળથી લચી પડેલું

લખણું : છૂટાછેડાનું લખત

લખી : વાંદરી જેમ શરીર વીંટોળીને ઠેકડે કૂદતી ઘોડીનું

Website: http://www.allimagetool.com


નામ
લટૂરિયાં : વાળની લટો
લબાચ્યા : સરસામાન
લંગર : બેડી
લાલ ફીડિયાભાતની પછેડી : લાલ ગવનની ચૂંદડી (કન્યા માહ્યરામાં બેસે ત્યારે પાનેતરની લાજ કઢાવી માથે મોડિયા મૂકે, મોડિયા ઉપર ગવનની ચૂંદડી ઓઢાડી તેની લાજ કઢાવે — આમ બે ઘૂમટા થાય છે.)
લાંપડિયાળ : લાંપડા નામના ઘાસવાળી
લીરો : કાપડનો ફાટેલો ટુકડો
લૂણહરામી : નિમકહરામી, દગાબાજ
લેરે જાતું જોબન : ખીલતી જુવાની
લોઢ : મોજાં
લોથ : મુડદું
લોંઠકા : બળવાન
વખાની મારી : દુઃખની મારી
વગદાં : વિલંબ કરવાનાં બહાનાં
વગાડવું : ઈજા કરવી, મારવું
વગોવવું : નિંદવું
વજબાણ છોડવાં : મહેણાંટોણાં મારવાં
વટાવવું : ઓળંગવું
વડલી : વડ
વડારણ : દાસી
વડિયો : સમોવડિયો
વદાડ : કરાર
વધારવું : વધેરવું, કાપવું
વધાવાના : ચાંદલાના, હાથગરણાના
વરતાવું : જણાવું
વરૂડી : વરૂવડી દેવી (જુઓ 'રા' નવઘણ', 'રસધાર' ભાગ ૨)
વશેકાઈ : વિશિષ્ટતા
વસતીની વેલડી કોળાવી મૂકવી : સ્થળનો પુનર્વસવાટ કરાવવો
વસ્તાર : ઓલાદ
વહરું : કદરૂપું, બિહામણું
વળોટવું : ઓળંગવું
વાઈ (તલવાર) : મારી
વાગડના ધણી : આહીર જાતિ અસલ કચ્છ-વાગડમાંથી આવેલી હોવાથી આહીરને 'વાગડના ધણી' કહી બિરદાવાય છે.
વાગડિયા બળદ : ઉત્તર ગુજરાતના વાગડ–વઢિયાર પ્રદેશના બળદ; એ ઓલાદ ઉત્તમ ગણાય છે.
વાઘ : ઘોડાની લગામ
વાઘિયા : લગામના બન્ને બાજુના બે પટ્ટા
વાજ : વેગથી
વાજાં : (૧) ઘોડાં (૨) વાજિંત્રો

વાજોવાજ : વેગથી
વારણાં : મીઠડાં
વારવું : અટકાવવું
વાળાક : વાળા રાજપૂત અને વાળા કાઠીઓનો પ્રદેશ
વાંઢયો : દુકાળમાં ઢોરઢાંખર-ઘરવખરી સાથે સલામત પ્રદેશમાં હિજરત કરે તે
વાંધાળું : વાંધા-વચકાવાળું, તકરારી
વાંસળી : રૂપિયા રાખવાની સાંકડી થેલી કે જે કમરની આસપાસ બંધાય છે
વાંભ : (૧) ગાયભેંસોને બોલાવવાની ગોવાળોની બૂમ (૨) લંબાવેલા બે હાથ જેટલું માપ
વીજળી : તલવાર
વીયાં : સંતાન
વેકરો : રેતી
વેઢ : ફેરવીને નાનું-મોટું થાય તેવું આંગળીનું ઘરેણું, ફેરવો (ભારતની તળપદ જાતિઓના પુરુષો વિશેષ પહેરે છે)
વેરવ : નાની નદી
[illegible] વચકા : રિસામણાં, મનદુઃખ
[illegible] : હઠ
વેંતવા : વેંત જેટલું
વેતરું : પહેલી જ વખત વિંયાવાની તૈયારી હોય તે ગાય
વોળાવિયા : મુસાફરીમાં રખવાળ
વોંકળો : નહેર, નાની નદી
વ્યાળુ : વાળુ, રાત્રિનું ભોજન
વ્રહમંડ : બ્રહ્માંડ, આકાશ
શાદૂળો : સિંહ (શાર્દૂલ પરથી)
શામધર્મ : સ્વામી-ધર્મ, નિમક-હલાલી
શેલાયું (નોંજણું) : દોહતી વખતે ગાયના પાછલા પગ બાંધવાનું ટૂંકું દોરડું. પગ છોલાય નહીં માટે એ ગાયપુચ્છ કે બકરીના વાળમાંથી બનાવે (શેળાયું પરથી)
સગતળિયું : જોડાની અંદરનું પાતળું અસ્તર
સનકારા : આંખોના ઉલાળા, ઇશારા
સફરી : (સફર કરનાર) વહાણ
સમ વરળક : ભાલાના ચમકારાનું દૃશ્યાત્મક વર્ણન
સમણવું : વીંઝવું
સમસ્યા : સંકેત, યુક્તિ
સમો : સમય
સરગાપર : સ્વર્ગ
સંચોડા : કુલઝપટ
સંજળ : જળથી ભરપૂર
સાબદી : તૈયાર
સામધર્મ : સ્વામીભક્તિ

Website: http://www.allimagetool.com



સાં : છાયા
સાંકળ : ડોક
સાંગ : ભાલાને મળતું શસ્ત્ર
સાંઢય : સાંઢણી
સાંતી : એકસો વીઘાં જમીન, (૨૫ વીઘાં=એક એકર), એક ખેડૂત એકલપંડચે, એક હળ ખેડી, વાવી, લણી શકે તેટલી જમીન
સિસકારો : દાંતમાંથી નીકળતો વેદના-સ્વર
સીરખ : (૧) પરણતી વખતે કાઠિયાણી પહેરે છે તે પાનેતર (૨) બનાત
સીસાણો : સીંચાણો બાજ, શકરો બાજ
સુખડી : ભાતું, ટીમણ
સુખડું : મીઠાઈ
સુગલો : આનંદ
સુરાપરી : સ્વર્ગાપુર
સુવાણ : આરામ
સૂરજ-દેવળ : થાન પાસેનું સૂર્ય દેવનું મંદિર, કાઠીઓના ઇષ્ટદેવનું નામ
સૂરાપૂરાનું પતરું : કુળદેવતાઓની આકૃતિવાળું ચાંદીનું પતરું જે સ્ત્રીઓ ડોકમાં પહેરે છે
સેંસાટ : શરણાઈના સૂર
સોજીર : સોલ્જરને કાઠિયાવાડીઓ 'સોજીર' કહેતા, જેમ કે વાઘેરોને વિષે 'દુહો' કહેવાય છે :
માણેક સીચોડો માંડિયો,
ધધકે લોહીની ધાર,
સોજીરની કીધી શેરડી,
વાઘેર ભરડે વાડ.
સોટી જેવા ગૂડા : પાતળા પગ
સોણું : સ્વપ્ન
સોતી : સહિત
સોપો : સુષુપ્તિ (તે પરથી રાત્રિએ સર્વ ગામલોકો સૂઈ ગયા હોય તે સમયને સોપો પડી ગયો કહેવાય છે.)
સોંડાવવું : સાથે તેડી જવું, નિમંત્રવું (લગ્નમાં)
સોંધો : કાળો, ચીકણો અને સુગંધી, હાથે બનાવેલો 'પોમેડ' જેવો વાળ માટેનો કાળો લેપ
સોંયરું : સૂરમો
સોંસરી : આરપાર
હડી : દોટ
હથાળો : દડ
હથેવાળો : હસ્તમેળાપ, લગ્ન
હનો : ઘોડેસવારની ચીજો રાખવા માટેનું ખાનું (ઘોડાના પલાણમાં)

હરમત : હિમ્મત
હરામ : ત્યાજ્ય, અગરાજ
હરીસો : કાઠી લોકોનું એક જાતનું પકવાન
હલકચા : ઝીમટચા
હાકલો : હાકલ
હાથગજણું : હાથગરણું, લગ્ન-પ્રસંગે અપાતો ચાંદલો
હાથલા થોર : એક જાતનો થૂવર જેને હાથના પંજા જેવડાં પાંદડાં થાય છે.
હાવળ : ઘોડાનો હણહણાટ
હાંસડી : ડોકે પહેરવાનો, રૂપાનો વાળો
હિલોળવું : ઝુલાવવું
હિંગતોળ : વાણિયો (તિરસ્કારમાં)
હીણું : નબળું, દૂબળું
હુલાવવું : ઘોંચવું
હેઠવાસ : નદી જે દિશામાં વહેતી હોય તે દિશા, નીચો વાસ
હેઠળ : નીચે
હેડય (ગાડાંની) : હાર્યં, સમૂહ
હેબતાવું : ચકિત બનીને અચકાવું
હેમખેમ : ક્ષેમકુશળ
હેમવરણું : સુવર્ણરંગી
હેલ્ય : બેડું
હૈયાફૂટું : ભુલકણું

*

**પાળિયા–ખાંભી** : ગામડાંનાં પાદરોમાં પથ્થરમાં કોતરેલાં મૃત્યુ-સ્મારકો જોવા મળે છે. તેમાં ઘોડેસવાર, પગપાળો, ઊંટ-સવાર, રથ-સવાર વગેરેનાં શિલ્પો કંડારેલાં હોય. કોઈમાં કાટખૂણા જેવો હાથનો પંજો કે કોઈ સ્ત્રી મૃત માનવીને બે હાથમાં ઉપાડીને લઈ જતી હોય. આ બધાને સામાન્ય રીતે પાળિયા કે ખાંભી કહીએ છીએ. પણ, આ મૃત્યુ-સ્મારકોમાં વિવિધ ભેદો છે. જેમ કે, ગામનું કે અબળાનું રક્ષણ કરતાં મૃત્યુ પામેલા શૂરવીરના સ્મારકને પાળિયો કહેવાય. યુવાન, સાજોસારો માણસ અકસ્માતથી, સર્પદંશથી કે આપઘાતથી મર્યો હોય તેના સ્મારકને સૂરધન કહે. કોઈ રાજા કે શ્રેષ્ઠી ગોચર માટે જમીન આપે કે બ્રાહ્મણને દાન આપે તેના માટેના લખાણવાળી શિલા ખંભ કે ખાંભી કહેવાય. ગામ બચાવવા કોઈ વીરાંગના ખપી ગઈ હોય તેના પાળિયો, પતિની પાછળ સતી થાય તેની ખાંભી.

Website: http://www.allimagetool.com



આપઘાતથી મરેલી સ્ત્રીની શિકોતરની ખાંભી. મૃત્યુ-સ્મારકના આવા બાવીસેક પ્રકારો છે: પાળિયા, ખાંભી, શૂરાપૂરા, કેથ, પાવળિયા, દેવલા વગેરે. (ખોડીદાસ પરમાર.)

*

## રૂઢિપ્રયોગો

અઢારે આલમ ટાંપીને બેઠી હતી : સમગ્ર પ્રજા રાહ જોઈ રહી હતી

અથર્યા થયા સિવાય : જરાય અધીર થયા વિના

અર્ધે માથે કપાળ : ભાગ્યશાળી, આભકપાળો

અંગૂઠો દાબીને : સૂતેલ સ્ત્રી-પુરુષને જગાડવાં હોય તો તેને ઢંઢોળીને નહિ પણ જમણા પગનો અંગૂઠો પકડીને જગાડાય છે.

અંતર ભાંગવું : અંતર ઓછું કરવું, નજીક જવું

અંતરમાં અજવાસ થવો : એકાએક સૂઝી આવવું

અંતરમાં ટાઢો શેરડો પડી જવો : હૃદયમાં સંતોષ કે શાંતિની શીતળ લાગણી થવી

'આ કાયા તારે કણે બંધાણી છે' : તારા દીધેલા અન્નથી શરીર પોષાયું છે

આઉ મેલવું : પશુઓને જેમ જેમ સગર્ભાવસ્થાના મહિના વધે તેમ તેમ આઉનો ભાગ પ્રગટ થતો જાય તે

આકડે મધ : સુલભ્ય કીમતી વસ્તુ (મધ હમેશાં ઝાડની ઊંચી ડાળે હોઈ મુશ્કેલીથી મેળવી શકાય. પણ આકડાની ડાળે હોય તો તે સુલભ્ય થઈ શકે. આકડાનું ઝાડ નાનું હોય છે)

આજના જેવી કાલ્ય નૈ ઊગે : ભવિષ્ય વધુ અનિષ્ટમય થશે.

આડી જીભ વાળવી : વિરુદ્ધ મત આપીને વિઘ્ન નાખવું – વાતને તોડી નાખવી.

આડી હોવી : ટેક હોવી

આડું આવવું : સ્ત્રીને પ્રસવ થતી વખતે બાળક આડું આવે છે તે

આડો આંક આવવો : હદ થઈ જવી, પરાકાષ્ઠા થવી

Website: http://www.allimagetool.com



આતમો વાધવા માંડવો : ઈશ્વરપ્રતીતિ થવી
આદું વાવવાં : સત્યાનાશ કાઢવું
આભ-જમીનનાં કડાં એક કરી નાખવાં : પૃથ્વી-આકાશને બળથી માપી લેવાં, અશક્યને શક્ય બનાવવું
આંખ ઠેરાવી : આંખ સ્થિર થવી
આંખ પારખવી : દૃષ્ટિનો ભાવ પારખવો
આંખ રાતી કરવી : ક્રોધ કરવો
આંખો ઠોલવી : આંખો ખાવી (શિકારી પંખી શિકારની આંખો ઠોલી નાખે જેથી શિકાર છટકી ન જાય. પણ લોકમાન્યતા પ્રમાણે મરેલા યોદ્ધાની આંખો ખંડક હોય તો કાણા કે બાડાને સ્વર્ગની અપ્સરા વરતી નથી. જૈન લઘુચિત્રમાં એકચક્ષી મુખને પણ બે આંખો ચીતરાય છે તેનું કારણ તેનું અખંડપણું જળવાય તે.)
આંખો ધરતી ખોતરે : લજ્જાથી આંખો નીચે ઢાળવી – આંખો નીચી ઢળીને જાણે કેમ ભોંયને ખોદતી હોય, એટલી બધી લજ્જા પામવી.
આંખોનાં તોરણ બંધાવાં : રસ્તાની બેઉ બાજુ હારબંધ ગોઠવાયેલી મેદની સ્થિર દૃષ્ટિથી નિહાળી રહે તે
આંધળો ભીંત : સારાનરસાનું ભાન ગુમાવી બેઠેલો
ઇન્દ્ર મહારાજ ગેડીદડે રમવા માંડયા : મેઘગર્જના થવા લાગી
ઉડામણી કરવી : ઉડાઉ જવાબ આપી છેતરવું
ઉત્તર દિશાનું ઓશીકું : માણસનું મૃત્યુ થાય, ત્યારે તેનું માથું ઉત્તર દિશામાં રાખી સુવરાવે છે કારણ કે યમનગર દખણાદું છે.
ઊભા મોલ ભેળવી દેવા : ખેતરમાં ઊગેલા મોલ ચારી દેવા
એક હાથ જીભ કઢાવવી : ત્રાસ આપવો
એકના બે થવું : હઠ છોડવી, નિશ્ચય ફેરવવો
'એકાદ પછેડી ફાડીશ' : એકાદ પછેડી ચાલે તેટલું (ત્રણેક વરસ) જીવીશ
(ઘોડાને) એડી મારવી : ચાલવાના સંકેતરૂપે ઘોડાને ભાલાની બૂડી અથવા આર મારવી
છઠ્ઠીના લેખ લખનારી વિધાતા મોળો અક્ષર કાઢતાં કાંપી ઊઠી હશે : જન્મથી જ પ્રારબ્ધમાં મહત્તા આલેખાઈ ગઈ હતી

Website: http://www.allimagetool.com



એને માથે કોણ બેઠા છે?: એના સહાયક કોણ છે?
એબ દેવી : કલંક ચોંટાડવું, અપશબ્દ કહેવો
એરુ આભડવો : સર્પદંશ થવો
ઓડા લગાવવા : મોરચા માંડવા
ઓઢણું (માથે) પડવું : ...ની સ્ત્રી હોવું. (આ સ્ત્રીને માથે અમુક પુરુષનું ઓઢણું પડેલું છે, એટલે એ પુરુષ એનો પતિ છે.)
ઓધાન રહેવું : ગર્ભ રહેવો
ઓરડા ચૂંથવા : ઘરની આબરૂ લેવી
કટકેય ન મૂકવો : પૂરેપૂરો ખતમ કરવો
કડે કરવું : પોતાના કાબૂમાં રાખવું, સાબૂત રાખવું
કઢારે લઈ જવું : ઉછીનું લઈ જવું (અનાજ)
કમળપૂજા ખાવી : શિવલિંગ પર પોતાનું મસ્તક તલવારથી કાપીને ચઢાવવું
કવિતા અને બધા અલંકારો ઘરની નારી પર ઢોળી રહ્યો છે : સ્ત્રીના રૂપગુણનાં વખાણ કરે છે
કસું તૂટવી : ઉમળકો આવવો (ઉમળકો આવે તે વખતે અંગરખો પહેર્યો હોય તેની કસો છાતી ફૂલવાથી તૂટી જાય)
કળાઈ આવવું : જણાઈ આવવું
કાપડાની કોર માગવી : ભાઈ પાસેથી બહેન વચન માગી લે તે
કામ આવવું : ધીંગાણે મરાવું
કામ રહેવું : અધવચ્ચે મુશ્કેલીમાં મુકાવું, અંતરિયાળ રહી જવું
કાયા ઉપર ગલ ઊપડતા આવે : શરીર ઉપર તેજસ્વી ભાત ઊપડતી આવે.
કાયાના કટકે કટકા કરી નાખવા : શરીરના પ્રત્યેક અવયવને અનેક રીતે મરડી મરડીને કસરત કરવી
કાળ ઊતરી : દુષ્કાળ પાર કરી જવાય
કાળજું ઠરીને હિમ થવું : હૃદયમાં ટાઢક થવી
કાળને અને હાથને એક વેંતનું છેટું : મૃત્યુ અત્યંત નજીક હોવું
કાળી આગ લાગવી : પેટમાં અસહ્ય બળતરા થવી

Website: http://www.allimagetool.com



કાળી લાયનું કાપડું : કાળા રેશમી ગજકનું કાપડું
કાંડાં બાંધવાં : પ્રતિજ્ઞા લેવી
કાંધ મારવું : ગરદન કાપવી
કાંબી : સ્ત્રીના પગમાં પહેરવાનું રૂપાનું ઘરેણું
કીડી માથે કુંજરનાં કટક : નિર્બળ ઉપર બળવાનની ચડાઈ
કૂતરાના મોતે મરવું : રિબાઈને મૃત્યુ પામવું
કેટલી વીસે સો થાય : કેટલી મુશ્કેલી પડે
કોણીનો ગોળ : મુશ્કેલ કાર્ય (કોણી પર લાગેલો ગોળ જીભ વતી લઈ શકાતો નથી તે પરથી)
કોરે કાગળે સહીયું કરી આપવી : બધી છૂટ આપવી
ખડિયામાં ખાંપણ અને મોઢામાં તુળસી : મૃત્યુ માટેની કાયમી તૈયારી. પૂર્વે વીર નરો ચાહે ત્યારે મરણ પામવાની સંભવિતતાને લીધે પોતાની થેલીમાં કફન અને મુખમાં તુલસીપત્ર લઈને જ નીકળતા.
ખાસડાં હોજો : ફિટકાર હજો
ખોરડું ઉજાળવા આવવું : વંશવેલો જાળવવા, કુળની આબરૂ સાચવવા આવવું
ગળત કરી જવું : અનધિકાર રાખી લેવું
ગળે ઘૂંટડો ઉતરાવવો : ખાતરી કરાવવી, સમજ પાડવી
ગા' ખા : ગાયનું માંસ ખા (એક જાતના હિંદુ શપથ)
ગા'ના ગાળા છૂટવા દે : પ્રભાત થવા દે. (પ્રભાતે ગાયોનાં બંધન છૂટે છે.)
ગા વાળે ઈ અરજણ : ગાયોને છોડાવવાનો રાજપૂત ધર્મ બજાવવો (તેરમા વરસના છૂપા વનવાસ દરમિયાન પાંડવોને પ્રગટ થઈ જવાની ફરજ પાડવા કૌરવોએ ગાયોને બળજબરીથી લઈ જવાનું ગોઠવ્યું હતું, જેથી અર્જુન પોતાનો ક્ષત્રિયધર્મ બજાવવા પ્રગટ થઈ જાય : ગાયોને બચાવ્યા વિના ન રહી શકે તે અર્જુન જ હોવાનો. એ યુક્તિ-પ્રસંગ પરથી.)
ગાડાં ઠાંસી દેવાં : ગાડાં આડશરૂપે ગોઠવી દેવાં
ગાતરી બાંધવી : ઓઢણીને ગાંઠડી વાળવી, સાડલાના બંને છેડા ડોક

Website: http://www.allimagetool.com


પાસે લાવી, ગાંઠ મારી દેવી તે (ચારણ સ્ત્રીઓ આ રીતે ઓઢણું ઓઢે છે.)
ગૂડી નાખવું : હણી નાખવું
ગોટા વાળવા : બહાનાં કાઢવાં
ગોળા વાળવા : ગોળ ગોળ બોલવું
ગૌમેટ કરવું : ગૌમાંસની માફક હરામ ગણવું (અંગ્રેજી શબ્દ 'કાઉ-મીટ'નું અપભ્રંશ બની ગૌમેટ કે ગોમેટ તરીકે સૌરાષ્ટ્રમાં વપરાય છે)
ઘરણ ટાણે સાપ કાઢવો : પ્રતિકૂળ સમયે અમુક કાર્ય કાઢવું (ગ્રહણ સમયે આભડછેટ હોવાથી ઘરમાં કશી ચીજને અડકાય નહિ, તેથી સાપ નીકળતાં તેને પકડવાની મૂંઝવણ થાય)
ઘરેણે મુકાઈ ગયું : ગીરો મૂકી દીધું
ઘેશનાં હાંડલાં ફોડીશ મા : ગરીબને રંજાડતો નહિ
ઘોડાં ખૂંદવાં : ઉતાવળ કરવી
ઘોડાં ઘેર્યાં : ઘોડાંને પાણી પાયાં
ઘોડાં ફેરવવા : સેના ચલાવવી
ઘોડાં ભેડવવાં : ઘોડાંની શરત કરવી
'ચકલાંયે એના ઘરની ચણ નો'તાં ચાખતાં' : એ વાંઝિયો હતો
ચડાઉ કરી : (ઘોડીને) પલોટીને સવારી માટે તૈયાર કરી
ચપટી ધૂળ નાખીને ધાન ખાવું : પાત્રમાં એક બાજુ ચપટી ધૂળ પ્રતીકરૂપે નાખીને ભોજન લેવાની ટેક (દા. ત. ચિતોડ ન મળે ત્યાં સુધી થાળીમાં ધૂળ નાખીને ભોજન લેવાની ટેક રાણા પ્રતાપે લીધેલી)
ચાડ કરીને : સામે ચાલીને, ચડસ કરીને
ચાર આંખો ન મળવી : રૂબરૂ ન મળી શકવું
ચાર પગ સંકેલીને : ચારે પગ ભેગા કરીને, શરીર બરાબર સમતોલીને (હરણ કૂદે ત્યારે છલંગ મારતા પહેલાં ચાર પગ ભેગા કરીને ઠેક મારે તેમ)
ચાર હત્યાનું પાપ : બ્રહ્મહત્યા, ગોહત્યા, નારીહત્યા, બાળહત્યાનું પાપ

ચોટિયો લઈએ તો ધાર થાય : લોહીથી ભરપૂર, તંદુરસ્ત
ચીંથરાં ફાડવાં : પોતાનો બચાવ કરવા વ્યર્થ યત્ન કરવો ચૂડલી
નંદવાવી : ચૂડલી તૂટવી
ચૂડલીની ઠેકડી ન હોય : સૌભાગ્ય-પ્રતીકની મશ્કરી ન હોય
ચૂડા સામું તો જુઓ ! : સૌભાગ્યની વાત તો વિચારો !
ચોકડું ડોંચવું : લગામ ખેંચીને માર્ગ ફેરવવો
ચોરાસી સિદ્ધની પંગતમાં રાહ જોવાવી : મચ્છેન્દ્રનાથ, ગોરખનાથ વગેરે સિદ્ધોની સાથે બેસવા જેવું તપ કરવું

છાશ પીવાનું ટાણું : સવારે લગભગ અગિયારેક વાગ્યે થતો નાસ્તો, શિરામણ (ખરેખર તો શિરામણમાં દૂધ-રોટલા હોય, પણ લોકમાન્યતા પ્રમાણે 'દૂધ' શબ્દ અપશુકનિયાળ હોવાથી એ બોલાતો નથી. દૂધ પીરસનાર પણ 'છાશ આપું' બોલે છે.)

છૂટકો થઈ જવો : પ્રસવ થઈ જવો
છોડિયું છબે નહોતી રમી પણ મરદોએ કાંડાં બાંધ્યાં હતાં : ગમ્મત રૂપે નહિ પણ બહુ વિચારપૂર્વક પ્રતિજ્ઞાઓ લીધી હતી.

જણ્યો પરમાણુ : જન્મ આપ્યો તે સાર્થક
જમણ ભાંગી જવાં : દિવસો વીતી જવા
જમણું અંગ ફરકવું : સ્ત્રીનું જમણું અંગ ફરકે એ અપશુકન ગણાય છે
જમીન લીંપવી : સાથરો તૈયાર કરવો. થોડો થોડો જીવ હોય ત્યારે મરતા માણસને ગાયનું છાણ, તુલસીપાન, જુવારદાણા લીંપી-ગૂંપીને સાથરે સુવડાવે છે
જમૈયો વાડે કરુ લે : જમૈયો મ્યાન કરી લે
જાગી જવું : ઉત્તેજિત થઈ જવું
જાડે માણસે હોવું : ઘણા માણસો સાથે હોવા
જાતવંત : ખાનદાન, કુલીન
જાતાં આભને ટેકા દેવા : મોટી આફતમાંથી બચાવ કરવો
જાત્રાનાં એંધાણ : જાત્રાની છાપ (દ્વારકાના જાત્રાળુને યાત્રાની યાદરૂપે જનમ છાપ બાવડે છાપે છે; તે હંમેશ રહી જાય છે.)

Website: http://www.allimagetool.com



જામગરી : અસલની બંદૂકોને આગ ચાંપવાની સળગતી દોરી, જે અત્યારના બંદૂકના ઘોડાની ગરજ સારતી

જીભ કચરવી : વચન આપવું, નિર્ણય કરવો

જીભ ખિલાઈ જવી : લાચાર બનીને ચૂપ થઈ જવું. જાણે કે જીભને સાંધી લીધી હોય

જીવ ઓળે ગરવો : જીવવાનો લોભ રહી જવો

જીવ ટૂંપાવો : દુઃખી થવું

જીવ નીકળવો : મૃત્યુની વેદના થવી

જીવ બગાડવો : લલચાવું

જીવતરની પોટલી બાંધવી : મૃત્યુને માટે તૈયાર થવું

જુવાની આંટા લઈ જાય : ફાટતી જુવાની

જેના વાંસામાં જોગમાયાનો થાપો પડ્યો છે : જે દેવીના આશીર્વાદ પામ્યો છે

જોતર છોડવાં : બળદ છોડી નાખવા

ઝડાફા દેતી ઝાળ ઊઠતી હતી : ભડકા નાખતી જ્વાળા ઊઠતી હતી

ઝપટ કરવી : હુમલો કરવો

ઝરખિયાના ઝાંપા જેવી દાઢી : ગામડા ગામના દરવાજા કાંટાના બનાવેલા અને દાઢીના આકારના હોવાથી બરાબર દાઢીને ઉપમા દેવા લાયક દેખાતા

ઝોળી ક્યાંય તરતી નથી : બધાં વર્ણોમાંથી ભિક્ષા લે છે

ટલ્લા દેતી : ઘીંઘી વળતી, અથડાતી જતી

ટીલડીમાં નોંધીને : કપાળની મધ્યમાં નિશાન તાકીને

ટીંબો બનવું : ઉજ્જડ થવું

ઠાણ દેવું : વિયાવું, પ્રસવ થવો (ઘોડીને માટે વપરાય છે)

ડાગળી ખસી જવી : ભેજું ચસકી જવું

ડાબલા ગાજવા : ઘોડા ઝડપથી દોડતાં આવે તેનો અવાજ સંભળાવો

ડૂધાની ઘૂંટ લેવી : હોકાની ફૂંક લેવી

તડકા ગાળવા : તાપનો સમય વિતાવવો

તણાઈ જવું : પગમાં ભંભોલા પડવા

Website: http://www.allimagetool.com



તમારી ઉપર અમારો હાથ ન હોય : અમે તમારી ઉપર પ્રહાર ન કરીએ

તમારે મારે છેટું પડી જાશે : આપણા બંનેમાં ભેદ જણાશે

તરવાર આછટી : તરવાર ફેરવી

તરવાર પેટ નાખીને મરવું : તરવારથી આત્મહત્યા કરવી

'તારા હેતુને કોને સંભારી રહી છો?' : તારા કયા પ્રેમીને સંભારી રહી છો?

તૂરી-ભેરી વગડી : રણશિંગાં વગડચાં

તેલમાં માખી બૂડવી : નિરુપાય બનવું

તોળાઈ રહે (આફત): માથે પડવાની તૈયારી

તોળી લેવો : ઉપાડી લેવો

ત્રણ તસુ ભરીને નાક કાપી લેવું : આબરૂ લઈ લેવી

ત્રણસો પાદરનો વાવટો : ત્રણસો ગામનું ધણીપદું

ત્રણે પરજું : ખાચર, ખુમાણ અને વાળા એ કાઠી કોમની ત્રણ મુખ્ય પરજ (શાખા)

ત્રસકાં ટપકવાં : (લોહીનાં) છાંટણાં ઊડવાં

ત્રીજી પાંસળીએ તલવાર પહેરવી : તલવાર કેડે બાંધવાને બદલે ઊંચી બાંધીને આપવડાઈ બતાવવી

'થઈ જા માટી!' : લડવા માટે તૈયાર થઈ જા! (માટી : ૧૭ થી ૧૯ વરસનો યુવાન)

થાલમાં માંડી દેવું : ગીરો મૂકી આપવું

દક્ષિણ તરફ પ્રયાણ : યમની નગરી તરફ પ્રયાણ, (મૃત્યુ પછી શબના પગ દક્ષિણ તરફ રાખવાનો રિવાજ છે.)

દડી ફેંકવી : જન્માક્ષર માંડવા માટે જોષી સૂતિકાગૃહની બહાર બેસે, દાસી જન્મેલ બાળકના હાથે કાચા સૂતરનો તાંતણો બાંધીને દોરાની દડી બહાર ફેંકે. તેના પરથી ઘડી-પળની જાણ થાય અને જોષી સૂત્રવિદ્યાથી જન્મનારની નાડીના ધબકારા પણ પારખે, અને તેના જન્માક્ષર માંડે એવી લોકમાન્યતા.

Website: http://www.allimagetool.com



દાળોવાટો નીકળી જવો : સત્યાનાશ નીકળી જવું
દાંતોમાં દઈને ગયો : ઘણા શત્રુની વચ્ચેથી થાપ દઈને ગયો
દિલનો દાતાર : ઉદાર દિલનો
દીવાની વાટચે ફૂલ ચડવાં : અધરાતનો સમય થવો
દેન દેવા : અગ્નિદાહ દેવા
દેવના ચક્કર જેવા : સમર્થ
દેવળવાળાની દુહાઈ : સૂર્ય મહારાજની આણ. કાઠીઓ સૂર્યપૂજક છે અને તેમનું દેવધામ થાન પાસે સૂરજદેવળ નામે ઓળખાય છે
દેહનાં ભાડાં દેવાં : શરીરને ટકાવવાની ખાતર ખોરાક લેવો
ધરતીઢાળું જોવું : ક્ષોભ અનુભવવો
ધૂઘવા જેવો ખારો : અત્યંત ખારો
ધોળમંગળ ગાવાનો દિવસ : મંગલ પ્રસંગ
ધોળામાં ધૂળ ઘાલવી : ( ધોળા તાળ પરથી ) વૃદ્ધાવસ્થામાં અપકીર્તિ આવે તેવું કૃત્ય કરી નાખવું
નવ લાખ લોબડિયાળી : નવ જોગમાયાઓનો ઉલ્લેખ ચારણો આ રીતે કરે છે
નાડા-વા સૂરજ ચડે ત્યારે : સવારે નવેક વાગ્યે
નાડી ધોયે આડાં ભાંગે : બહુ ચારિત્ર્યવાન પુરુષને અપાતી ઉપમા. પૂર્વે જ્યારે કોઈ સ્ત્રીને પ્રસૂતિમાં બાળક અટવાઈ જતું ત્યારે શિયળવંત પુરુષની નાડી ધોઈને એ પાણી પાવાથી પ્રસૂતિનો છુટકારો થઈ જતો એવી માન્યતા છે.
નાડીમાં જીવ આવવો : નાડીના ધબકારા ચાલુ થવા, ચેતન આવવું
નામ મંડાવવાં : વહીવંચાના ચોપડામાં પોતાનાં નવાં જન્મેલ બાળકોનાં નામ લખાવીને બારોટને શીખ આપવી
નેજા ચડવા : યુદ્ધની ધજા ફરકવી
પગ તૂટી જવા : પગની શક્તિ હણાઈ જવી
પગ નીચે લા બળવી : ધરતી પર આગ લાગી હોય અને તેના પર ચાલવું પડે ત્યારે જેટલી ઉતાવળ થાય તેવી
પચીસનો પીર : અનેકનો આધાર

Website: http://www.allimagetool.com



પડદે નાખવું : જખમી થયેલાને પરદેનશીન કરી દવા કરવી (કોઈનો પડછાયો પડે તો દર્દીનું અનિષ્ટ થાય માટે પરદો)

પડો વજડાવવો : ઢંઢેરો પિટાવવો, જાહેરાત કરવી

પલા ઝાટકવા : દાઢીના વાળના કાતરાને ગર્વથી ખંખેરવા (મૂછો આમળવાની માફક આ ક્રિયા પણ મરદાનગીની સૂચક છે)

પાકી અવસ્થાએ નવું ઘર : વૃદ્ધ વયે નવું લગ્ન

પાછો થયો : મૃત્યુ પામ્યો

પાટિયુંને મૂઓ આવવી : ભેંસો નિર્ભય ચરી ખાય તેવી તેના માલિકની શક્તિ બનવી

પાટોએ ચડેલી (ઘોડી) : પૂરપાટ દોડતી

પાડાના કાંધ જેવો ગરાસ : અત્યંત કાળી અને ફળદ્રુપ જમીન. પાડાની કાળી અને હૃષ્ટપુષ્ટ ગરદન એ ફળદ્રુપતાનો સચોટ ખ્યાલ આપે છે.

પાણી ઘેરવું : ઘોડાને પાણી પાવું

પાણી જોવું : જોમની પરખ કરવી

પાણીનો કળશિયો લઈ ઊભા રહેવું : દુશ્મનોથી ગામનું રક્ષણ કરવા યથાશક્તિ યુદ્ધ કરવું

પારણું કરવું : ઉપવાસ પછી આહાર કરવો

પારોઠનાં પગલાં : પીઠ બતાવીને ભાગવું

પાવલી પાવલી આપી વહેવાર કરવો : જેમ લગ્ન પ્રસંગે ચાંદલો અપાય તેમ ઉત્તરક્રિયા વખતે પાવલી આપવાનો રિવાજ, મેલણું

પાંજરામાં પોપટ પુરાયા જેવું : સાસરિયામાં સોનાને પાંજરે કેદ થયા જેવું

પેટ (તલવાર) નાખવી : પેટમાં ઘોંચીને મરવું

પેટમાં ટાઢો શેરડો પડવો : પેટમાં ઠારપ થવી, ગર્ભ રહેવો, ઓધાન રહેવું

પોણાસોળ આના ને બે પાઈ : લગાર પણ ઊણપ (એક રૂપિયામાં એક પાઈ ઓછી)

પોત પ્રકાશવું : સાચું સ્વરૂપ છતું કરવું

Website: http://www.allimagetool.com



પોતાની થાળીમાંથી કોળિયો લેનારા : સગા ભાઈ જેવા, ગ્રાસિયા
[એક થાળીમાંથી 'ગ્રાસ' (કોળિયો) લેનારા, તેના પરથી ગરાસિયા]

પ્રાસવો મેલવો : દુધાળું ઢોર પોતાના આઉમાંથી દૂધને છૂટું મૂકે અને દોડવા આપે તે

ફટકી જવું : ચસકી જવું

ફાટીને ધૂંવાડે ગયેલ : બહેકી ગયેલ

(સ્ત્રીએ) ફૂલ સૂંઘવું : ફૂલનો પરિમલ લેવો, ગર્ભ ધારણ કરવો. (લોકજીવનમાં ફૂલ સૂંઘવાની ક્રિયા એ અતીવ સમાગમની ક્રિયાનું પ્રતીક છે.)

ફેર ભાંગવો : અંતર કાપી નાખવું; આગળ નીકળી ગયેલા હરીફને પકડી પાડવો

બથમાં ઘાલીને : બે હાથે બાથ ભીડીને

બબ્બે કટકા ગાળો કાઢવી : ઘણા જ ખરાબ અપશબ્દો કહેવા.

બહુ નો દાઢીએ : મરમનાં વેણ ન બોલીએ, દાઢમાંથી ન બોલીએ

બાન પકડવું : બંદી બનાવી તેના સાટે બદલો માગવો

બાળો એનું મોઢું : એને બોલતો બંધ કરો

બાંધે એની તરવાર, અને ગા વાળે ઈ અરજણ : લડાઈ કરે કે ગૌરક્ષા કરે—બધાય ક્ષત્રિય સરખા

બાંયોની કરલ ચડાવવી : કેડિયાની બાંયોને પહોંચા પાસે વળ ચડાવી ચડાવીને હાથની સાથે ચપોચપ ગોઠવી દેવી.

બેઠાંની ડાળ ભાંગે : જીવનનો આધાર તૂટે

બેલાડચે બેસાડવો : (ઘોડા પર) પાછળ જોડાજોડ બેસાડવો

ભાણે ખપતી વાત : ગરાસિયા, રજપૂત, આહીર વગેરે તેર વર્ણો કાંસાની એક જ તાંસળીમાં રોટીવ્યવહાર કરી શકે તે.

ભાલાને માથે દેવચકલી આંટા મારે : યુદ્ધમાં જો શૂરવીરનો વિજય થવાનો હોય તો તેની મંગળ સાક્ષીરૂપે એ વીરના ભાલાની અણી પર એ વીરની કુળદેવી કાળીદેવ (દેવચકલી) પંખીના રૂપમાં આવીને બેસતી એવી લોકમાન્યતા છે.

ભાંગ્યા દળના ભેળવણ : હારેલા લશ્કરને ફરી લડાઈ માટે પ્રેરનાર

Website: http://www.allimagetool.com



ભીંત ભૂલવી : મોટી ભૂલ કરી નાખવી

ભીંસ કરવી : દબાણ કરવું

ભુક્કા નીકળવા : ચૂરા થવા

ભૂતનાથના ભૈરવ જેવો : શંકરના ગણ જેવો

ભૂંડી થઈ : આફત આવી

ભેળવી દેવું : ચોરીથી ખેતરનો પાક ઢોરને ચરાવી દેવો

ભેંસ્યું જે ઘડીએ માંદણામાં પડે તે ઘડી દેડકાં બિચારાં ઓવાળે ચડે : મોટા લડે એની હડફેટે નાના નિર્દોષ ફેંકાઈ જાય (ભેંસ પાણીમાં પડે ત્યારે દેડકાં કાંઠે ફેંકાઈ જાય એ રીતે)

મલક છતરાયો : દુનિયા જાણે તેમ, ખુલ્લંખુલ્લાં

મસાણમાં સોડ તાણવી : મૃત્યુ પામવું

મહારાજ મેર બેસે : સૂર્યાસ્ત (સૂર્ય મહારાજ અસ્ત થાય છે ત્યારે મેરુ પર્વતની પાછળ બેસી જાય છે, એવી લોકકલ્પના પરથી)

માણસ જાડું હોવું : ઘણા માણસ સાથે હોવા

માણું માણું મૂલ મળશે : લાણી કરનારને મજૂરીમાં જે પાકની લાણી થતી હોય તેના એક માણું (નવ શેર)ના માપે દાણા મળે છે, એના ઉપરથી.

માથા વગરનો ખવીસ : લોકમાન્યતા પ્રમાણે ખવીસ ખૂંધો હોય, ડાકણને વાંસો ન હોય, ભૂતને પડછાયો ન હોય

માથાબોળ નાહવું : માથું ભીંજવીને નાહવું

માથામાં ખુમારી રાખીને : મગજમાં ગુમાન રાખીને

માથું દેહ પર ડગમગવું : મૃત્યુ નજીક હોવું

માથે પાણી નાખવું : ધીંગાણે ઘવાયેલ કે ભયંકર માંદગીમાંથી માણસ સાજો થાય ત્યારે અપાતું હર્ષનું જમણ

માથે માથું ન રહેવું : ધડ-માથું જુદાં થવાં, જીવતા ન રહેવું.

મારા હાથ ક્યાં અમથા અમથા ખાજવે છે ? : મારે ક્યાં નકામી લડાઈ વહોરી લેવાનું મન છે ?

મારે ને જમને વાદ થાય છે : નજીક આવેલા મૃત્યુને ઠેલી રહ્યો છું

માલ વાળવો : ઢોર લૂંટી જવાં

Website: http://www.allimagetool.com



માવતરમાં કાંઈક ફેર પડયો હશે : માબાપના ચારિત્ર્યમાં કંઈક ખામી હશે
માંડી દેવી : (જમીન) થાલમાં મૂકવી
મીઠાં વાવવાં : ખેદાનમેદાન કરવું
મૂછે તાવ દઈ : મૂછ મરડીને, પોતે બહાદુર છે એની જાહેરાત કરવી.
મોજના તોરા છૂટવા : હર્ષાવેશમાં બક્ષિસો કરવાની ઇચ્છા થવી
મોઢા પર મશ ઢળવી : શરમિંદા બનવું
મોઢું કાઢવું : અણી બહાર નીકળવી, કુંભસ્થળ ભેદાઈ જવું
મોઢે થવું : રૂબરૂ મળવું
મોઢે લોટ ઊડતો આવવો : (અત્યંત જોશભેર દોડયા જતા માણસને મોંએથી જે ધસારાબંધ શ્વાસ નીકળે છે, તે જાણે કે લોટ ઊડતો હોય, એ પરથી) જોશભેર દોડયા જવું
મોણ ઘાલવું : અતિશયોક્તિના રંગ પૂરવા
મોળપ કહેવાવા ન દેવી : હીણું દેખાવા ન દેવું
મોં ભરાઈ જવું : સંતોષ થઈ જવો
મોં વાળવું : મોઢું ઢાંકીને રડવું
રજપૂતી આંટો લઈ ગઈ છે : રજપૂતાઈનો ધર્મ બરોબર પાળે છે
'રા' રખતી વાત કરજે' : જે કર તે, પણ રા' નવઘણને રાખીને કરજે (રખતી : રાખીને)
રાત ભાંગવી : અરધી રાત પછીનો સમય
રાતે પાણીએ રોવા લાગી : અંતર વલોવતી વેદનાપૂર્વક રડવા લાગી
રાબછાશે ડાહી : રસોઈ કરવામાં નિપુણ
રાંગ વાળવી : ઘોડા ઉપર ચડવું
રુંઝયું રડયે : સાંજે અંધકારની શરૂઆતની વેળા, ઝાલરટાણું
રૂંવાડું ધગવું : ઉશ્કેરાવું, ચાનક ચડવી
રૂંવાડું પારખવું : સ્પર્શમાત્રથી ઇચ્છા સમજી જવી
રૂંવાડે રૂંવાડે કુળનું નામ લખાઈ જવું : રોમરોમમાં કુળનું બોહો ફરકવું
રૂંવાડે રૂંવાડે જુવાની : રોમરોમમાં જુવાનીનો તરવરાટ

Website: http://www.allimagetool.com



રોળાઈ-ટોળાઈ જવું : વાતની ગંભીરતા ઉડાડી નાખવી
લબાચા વીંખવા : માલસામાન વેરવિખેર કરીને આબરૂ લેવી
લાખ વાતેય : ગમે તેટલે ભોગે
લાડ ઉતારવાં : ખુવાર કરવો
લાપસીનાં આંધણ મુકાવાં : શુભ પ્રસંગની ઉજવણી થવી. (આણું, વેવિશાળ કે લગ્નના જમણમાં લાપસીનું ખરચ-જમણ થાય ત્યારે આ પ્રસંગમાં આવેલા મહેમાનોએ સમજી જવાનું કે હવે 'શીખ'મળી ગઈ : 'શીખ' એ વિદાયનું પ્રતીક છે.)
લાંબે ગામતરે : લાંબા સમય માટે બહારગામ જવું તે
લીલો કંચન જેવો : અત્યંત લીલો એટલે ઊંચી જાતનો (બાજરો)
લૂગડે બાંધી બાંધીને પાણી લાવવું : કપડું પાણીમાં બોળી નિચોવી લઈને પાણી ભેગું કરવું
લોઢે મોત : લડતાં લડતાં તલવારથી મૃત્યુ, સામે મોઢે મૃત્યુ
લોહી છાંટવું : પોતાનાં અંગ કાપી આપવાં, ત્રાગાં કરવાં
લોહી-માંસ વસૂલ કરત : પૂરેપૂરો બદલો લેત
લાંચ ખવરાવવી : ઘોડાને બાજુ ઉપર વાળવો
વટક વળવું : બદલો લેવાઈ જવો, હિસાબ પતી જવો
વડચે વાદ : સરખી શક્તિવાળા માણસની સાથે જ વિવાદ શોભે
વડાને વકાર ન શોભે : મોટાને અભિમાન ન શોભે
વહાલમાં વેર કરાવવું : સ્નેહીઓમાં વિખવાદ કરાવવો
વહેતી મૂકવી : દોડાવવી
વહ્યાં રિયાં : ફરી રહ્યાં
વાટકીનું શિરામણ : ગજા પ્રમાણેની સંપત્તિ
વાડે કરવું (હથિયાર) : મ્યાન કરવું
વાઢે તોય લોહી ન નીકળે : ભય કે શરમથી માણસના અંગમાંથી જાણે લોહી ઊડી જાય અને કાપવાથી લોહી ન નીકળે તેવું
વાતને પી ગયા : વાતને મનમાં જ રાખી
વિલાયતનાં ઝાડવાં છેટાં થઈ પડશે : વતન નહીં પહોંચો
વીંધાઈને નવરાતના ગરબા બની જવું : એટલી બધી ગોળીઓ વાગવી

Website: http://www.allimagetool.com

કે ગરબામાં જેટલાં છિદ્ર હોય છે, તેટલાં દેહમાં પડી જાય

(ઘામાં) વેતરાઈ જવું : ખૂબ જખમી થવું

શિખામણ ન માગે : જીવતો ન રહે

શોકચપણું ન પાલવે : અંતરાય ન જોઈએ

સત સરાણે ચડયાં : સત્ય કસોટીએ ચડયું

(સુદામડા તો) સમે માથે : સહુને સરખે ભાગે

સરખાં વદે : સમોવડિયા ગણાય

સવા ગજ પનાના કાંસાના થાળ : લગભગ બે ફૂટ વ્યાસના પંચ-
ધાતુના અને કાંઠાને અંદરના ભાગે વાળેલા ખૂમચા

સવાશેર માટી : સંતાન (ગર્ભનું માંસ અલ્પ હોવાથી 'સવાશેર'
શબ્દ વપરાયો છે.)

સળાવા કરવા : ઝબકારો કરી અહીંથી ત્યાં નીકળવું

સંસાર વાસવો : ઘર માંડવું

સાવજને સાંકળીને પાંજરે નાખવો : બહાદુર પુરુષને બંધનમાં રાખવો

સાંકળના ત્રણ-ત્રણ કટકા : મોર ટહુકે ત્યારે તેની ડોકના ત્રણ વળાંક
થાય તે.

સાંઠિયું સૂડે : કપાસ પાકી જતાં સુકાઈ ગયેલા છોડ–સાંઠીને
ખોદવી તે

સૂડ કાઢવું : જડમૂળથી ખોદી કાઢવું

સૂડવું : જડમૂળથી ખોદી કાઢવું

સો સો ધમસાણોમાં ઘૂમેલી : અનેક લડાઈઓમાં ગયેલી

સોગ ભાંગવો : મરેલા સ્વજનનો શોક ત્યજવાની ક્રિયા. એ થયા
બાદ સારાં વસ્ત્ર–મિષ્ટાન્નનો પ્રતિબંધ પૂરો થાય.

સોનાની કુંડળ્યે ભાલો : ધાર નીચેની લાકડીમાં સોનાની ચાળ
કુંડળીઓ જડેલી હોય તેવો ભાલો

સોનાની વીંટી જેવા : નાના પણ કીમતી

સોમલ ઘોળવું : ઝેર વાટીને પીવું, આત્મઘાત કરવો

હમચી ખૂંદવી : (લોડાં) ડાબલા પછાડે એ

હલાલ કરવું : માંસ ખાવા માટે જીવતા પ્રાણીને મારવું

Website: http://www.allimagetool.com



હાથ તો જોયા ને ?: હાથની શક્તિ જોઈ ને ?
હાથની કળાયું : હાથના પહોંચાથી કોણી સુધીનો ભાગ
હાથમાંથી તીર છૂટી જવું : બાજી હાથથી જવી
હાથેપગે નાગફણિયું જડવી : ખીલાથી હાથપગ જડવા
હિસાબ ચોખ્ખો કરવો : લેણુદેણુ પૂરી કરવી
હે તોહેં ઘોડા લઉ જાય : તને ઘોડો ઉપાડી જાય ( જાતવાનને ગાળ )
હેતનો કટકો : જેના પ્રત્યે અત્યંત પ્રેમ હોય તે
હેમાળો ગાળવો : આવતે જન્મે મનવાંછિત ફળ ફળે એવી પ્રાચીન માન્યતાથી હિમાલયના બરફમાં જઈ દેહને પિગાળી નાખવો.
હૈયામાં લખી લેવું : યાદ રાખી લેવું
હૈયું જોવું : હૃદયની ઉદારતા જોવી

Website: http://www.allimagetool.com

# પરિશિષ્ટ ૨

## કાઠી અને ચારણી ભાષાની ખાસિયતો

### ૧. નામો :

(ક) કાઠી લોકોની ભાષામાં નાન્યતર જાતિ નથી; જુઓ :

કુલેકું : કુલેકો
ધીંગાણું : ધીંગાણો
પૂંછડું : પૂંછડો

(ખ) સર્વનામની માફક નામોમાં પણ બીજી વિભક્તિનો પ્રત્યય 'ને' નહિ, પણ 'હી' છે :

ગરીબને : ગરીબહી

### ૨. સર્વનામ :

| મૂળ ગુજરાતી શબ્દ | કાઠી-પ્રયોગ | ચારણી-પ્રયોગ |
|---|---|---|
| હું | હું | મું |
| મને | મોહે | મુંહે |
| મારો | માળો | મોળો |
| અમારો | અમાણો | અમણો |
| તને | તોંહે | તુંહે |
| તમને | તમુંહે | તમુંહે |
| તારો | તાળો | તોળો |
| તમારો | તમાણો | તમણો |
| તેને | ત્યાંહીં | ત્યાંહે |
| એને | યાને | યાહે |
| એની | યાની | યાની |
| કોણ | કમણ | કમણ |
| કોણે | કમણે | કમણે |
| કોનો | કમણાનો | કમણો |

Website: http://www.allimagetool.com



| | | |
|---|---|---|
| શું | કાણું | કીં |
| શાનો | કાણાનો | કેવાનો |

## ૩. ક્રિયાપદો :

(ક) ખાસ પ્રયોગો :

| ગુજરાતી | કાઠી | ચારણી |
|---|---|---|
| આવ્યો | આદો | ઇદો, ઇયો |
| આવી | આદી | ઇદી |
| ગયો | ગો | ગો |
| દીધા | દીના | દીના |
| હતો | હુતો | હુતો |
| નથી | નથ, નસે | નસેં |

(ખ) વર્તમાનકાળનો પ્રત્યય 'છું' નહિ, પણ 'સાં' છે :

જાણું છું : જાણતો સાં

લઉં છું : લેતો સાં

(ગ) કૃદંતમાં આવો નિયમ છે :

| | | |
|---|---|---|
| આવીને | આવુંને | આવેંને |
| ટાંપીને | ટાંપુંને | ટાંપેને |
| લઈ આવ્ય | લઉ આવ્ય | લે આવ્ય |

## ૪. અવ્યયો :

| ગુજરાતી | કાઠી | ચારણી |
|---|---|---|
| અહીં | આસેં – ઈસેં | આસેં |
| ત્યાં | તીસેં | તીસેં |
| ક્યાં | કીસેં | કીસેં |
| શા માટે | કેવાને – કાણા સાટુ | કેવા સાટુ |

ભણેં : આ શબ્દ સામાન્ય વાતચીતમાં વારંવાર ખાસ કોઈ અર્થ વિના યોજાય છે; એનો અર્થ 'ભણવો – કહેવો' એ ઉપરથી 'હું કહું છું કે' એમ થતો હશે.

૨૮ અને મેર લોકોની ભાષા પણ આ ભાષાને મળતી જ લાગે છે.